MARKET 4U (OPC) PVT. LTD.

જંગ-એ-ગુજરાત

અખબાર

સુરત ઓફિસ

૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.

કોલ કરીને જ આવવું

મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી

● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । ગુરુવાર । તા. ૨૦-૦૨-૨૦૨૦ । વર્ષ : ૧૬ । પાના : ૧૦ + ૨

3 વર્કલોડની અસર છતાં ત્રણ વર્ષ સુધી ત્રણેય ફોર્મેટમાં રમવાનું ચાલુ રાખીશ : કોહલી

5 રાકેશ અસ્થાનાનો લાઇ ડિટેક્ટર ટેસ્ટ કેમ ન કરાવ્યો?: કોર્ટની સીબીઆઇને ફટકાર

7 લલિત વસોયાની વિવાદીત પોસ્ટ, વાયગ્રાનો ઉલ્લેખ કરી વિત્તમંત્રીની તુલના પીએમ સાથે કરી

10 રાંધણ ગેસ સિલિન્ડરનો ભાવ વધારો પાછો ખેચવા નર્મદા જિલ્લા મહિલા કોંગ્રેસનું આવેદન

MARKET4U (OPC) PVT. LTD.ની તમામ જિલ્લા- શહેર અને એરિયા માટે એજન્સી મેળવવા સંપર્ક કરો : 9978406257

જેણે ચૂકી જતા આ મોકો

MARKET4U (OPC) PVT LTD

ને સમગ્ર ગુજરાતના તમામ શહેરોમાં

CONNECTINDIANS

પ્લાન માટે

માત્ર રૂપિયા ૬૫૦/- ભરી જાહેરાત કરી શકે તેવા અને પોતાની મહેનત મુજબ આવક મેળવવા માગતા

૫૦૦૦થી વધુ ભાઇ- બહેનોની તાત્કાલિક જરૂર છે

આજે જ જોડાઓ અને

મોબાઈલ એન્ટી રેડીએશન ચીપ મફત મેળવો

(કુરિયર ચાર્જ ૧૦૦ રૂ. અલગથી ચૂકવવાનો રહેશે)



નિયત સમયમાં યોજના મુજબ કામ કરો અને જીતો

MARUTI ALTO





HONDA ACTIVA



BRANDED MIXER

ફ્રે ૨૫ ઓક્ટોબર વિજ્યાદશમી (દશેરો)

(શરતો લાગુ રહેશે)

9978406257

શુ આપ MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ કંપનીમાં માત્ર ૬૫૦/- ભરી કોઈ પણ ચીજવસ્તુ વેચ્યા વગર અન્ય મિત્રોને, કુટુંબીઓને કે કોઈપણ વ્યકિતને આપની જેમ જ ૬૫૦/- ભરાવી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવાનું સમજાવી તેને આપની સાથે જોડી શકો છો તો આપ અને જોડાયેલા તમામ અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સાથે જોડી ઓછા સમયમાં લાખો કમાઈ શકો છો ઉપરાંત MARKET4U (OPC) PVT. LTD.ની જાહેરાતની કોઈ પણ એક કેટેગરી વાપરી શકશો. (T.& C.Apply)

આજે જ વોટ્સ એપ નંબર ૯૯૭૮૪૦૬૨૫૭ પર આપનું નામ અને એડ્રેસ લખી મોકલો

MARKET 4U (OPC) PVT. LTD. ફ્રેન્ચાઈઝી નીમવાના છે

CEO MARKET4U (OPC) PVT. LTD., Dhananjay zaveri, Surat - Bharuch. 7575006850 www.connectindians.in

MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ.કંપનીને વિસ્તરણ માટે જિલ્લા અને તાલુકા દીઠ સુપર ફ્રેન્ચાઈસી (રોકાણ માત્ર ૫૫૦૦૦/- કે તેના ગુણાકમાં નફો ૧૫% ટર્નઓવરના) ફ્રેન્ચાઈસી (રોકાણ ૫૫૦૦/-કે તેના ગુણાકમાં નફો ૮% ટર્નઓવરના)

એજન્ટ : તમામ સ્થળે અને તમામ રાજ્યોમાં રોકાણ માત્ર રૂ.૬૫૦/- (T. @ C.apply)

ઓફીસ એડ્રેસ

સુરત

MARKET4U (OPC) PVT. LTD.
૧૩/૯૬ બેઠી કોલોની, એપલ હોસ્પિટલ પાસે રિલાયન્સ મોલ સામેની ગલીમાં, ઉધના દરવાજા, સુરત. ૭૫૭૫૦૦૬૮૪૭

ભરૂચ

MARKET4U (OPC) PVT. LTD.
બંગલા નંબર ૧૩, પ્રીતમ સોસાયટી વિભાગ ૧, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની ગલીમાં, કસક, ભરૂચ. ૯૯૭૮૪૦૬૨૫૭

થોડી મહેનતે આપ પણ બની શકો લાખોપતિ

જો આપ આટલું કરો તો જ

આપ જેની રાહ જોઈ રહ્યા હતા એ MARKET4U (OPC) PVT. LTD.નું નવું સાહસ WWW.CONNECTINDIANS.IN

MARKET4U (OPC) PVT. LTD.ના connectindians પ્લાન સાથે માત્ર રૂપિયા ૫૫૦/-ભરી જોડાઈ જાવ અને MARKET4U (OPC) PVT. LTD. વેબસાઈટની કોઈપણ એક કેટેગરી વાપરી કમાવ અઢળક આવક

(અલગ અલગ કેટેગરી માટે અલગથી જોઈનીંગ કરવાનું રહેશે.)

પોતાના સપના સાકાર કરવા આજે જ સંપર્ક કરો 9978406257

જો આપ આ માધ્યમથી કમાવા ઈચ્છો તો પણ સરળ છે માત્ર રૂપિયા ૬૫૦/- ભરી જોડાઈ જાવ અને આપના કુટુંબી કે પરિચિત મિત્રોને આપની આઈડીથી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો, આપની આવક શરૂ. જેમાંથી MARKET4U (OPC) PVT. LTD. કંપની આપની આવકમાંથી TDS બાદ કરી વધેલી રકમ આપના બેંકખાતામાં NEFTથી જમા કરશે. તો રાહ શેની માત્ર ૬૫૦/- ભરો અને અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સમજાવી જોડતા જાવ અને બનો ટૂંકા સમયમાં માત્ર ૬૫૦/-માં લાખોના માલીક

વેબ સાઇટ જુઓ • www.connectindians.in

ગેરેન્ટેડ ગિફ્ટ મોબાઈલ એન્ટી રેડિયેશન ચિપ

CONNECT INDIANS : MLM Plan Rs.650

INCOME ILLUSTRATION OF 1 X 10 DOWNLINES

DOWNLINE LEVEL	No. OF DOWNLINE	INCOME IN RS.	TOTAL AMOUNT IN RS.	5% TDS DEDUCTION	TOTAL AMOUNT AFTER TDS
1	10	100	1000	50	950
2	100	75	7500	375	7125
3	1000	50	50000	2500	47500
4	10000	25	250000	12500	237500
5	100000	20	2000000	100000	1900000
6	1000000	15	15000000	750000	14250000
7	10000000	10	100000000	5000000	95000000
8	100000000	5	500000000	25000000	475000000
TOTAL EARNING :					586443075

Note : This illustration is based on assumption that every Member makes 10 Downlines

લેવલ ઈન્કમ મેળવવા પહેલા લેવલમાં નીચે મુજબ જોઈનિંગ હોવું જોઈએ

૨ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૪
૩ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૮
૪ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૦
૫ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૫
૬ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૦
૭ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૫
૮ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૩૦

નોંધ :- ★ તમામ ઇનસેન્ટિવ એક વખત જ મળશે અને સેલ્સ ટારગેટ એક વર્ષના રહેશે.

★ કોઈ પણ રકમમાં ૫% ટીડીએસ કપાશે જ.

આ પ્લેટફોર્મ પર નીચે મુજબના એવોર્ડ મળશે

★ ડાયરેક્ટર: જોડાયાના એક મહિનામાં ૩૦ જોઇનિંગ લાવે તો ૧ વર્ષ માટે બને પ્રેસ પ્રતિનિધિ

★ સિલ્વર ડાયરેક્ટર: જોડાયાના ત્રણ મહિનામાં ડાયરેક્ટ ૧૦૦ જોઇનિંગ અને લેવલ ગ્રુપ ટોટલ ૧૦૦૦૦ થાય તો એકટીવા (શો રૂમ કિંમત) માસિક ૫૦૦/- પેટ્રોલ એલાઉન્સ, જોડાયાના એક વર્ષ સુધી

★ ગોલ્ડ ડાયરેક્ટર: જોડાયાના છ મહિનામાં ડાયરેક્ટ ૨૦૦ જોઇનીંગ અને ૧૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો અલ્ટો (શો રૂમ કિંમત) ત્યાર પછીના બાકીના મહિનામાં દર મહિને ૫૦૦૦/- પેટ્રોલ એલાઉન્સ.

★ પ્લેટિનમ ડાયરેક્ટર: જોડાયાના એક વર્ષમાં ૪૦૦ ડાયરેક્ટ જોઇનીંગ અને ૨૫૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો ૨૫૦૦૦૦ હાઉસ ફંડ વન ટાઈમ તથા ૫૦૦૦૦૦ પેંશન વન ટાઈમ

"યાદ રહે આ કોઈ ઇન્વેસ્ટમેન્ટ પ્લાન નથી, અન્યોને જોડશો તો જ કમાશો."

જોડાવા માટે અમારા ફોન પે, પેટીએમ, ગુગલ પે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫ માં રૂપિયા ૬૫૦/-અને જોઈનિંગ ગિફ્ટ મોબાઈલ એન્ટીરેડીએશન ચિપના કુરિયર ચાર્જ સાથે ટ્રાન્સફર કરો. ટ્રાન્ઝેક્શનનો ફોટો ૭૫૭૪૮૮૮૮૬૧ પર મોકલો તુરંત વધુમાં વધુ ત્રણ કલાકમાં આપના વોટ્સએપમાં જોઈનિંગ પીન આવી જશે. ત્યારબાદ www.connectindians.in વેબસાઈટ ખોલી મેનુમાં જઈ રજીસ્ટ્રેશન ખોલી સ્પોન્સર આઈડી 9999999 Dhananjay આવશે તેની નીચે તમામ વિગતો ભરી સબમિટ કરો અને આપ જોડાઈ ગયાનો મેસેજ આવશે જેમાં આપનો આઈ ડી પાસવર્ડ આવશે જે સાચવી રાખવો.

"અન્ય ને પણ આજ રીતે MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો. ફક્ત જેતે સમયે બાય ડિફોલ્ટ આવેલા મારા આઈડી ૯૯૯૯૯૯૯૯૯ ને ડીલીટ કરી આપનો આઈડી લખો ને ડિટેલ ભરી સબમિટ કરાવો

મિત્રો આટલી આવક સરળતાથી ક્યાંય નહિ મળે www.connectindians.in

જે વ્યક્તિનું ફોર્મ ભર્યું હશે એ આપની નીચે ડાઉન લાઈન બની ગયો, બસ આટલું કરી અન્યોને એજ શીખવો અને આપ મેળવશો લેવલ પ્રમાણે અઢળક કમાણી.

આજે જ ૯૮૨૫૩૧૮૨૨૫ ના પેટીએમ ફોનપે કે ગૂગલ પે માં માત્ર ૬૫૦/-ભરો જેમાં ગિફ્ટ નો કુરિયર ચાર્જ આવી ગયો તો આજે જ આપની આવકનો શુભારંભ કરો

વધુ વિગત માટે કોલ કરો :

CEO MARKET4U, DHANANJAY ZAVERI, 9978406257

(સમય સવારે ૧૦ થી ૬ વાગ્યા સુધી જ)

આદિવાસીઓના ખોટા પ્રમાણપત્ર મુદ્દે નીકળેલી રેલીમાં ચક્કાજામ કરાયો



તાપી

આદિવાસીઓના નામે ખોટા પ્રમાણપત્ર સાથે નોકરી મેળવવાનો મુદ્દે છેલ્લા ઘણા દિવસોથી આદિવાસીઓ દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવી રહ્યું છે. તાપી જિલ્લાના ડોલવણ ખાતે રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં જોડાયેલા આદિવાસીઓએ પોતાના હક્કનો દૂરુપયોગ કરનારા વિરૂધ્ધ સુત્રોચ્ચાર કર્યા હતાં. સાથે જ થોડા સમય માટે વાપી શામળાજીને જોડતાં હાઈને ચક્કાજામ કરવામાં આવ્યો હતો. બાદમાં પોલીસે મધ્યસ્થી કરીને રોડ ખુલ્લો કરાવ્યો હતો.

પૂર્વ સાંસદ, વ્યારાના ધારાસભ્ય, વાંસદાના ધારાસભ્યની આગેવાનીમાં રેલી યોજાઈ હતી. આદિવાસી સમાજના પ્રમાણપત્રોનું ખોટા લોકોને વહેંચણી કરી સાચા આદિવાસીઓને નુકશાન પહોંચાડનારા અને અન્યાય કરનારા સામે અવાજ ઉઠાવવા તથા ખોટા આદિવાસી પ્રમાણપત્રો રદ્દ કરવાની માંગણી સાથે આદિવાસી પંચ ડોલવણ દ્વારા મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યાં હતાં. ડોલવણ ચાર રસ્તાથી રેલી યોજી મામલતદારને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

રેલીમાં જોડાયેલા લોકોએ સરકાર વિરૂધ્ધ નારેબાજી કરી હતી. સાથે જ રેલીમાં જોડાયેલા આદિવાસી સમાજના લોકો દ્વારા બેનર કટઆઉટ દ્વારા સ્લોગન લખીને પોતાની માંગ બુલંદ કરવામાં આવી હતી.

સૂર્યા મરાઠી હત્યા પ્રકરણ

બે આરોપીઓને સાથે રાખીને ઘટનાનું રીકન્સ્ટ્રક્ષન કરાવાયુ

હુમલાખોરો જે જગ્યાએ એકત્ર થયા હતા તે સ્થળે પણ પોલીસે પંચનામું કર્યુ

સુરત

સૂર્યા મરાઠા હત્યા કેસમાં ઝડપાયેલા બે આરોપીઓને પોલીસે સાથે હાર્દિક સહિત ત્રણ આરોપીઓ સૂર્યા મરાઠીની હત્યા કરવા માટે એકત્ર થયા હતા. તે જગ્યાએથી સૂર્યાની ઓફિસ સુધી બનાવનું રીકન્સ્ટ્રક્ષન કરાવ્યું હતું. આ સાથે પોલીસે જગ્યાંનું પંચનામું પણ કર્યું હોવાનું ચોક પીઆઈ એ.એ. ચૌધરીએ જણાવ્યું હતું. જોકે હથિયારો અને લોહીવાળા કપડા પોલીસે કબજે કરવાના ચક્રોગતિમાન કર્યા હતા.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર ચોકબજાર પોલીસ મથકની હદમાં આવેલ વેડ વિસ્તારમાં આતંક મચાવનાર સૂર્યા મરાઠીની ગત દિવસોમાં હાર્દિખ પટેલ સહિત સાતેક ઈસમોએ ઘાતકી હત્યા કરી હતી. ચોક પોલીસે હત્યાનો ગુનો દાખલ કરી આ ગુનામાં સંકળાયેલા પહેલા બે અને પછી ચાર આરોપીઓની ધરપકડ કરી ૨૦મી ફેબ્રુઆરી સુધીના રિમાન્ડ મેળવ્યા હતા. આ ગુનામાં સંકળાયેલા આરોપી રાહુલ એપાર્ટમેન્ટ અને સતીષ ધાગડેને પોલીસે સાથે રાખી ડભોલી જહાંગીરપુરા બ્રીજ પાસે લઈ ગઈ હતી. આ જગ્યાએ હાર્દિક, સતીષ તથા રાહુલ સૂર્યા મરાઠીની હત્યાનું કાવતરુ કરવા માટે ભેગા થયા હતા અને ત્યાંથી તેઓ સૂર્યાની ઓફિસ પર કયા રસ્તે ગયા હતા. તેની વિગતો મેળવી જગ્યાનું પંચનામું પણ કર્યું હતું. અન્ય આરોપીઓ ૨૦મી ફેબ્રુઆરી સુધી રિમાન્ડ પર હોવાનું પીઆઈ એ.એ. ચૌધરીએ જણાવ્યું હતું.

કાપડનો વ્યવસાય કરતા ૭ શખ્શો જુગાર રમતા ઝડપાયા

સુરત

પાંડેસરા-બમરોલી રોડની તિરૂપતી સોસાયટીમાં દરોડા પાડી પોલીસે કાપડનો વ્યવસાય કરતા ૭ જણાને જુગાર રમતા રંગેહાથ ઝડપી પાડી તેમની પાસેથી રોકડા રૂા. ૫૧ હજારની મત્તા કબ્જે લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પાંડેસરાની તિરૂપતી સોસાયટીના પ્લોટ નં. ૨૭, ૨૮માં આવેલા કાપડના કારખાનાના ત્રીજા માળે પોલીસે બાતમીના આધારે દરોડા પાડ્યા હતા. જયાંથી કાપડ વ્યવસાય સાથે સંકળાયેલા જયેશભાઈ ચંદુભાઈ પટેલ (રહે. અંબિકાનગર, ડિંડોલી), હરેશભાઈ કાંતીલાલ પ્રજાપતી (રહે. જલારામનગર, પાંડેસરા), પરેશભાઈ મુળચંદભાઈ પટેલ (રહે. સુમન સેલ એપાર્ટમેન્ટ, ફાયર સ્ટેશનની બાજુમાં, અલથાણ), મહેશભાઈ બાલુભાઈ પટેલ (રહે. સર્વોદય નગર, પાંડેસરા), સુનીલભાઈ બાબુભાઈ પટેલ (રહે. સાંઈબાબા સોસાયટી, પિયુષ પોઈન્ટ, પાંડેસરા), હિતેન્દ્ર ચેલાભાઈ પટેલ (રહે. જલારામ ઈન્ડ્રસ્ટ્રીયલ, દક્ષેશ્વરનગર પાસે, પાંડેસરા) અને લોકેશ પ્રકાશ પટેલ (રહે. ગોપાલનગર, પિયુષ પોઈન્ટ, પાંડેસરા) ને જુગાર રમતા રંગેહાથ ઝડપી પાડી તેમની પાસેથી જુગારની રમતના અને અંગ જડતીના મળી કુલ રૂા. ૫૧,૭૫૦ની મત્તા કબ્જે લીધી હતી. પોલીસે તમામ વિરૂધ્ધ જુગારધારા હેઠળ ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

કોરિયોગ્રાફર મેહુલ મહેતા દ્વારા સુરતમાં ડાન્સ ઝોન શરૂ કરાયો

સુરત

સુરતની કલાપ્રેમી જનતાને હવે સુરતના ઘર આંગણે જ બોલિવુડ ઉપરાંત બીજી અનેક સ્ટાઈલના ડાન્સ ફર્મ શીખી શકાશે. કારણ કે હવે પ્રખ્યાત કોરિયોગ્રાફર, પરફોર્મર, એક્ટર અને ડાન્સ ગુરૂ એવા મેહુલ મેહતાએ તેમનો એમ.એમ. ડાન્સ ઝોન સુરત શહેરમાં શરૂ કરી ચૂક્યા છે. મેહલુ મેહતા વર્ષ ૨૦૧૯માં કલર્સ ચેનલ પર આવતા શો ડાન્સ દીવાને ૨૦૧૯ના થર્ડ જનરેશન વિનર થયા હતા. શોના જજ માધુરી દીક્ષિત, શશાંકે ખેતાન, તુષાર કાલીયા રહી ચૂક્યા છે. મેહુલ મહેતા તેમનાની ડાન્સ ફર્મ હીપ હોપ, બોલિવુડ, પોપિંગ લોકીંગ, ફંક, ફ્રી સ્ટાઈળ, જાઈવ, સાલસા ઉપરાંત કોરિયોગ્રાફીના અનેક ગુણો હોવાથી સુરતની જનતાને શીખવાડશે. મેહુલ મહેતા બોલિવુડના પ્રખ્યાત સુપરસ્ટારો પૈકી આમિરખાન, કંગના રણોત, લારા દત્તા, ગૌરવ અરોરા, રંગેશ્વરી, આરતી છાબરિયા, ભાગ્યશ્રી, અભિમન્યુ, જેકી ભગનાની, ગિરીશ ધારણીના ડાન્સને કોરિયોગ્રાફ કરી ચૂક્યા ચે અને બીજા અનેક કોરિયોગ્રાફર સાથે પણ કામ કરી ચૂક્યા છે. આ ઉપરાંત કલર્સ ચેનલના ડાન્સ દીવાને શોમાં માધુરી દીક્ષિત, જુહી ચાવલા, તનિષા મુખર્જી, સની લીયોની સાથે લીડ કરી ડાન્સ પર્ફોમન્સ આપી ચૂક્યા છે.

રિક્ષા યાત્રીના ખિસ્સામાંથી રોકડા રૂા.૬૦ હજાર ચોરાયા

મહિલા સહિતના ત્રણ મુસાફરોએ ચોરી કરી

સુરત

રેલવે સ્ટેશન સબરસ હોટલ પાસેથી રિક્ષામાં બેસી ઘર તરફ જઈ રહેલા એક વેપારીને આગળ પાછળ બેસવાનું કહીને નજર ચૂકવી પાકીટમાંથી રોકડા રૂા.૬૦ હજાર, એટીએમ કાર્ડ, આધારકાર્ડ તથા ડ્રાઈવિંગ લાયસન્સની ચોરી કરી એક મહિલા સહિત ત્રણ અજાણ્યા ઈસમો ફરાર થઈ ગયા હોવાનો બનાવ મહિધરપુરા પોલીસ મથકમાં નોંધાયો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર અડાજણ નક્ષત્ર એમ્બેસી ખાતે ભરતભાઈ આસનદાસ સાનૈયા રહે છે. તેઓ છુટક વેપાર કરે છે. ગતરોજ સાંજના સુમારે તેનો સબરસ હોટલ પાસેથી એક ઓટોરિક્ષામાં બેસી પોતાના ઘર તરફ જતા હતા. ત્યારે અંદર બેસેલા અજાણ્યા ત્રણ ઈસમોએ તેમને આગળ પાછળ બેસવાનું કહીને નજર ચૂકવી ગજવામાંથી રૂા.૬૦ હજાર રોકડાની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. મહિધરપુરા પોલીસ મથકમાં વેપારીને ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

અંડર-૧૮ વિમેન્સ ગુજરાત ટીમમાં સુરતની નિકીતા ભુવાની પસંદગી

કૃષ્ણા પટેલ, સાજવી પટેલ અને ભવ્યા પટેલને ટીમમાં સ્થાન

સુરત

ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડના નેજા હેઠળ અને સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન દ્વારા યોજાયેલ એલીટ ગ્રુપ સીની વનડે ક્રિકેટ સ્પર્ધા રાજકોટ ખાતે રમાશે. જેમાં ગુજરાત ઉપરાંત તામિલનાડુ, વિદર્ભ, છત્તીસગઢ, સૌરાષ્ટ્ર, ઉત્તરાખંડ, કર્ણાટક તથા ત્રિપુરા ભાગ લેશે. સંઘર્ષપૂર્ણ પુરવાર થનારી આ સ્પર્ધામાં ગુજરાતની ટીમ વિરલ સોલંકી પોરબંદરના નેતૃત્વમાં ભાગ લઈ રહી છે. સુરત માટે ગૌરવ લેવા જેવી બાબત એ છે કે અઠવાલાઈન્સ ખાતેની શેઠ પી.ટી. મહિલા કોલેજ વનિતા વિશ્રામની વિકેટ કીપર તથા બેટર નિકીતા ભુવાની પણ ગુજરાતની ટીમમાં પસંદગી કરવામાં આવી છે. જેણે સતત સુંદર દેખાવ કરીને નવી આશા જગાવી છે. આ ઉપરાંત વનિતા વિશ્રામની જ જમણેરી ઓલરાઉન્ડર કૃષ્ણા પટેલ તેમજ સુરતની સાજવી પટેલ અને ભવ્યા પટેલને પણ ગુજરાતની ટીમમાં સ્થાન મળ્યું છે.

આહવા પોલીસ પરેડ ગ્રાઉન્ડ પર ગ્રામીણ ઓલિમ્પિકસ યોજાશે

આહવા

જિલ્લા રમત ગમત અધિકારીશ્રી આહવા ડાંગ દ્વારા ચાલુ વર્ષ ૨૦૨૦ માં આહવા ખાતે ડાંગ દરબારના માહોલમાં ૨૮/૨૯/૦૨/૨૦૨૦ દરમિયાન અગિયારમાં ગ્રામિણ ઓલમ્પિક્સનું આયોજન કરવામાં આવેલ છે. આ ગ્રામિણ ઓલમ્પિક્સ ડાંગ દરબારના મેળા ના દિવસો પહેલાં પોલીસ પરેડ ગ્રાઉન્ડ આહવા ખાતે યોજવામાં આવનાર છે. જેમાં ભાઈઓ ૮૦ મી.દોડ, લાંબીકુદ, ગોળાફેંક, ઉંચીકૂદ, લાંબીદોડ,(પર્વતીયાળ વિસ્તાર) કબડ્ડી, ખો/ખો, ગિલ્લોલ જેવી પરંપરાગત રમતોનો પણ સમાવેશ કરવામાં આવેલ છે. ગ્રામિણ ઓલમ્પિક્સમાં ભાગ લેવા ઈચ્છતી જિલ્લાની ટીમોની તેમજ ઈચ્છુક રમતવીરોની એન્ટ્રીઓ જિલ્લા રમત ગમત અધિકારીશ્રી ની કચેરી આશ્રમ રોડ, ડાંગક્લબ આહવા જિ.ડાંગ ૩૯૪૩૧૦ (ફોન ૦૨૬૩૧૨૨૧૩૭૫) ને તા.૨૫/૦૨/૨૦૨૦ સુધીમાં સમયસર મળી જાય તે રીતે મોકલી આપવાની રહશે. આ અંગેના એન્ટ્રી ફોર્મ જે તે જિલ્લાના રમત ગમત અધિકારીશ્રીની કચેરી ખાતેથી મેળવી લેવા વિનંતી છે. અને સ્પર્ધા સ્થળે એન્ટ્રી સ્વીકારવામાં આવશે નહિ જેની ખાસ નોંધ લેવા જિલ્લા રમતગમત અધિકારીશ્રી,આહવા-ડાંગ દ્વારા જણાવાયું છે.

એચડીએફસી બેંકે ૨૫ વર્ષ પૂર્ણ કરતા ૨૫ લાખ વૃક્ષો રોપાશે

૨૫૦૦ વર્ગખંડોને ડીજીટાઈઝ કરવામાં આવશે

સુરત

૨૫ વર્ષ પૂરા થવાની ઉજવણી પ્રસંગે એચડીએફસી બેંક ૨૫ લાખ વૃક્ષોની વાવણી કરશે અને દેશની ૨૫૦૦ સરકારી શાળાઓના વર્ગખંડોના ડીજીટાઈઝ કરશે. આ કામગીરી ઈપરિવર્તન હેઠળ હાથ ધરવામાં આવશે અને આગામી બે વર્ષમાં પૂર્ણ કરવામાં આવશે.

પરિવર્તન એ બેંકની સામાજીક પરિવર્તનની મુખ્ય પ્રવૃત્તિ છે, જેમાં પર્યાવરણ, સામાજીક અને શાસનના ક્ષેત્ર (ઈઈજીય)ને આવરી લેવામાં આવે છે

મુંબઈમાં ડો. બાબાસાહેબ આંબેડકર સ્કૂલ ખાતે યોજાયેલા એક સમારંભમાં એચડીએફસી બેંકના એમડી, શ્રી આદિત્ય પૂરીએ ૨૫ લાખ રોપામાંથી જામફળના પ્રથમ છોડની વાવણી કરી હતી. શ્રી પૂરીએ આ શાળામાં એક ડીજીટલ ક્લાસરૂમનું પણ ઉદ્ઘાટન કર્યું હતું. બેંક દ્વારા ડીજીટાઈઝ કરવા માટે નક્કી કરાયેલી મુંબઈની ૧૫૦ શાળાઓમાંની આ એક શાળા છે.

શ્રી પુરીએ જણાવ્યું હતું કે "સ્વચ્છ પર્યાવરણ અને સ્માર્ટ કલાસરૂમનો કોઈ વિકલ્પ નથી. આપણું રાષ્ટ્ર વૈશ્વિક તાકાત બને તે માટે બંનેની અત્યંત આવશ્યકતા છે. અને આપણે તેને તે બનાવવા ઈચ્છીએ છીએ. અમે જ્યારે ૨૫ વર્ષ પૂર્ણ કરી રહ્યા છીએ ત્યારે અમારા પ્રિય દેશ માટેનું અમારો આ નાનકડો પગલું છે."

મુદ્દા રીપીટ નહીં કરવા તથા સચોટ રજૂઆત કરવા મેયર ડૉ. જગદીશ પટેલની ટકોર

ત્રીજા દિવસની ચર્ચાના આરંભે ગીતાબેન પટેલ, રમીલાબેન પટેલ, મમતાબેન સવાણી, સોનુ આંબાલિયા અને ગીતાબેન સોસા સભામાં લખેલા કાગળ વાંચી ગયા

સુરત

સુરત મહાનગરપાલિકા અને શિક્સણ સમિતિના બજેટને મંજૂરી માટેની સામાન્ય સભામાં બીજા દિવસે મોડે સુધી પણ ચર્ચા અધૂરી રહેતા આજે ત્રીજા દિવસે સવારે દસ કલાકે ફરી શરૂ થઈ હતી. સભાધ્યક્ષ મેયર ડૉ. જગદીશ પટેલે શરૂઆતમાં સભ્યોને જણાવ્યું હતું કે, સામાન્ય પણે ગુજરાત રાજ્યનું બજેટ વિધાનસભામાં ત્રીજા દિવસે મંજૂર થઈ જતું હોય છે. સુરત શહેર એક માત્ર મહાનગરપાલિકા છે તેના બજેટની ચર્ચા આજે ત્રીજા દિવસે મંજૂરીના અંજામ સુધી પહોંચે તેવી અપેક્ષા સાથે તમામ સભ્યોને ચર્ચામાં ભાગ લેવાની તક મળશે તેમ જણાવ્યું હતું. સભ્યોને એકને એક મુદ્દો રિપીટ ન થાય તેમ સચોટ રજૂઆત કરવાની સૂચના આપી હતી. સુરત મહાનગરપાલિકાને સ્પર્શતા ન હોય તેવા વિભાગો જેવા કે પોલીસ, રેલવે, એરપોર્ટ વગેરેનો ઉલ્લેખ ન કરવાની ટકોર પણ કરી હતી. ત્રીજા દિવસે મેરેથોન ચર્ચાની શરૂઆતમાં ગીતા પટેલ, રમીલા પટેલ, મમતા સવાણી, સોનુ આંબાલિયા, ગીતા સોસા, અનિલ ભોજે રજૂઆત કરી હતી.

મારા મતક્ષેત્રના એક પણ સૂચનનો બજેટમાં સમાવેશ કરાયો નથી : દિનેશ સાવલિયા

સુરત, તા.૧૯કોંગ્રેસના સદસ્ય દિનેશ સાવલિયાએ બજેટની ચર્ચામાં જણાવ્યું હતું કે મારા વિસ્તારના લોકોની રજૂઆતો અને માંગને ધ્યાને લઈ બજેટમાં સમાવેશ માટે કરેલ સૂચનો પૈકી એક પણ સૂચનનો સમાવેશ કરાયો નથી. મારા વિસ્તારના બે બ્રીજનો ભૂતકાળમાં સમાવેશ કરાયો છતાં પણ કાઢી નાંખવામાં આવ્યા છે. આ બજેટમાં પણ સમાવાયા નથી. મને લાગે છે આ વિસ્તારમાં ચોક્કસ પક્ષના સદસ્યો હોવાથી તેમના સૂચનોનો બજેટમાં સમાવેશ કરાતો નથી. ચાર આંગણવાડી તો ઝુંપડામાં ચાલે છે. ખાનગી મકાનમાં નિશુલ્ક ચાલતી આંગણવાડીના માલિકને ફાયર એનઓસી માટે હેરાન કરવામાં આવે છે. ૨૪ બાય ૭ પાણી પુરવઠો આપવાની યોજનામાં જરૂરી સુધારો કરાવો. મીનરલ વોટર સપ્લાય એજન્સી પર કાર્યવાહી કરો. પાલિકાના પ્લોટ પર કંપાઉન્ડ વોલ બનાવતી વખતે આરસીસીની તૈયાર વોલના ઉપયોગથી ખર્ચ ઘટશે અને ગુણવત્તા સુધરશે.

બજેટમાં વરાછા માટેના કેપીટલ ખર્ચમાં ૧૬ ટકાનો ઘટાડો કરાયો છે : ભાવેશ રબારી

કોંગ્રેસના ભાવેશ રબારીએ જણાવ્યું હતું કે છેલ્લા બે વર્ષથી સમિતિના વિદ્યાર્થીઓને સમાજ કલ્યાણ વિભાગ દ્વારા અપાતી શિષ્યવૃત્તિ ઘટી છે. ઉપશાસનાધિકારીની એક વર્ષ અગાઉ જાહેરાત કરતા ૨૦૦થી વધુ અરજી આવી છતાં પણ ભાજપ શાસકો પોતાના માનીતા ઉમેદવાર માટે ભરતી નથી કરતા તેઓ આક્ષેપ કોર્ય. વિદ્યાર્થીઓની ડોક્ટરી તપાસ અને વાલીઓ માટે અકસ્માત પોલીસી યોજના લાગુ કરી પરંતુ તેના અમલમાં વિલંબ થઈ રહ્યો છે. શારીરિક કેળવણી સાધનોની ખરીદી માટે અંદાજ મુકાય પરંતુ ખરીદી થતી નથી. શાળા સિક્યુરિટી ગાર્ડ માટે પહેલાં દર વર્ષે લાખમાં વધારો થતો હતો. છેલ્લા ત્રણ વર્ષથી કરોડોમાં વધારો થાય છે. સિક્યુરિટી કૌભાંડમાં મોટા પાયે ભ્રષ્ટાચાર દેખાય છે. સવારે શાળા શરૂ થતા પહેલા શિક્ષકોને દારૂની કોથળી ઉચકવાની ફરજ પડે છે. શાળામાં સીસીટીવી કેમેરા, સંગીતના સાધનો નથી, ઈ લાયબ્રેરી શરૂ થઈ નથી.

વરાછા માટે કેપીટલ ખર્ચ વધારવાના બદલે ૧૬ ટકા જેટલો ઘટાડી દેવામાં આવ્યો. રખડતા ઢોર રાત્રે રસ્તા ઉપર ઉંઘે છે તેથી રાત્રી ઢોર પાર્ટીની કામગીરી શરૂ કરો. માલધારી ગોપાલક ઝોન માટે નીતિ બનાવો, વરાછામાં રાત્રિ ફૂડ બજાર, ફુટ ઓવર બ્રીજ બનાવો. બજેટમાં કોંગ્રેસના કાર્યકર્તાઓની નહીં તો કોર્પોરેટરોની લાગણી માંગણીનો સમાવેશ કરો. ફાયર ચાર્જ, યુઝર ચાર્જમાં વધારો કર્યો. વાહનવેરો એક્સ શો રૂમ પ્રાઈઝના બદલે બેઝિક પ્રાઈઝ પર લો. ડિજીટલ પેમેન્ટનો પ્રોત્સાહન આપો વળતર આપો.

લાંચ રૂશ્વત વિરોધી ઝુંબેશ અંગે યુનિવર્સિટીમાં સેમિનાર યોજાયો

સુરત

જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ,જિલ્લા ન્યાયાલય સુરત અને લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો સુરતના સંયુક્ત ઉપક્રમે દક્ષિણ ગુજરાત યુનિ.ના એ.એસ.ડબ્લ્યું વિભાગ ખાતે બંધારણ દિવસ / કાનૂની માર્ગદર્શન અને લાંચ રૂશ્વત વિરોધી અભિયાન અંર્તગત સેમિનાર યોજાયો હતો.

આ પ્રસંગે લાંચ રૂશ્વતત બ્યુરો પોલીસ ઈન્સ્પેકટર શ્રી કે.જે ચૌધરી અને પોલીસ ઈન્સ્પેકટર શ્રી એસ.એન.દેસાઈએ કોઈ પણ સરકારી કચેરીઓમાં કામ કરવા માટે લાંચની માંગણી કરવામાં આવે તો નિર્ભિક બનીને ફરિયાદ કરવાનો અનુરોધ કર્યો હતો. ભ્રષ્ટાચારને અકુંશમાં રાખવા પ્રત્યેક યુવાઓએ જાગૃત બની તંદુરસ્ત રાષ્ટ્રનું નિર્માણ કરવા શ્રી ચૌધરીએ જણાવ્યું હતું. આ ઉપરાંત તેમણે કયાં ફરિયાદ કરવી, લાચ રૂશ્વત માટેની સજાની જોગવાઈઓ વિશે કોલેજના યુવાઓને વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળમાંથી પ્રદિપભાઈ શિરસાઠ, રીલેશભાઈ લિંબાચીયાએ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળમાંથી મળતી વિનામૂલ્યે સહાયની વિગતો પુરી પાડી હતી. સજીઉ વિભાગના એચ.ઓ.ડી ડો. મધુકરભાઈ ગાયકવાડ,ડો.રેખાબેન મિસ્ત્રી, ડો.બહાદુરસિંહ વસાવા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.



શ્રી Design
A Complete Printing Solution
Our Services
• Graphic Design • Book Work
• I Card (School & Commercial) • Brochure
• Stationary Printing • Pamphlet
• Calendar
All Type of Designing & Printing Work @ One Junction
93774 65170 • 70160 46096

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । ગુરુવાર । તા. ૨૦-૦૨-૨૦૨૦ । વર્ષ : ૧૬ ।

અમેરિકી રાષ્ટ્રપતિએ ભારત મુલાકાત પહેલાં ચિત્ર સ્પષ્ટ કર્યું

મોદી પ્રત્યે 'દિલ' પણ ભારત સાથે હમણાં 'નો ડિલ': ટ્રમ્પ

વડાપ્રધાન મોદી મારા સારા મિત્ર પરંતુ વેપારમાં ભારતનું અમારી સાથે વર્તન સારું નથીઃ ટ્રમ્પના મન કી વાત

વૉશિંગ્ટન

૨૪-૨૫ ફેબ્રુઆરીએ ભારતની પ્રથમ મુલાકાત પૂર્વે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત સરકારને આંચકો આપ્યો છે. એમણે કહ્યું છે કે તેઓ ભારત સાથે કોઈ મોટો દ્વિપક્ષી વ્યાપાર કરાર હમણાં નહીં કરે, પણ એને બચાવી રાખશે. આ વર્ષના નવેંબરમાં નિર્ધારિત યુએસ પ્રમુખપદની ચૂંટણી પહેલાં એ કરાર કરવામાં આવે એવું પોતાને લાગતું નથી.

ટ્રમ્પના આ નિવેદનથી સ્પષ્ટ થઈ ગયું છે કે એમની આગામી મુલાકાત વખતે ભારત-અમેરિકા વચ્ચે કોઈ મોટો દ્વિપક્ષી કરાર કરવામાં નહીં આવે. ગઈ કાલે બપોરે મેરીલેન્ડસ્થિત જોઈન્ટ બેઝ એન્ડ્રુઝ ખાતે પત્રકારો સાથેની વાતચીતમાં ટ્રમ્પે કહ્યું કે અમે ભારત સાથે મોટો વ્યાપાર કરાર ચોક્કસ કરીશું, પરંતુ એને હું પછીના સમય માટે સાચવી રાખવાનો છું.

ટ્રમ્પની મુલાકાત વખતે અમેરિકા અને ભારત કોઈ 'ટ્રેડ પેકેજ' પર સહીસિક્કા કરે એવી ધારણા તો રખાય છે. ભારત સાથે કોઈ મોટો વ્યાપાર સોદો કરવાનું તમે તમારી મુલાકાત પૂર્વે વિચારો છો ખરા? એવા સવાલના જવાબમાં ટ્રમ્પે કહ્યું કે, 'અમે ભારત સાથે ઘણો જ મોટો વ્યાપાર સોદો કરવાના છીએ. પરંતુ ચૂંટણી (પ્રમુખપદની ચૂંટણી) પહેલાં એ કરવામાં આવશે કે કેમ એની મને ખબર નથી. પરંતુ અમે ભારત સાથે મોટો સોદો કરવાના છીએ એ તો નક્કી છે.'

ટ્રમ્પ ૨૪-૨૫ ફેબ્રુઆરીએ ભારત આવશે જેના માટે વડાપ્રધાન મોદીએ તેમના આગતાસ્વાગતા માટે લાલ જાજમ બિછાવી છે પરંતુ ટ્રમ્પનું નિવેદન દેશ માટે ચોંકાવનારું



ભારત અને અમેરિકા વચ્ચેના સંબંધો વિશે ટ્રમ્પે અસંતોષ વ્યક્ત કર્યો હતો. એમણે કહ્યું કે, 'ભારતે અમેરિકા સાથે સારો વ્યવહાર કર્યો નથી.'

ટ્રમ્પે જોકે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની પ્રશંસા કરી હતી અને કહ્યું કે, 'મને વડા પ્રધાન મોદી સાથે ઘણું સારું બને છે. એમણે મને કહ્યું છે કે અમદાવાદના એરપોર્ટ અને ત્યાંના સ્ટેડિયમમાં નિર્ધારિત કાર્યક્રમ માટે અમને ૭૦ લાખ જેટલા લોકો આવકારવા માટે એકત્ર થશે. મને એવું જાણવા મળ્યું છે કે સ્ટેડિયમમાં હજી બાંધકામ ચાલુ છે. પરંતુ એ દુનિયાનું સૌથી મોટું સ્ટેડિયમ બનવાનું છે.

મારી મુલાકાત બહુ જ રોમાંચક બની રહેશેપ મને આશા છે કે તમને પણ આનંદ આવશે.'

ભારત સરકાર અમદાવાદ એરપોર્ટ પર ટ્રમ્પ અને એમના પત્ની ફર્સ્ટ લેડી મિલેનિયા ટ્રમ્પનું ભવ્ય રીતે સ્વાગત કરવાની છે. એ માટે હાલ જોરદાર તૈયારીઓ ચાલી રહી છે.

અત્રે નોંધનીય છે કે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને તેમના પત્ની ૨૪મી ફેબ્રુઆરીએ અમદાવાદની મુલાકાતે આવી રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી તમામ પ્રોટોકોલ તોડીને ખુદ અમદાવાદ એરપોર્ટ પર ટ્રમ્પને આવકારશે. ત્યારે તેઓ આગલા દિવસે એટલે કે ૨૩મી ફેબ્રુઆરીએ મોડી સાંજે ગુજરાત આવે તેવી શક્યતા છે.

કાયદા ખાતાની ચૂંટણી પંચ સાથે બેઠક યોજાઈ

મતદાતા કાર્ડને આધારકાર્ડ સાથે જોડવાની તૈયારીમાં મોદી સરકાર

ન્યુ દિલ્હી

નાગરિકતા અંગેનો નવો કાયદો, નાગરિકોનું રજિસ્ટર વગેરે વિવાદાસ્પદ પગલાં વચ્ચે મોદી સરકાર વધુ એક પગલું ભરવા જઈ રહી હતી.

મતદાતા કારને આધાર સાથે જોડવાના આ પગલાની વિચારણા શરૂ થઈ ચૂકી હતી. મંગળવારે કાયદા ખાતાના અધિકારીઓએ ચૂંટણી પંચના અધિકારીઓ સાથે બેઠક યોજાઈ હતી એમ એક સરકારી પ્રવક્તાએ કહ્યું હતું.

ચૂંટણી પંચના અધિકારીઓએ એવું સૂચન કર્યું હતું કે એક કરતાં વધુ બોગસ મતદાતા કાર્ડની સમસ્યા નિવારવા આ એક ઉપાય છે એટલે કાયદા ખાતાએ નિષ્ણાતોની સલાહ લઈને આ પગલું લેવાનું વિચાર્યું હતું.

ચૂંટણી પંચે એવું પણ સૂચન કર્યું હતું કે મતદાર બનવાની ઉંમર બાબતમાં દરેક નાગરિક પાસેથી એફિડેવિટ કરાવવી અને ઉંમરનો ખોટો પુરાવો આપીને મતદાર બનવાના પ્રયાસ કરનારને ગુનેગાર ગણીને એની સામે કાયદેસર કામ ચલાવવું જોઈએ.

કાયદા ખાતું ગૃહ પ્રધાન અમિત શાહ અને વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથે ચર્ચાવિચારણા કર્યા બાદ આ દિશામાં આગળ વધશે એવી જાણકારી પણ મળી હતી.

દેશદ્રોહ અને સામાન્ય હિંસાની વચ્ચે એક લાઈન ખેંચવાનો ઉદ્ધવનો પ્રયત્ન

મહારાષ્ટ્રમાં ઘમાસાણઃ દેશદ્રોહના મુદ્દે ઉદ્ધવ-શરદ પવાર આમને-સામને

રાજ્ય સરકાર એલ્ગાર પરિષદ કેસની સમાંતર તપાસ કરાવેઃ પવાર

મુંબઈ

મહારાષ્ટ્રમાં મહાવિકાસ અઘાડી સરકારનાં બે મોટા દળ શિવસેના-એનસીપીની વચ્ચે વિવાદ વધતો જઈ રહ્યો છે. આ વિવાદ એલ્ગાર પરિષદ અને ભીમા-કોરેગાંવની હિંસાની તપાસને લઈને છે. એક તરફ શિવસેના પ્રમુખ અને મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેએ એલ્ગાર પરિષદની તપાસ એનઆઈએને સોંપવાની મંજૂરી આપીને દેશદ્રોહ અને સામાન્ય હિંસાનાં મુદ્દે એક લાઈન ખેંચી છે, તો બીજી તરફ શરદ પવાર એ વાત પર અડગ છે કે આની તપાસ એસઆઈટીથી પણ સમાનાંતર રીતથી કરાવવામાં આવે.



એનસીપી અધ્યક્ષ શરદ પવારે એલ્ગાર પરિષદની તપાસ એનઆઈએથી કરાવવાનાં ઉદ્ધવનાં નિર્ણયની ટીકા કરી હતી. એનસીપીનાં મોટાભાગનાં નેતા પાર્ટી પ્રમુખ શરદ પવાર દ્વારા કરવામાં આવી રહેલી એસઆઈટી તપાસની માંગથી સહમત છે અને એ વાત પર નારાજ છે કે મુખ્યમંત્રીએ એનઆઈએ તપાસને મંજૂરી કેમ આપી. જો કે શરદ પવારે એનઆઈએ એક્ટની કલમ ૧૦નું કારણ ધરતા એ માંગ કરી કે એનઆઈએ તપાસ ઉપરાંત રાજ્ય સરકાર એલ્ગાર પરિષદ કેસની સમાંતર તપાસ કરાવે.

ઉલ્લેખનીય છે કે એલ્ગાર પરિષદની તપાસ એનઆઈએને સોંપવા અને ભીમા-કોરેગાંવ હિંસાની તપાસ એસઆઈટીથી કરાવવાનાં ઉદ્ધવનાં નિર્ણયની પાછળ એક ઊંડી રણનીતિ સ્પષ્ટ રીતે જોવા મળે છે. ઉદ્ધવ

અનુસંધાન પાના નં. ૫

ઓસ્ટ્રેલિયાના પૂર્વ વડાપ્રધાન ટોની અબોટેના ખુલાસાથી ખળભળાટ

મલેશિયાના વિમાન એમએચ-૩૭૦ને પાયલટે જાણી જોઈને ગાયબ કરી નાંખ્યુ હતુ

મેલબર્ન

ઓસ્ટ્રેલિયાના પૂર્વ વડાપ્રધાન ટોની અબોટે એક મલેશિયનાના ગુમ થયેલા મુસાફરો ભરેલા વિમાનને લઈને હચમચાવી નાખે તેવો દાવો કર્યો છે. તેમણે કહ્યું છે કે, મલેશિયાના વિમાન એમએચ-૩૭૦ વિમાનના પાઈલટે જાણી જોઈને તેને ગાયબ કરી નાખ્યું હતું. તેમણે દાવો કર્યો છે કે, કપ્તાન આત્મઘાતી હતો જેને



ફ્લાઈટમાં સવાર તમામ લોકોને મોતને ઘાટ ઉતારી દીધા હતાં.

જો કે ટોની અબોટે આ દાવાને સાબિત્ કરી શકે તેવા કોઈ જ પુરાવા રજુ કર્યા

અનુસંધાન પાના નં. ૫

હવે ખેડૂતો પોતાની મરજી પ્રમાણે પાક વીમો લઈ શકશે

ખેડૂતો માટે મોદી કેબિનેટનો નિર્ણયઃ પાક વિમો મરજિયાત

નોર્થ ઈસ્ટના ખેડૂતો માટે પાક વીમાનું ૯૦ ટકા પ્રીમિયમ સરકાર ભરશે,વ્યાજ સહાયતા યોજનામાં લાભને ૨ ટકાથી વધારીને ૨.૫ ટકા કરવાના પ્રસ્તાવને મંજૂરી,ડેરી ક્ષેત્રને પ્રોત્સાહિત કરવા માટે ૪૫૫૮ કરોડ રુ.ની યોજનાને મંજૂરી



ન્યુ દિલ્હી

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં થયેલી કેબિનેટ બેઠકમાં ખેડૂતોને મોટી ભેટ આપી છે. સરકારે પ્રધાનમંત્રી પાક વીમા યોજનાને હવે સ્વૈચ્છિક બનાવી દીધી છે. હવે કૃષિ ધિરાણ પર પાક વીમો લેવો ફરજિયાત નહીં. આ સિવાય નોર્થ ઈસ્ટના ખેડૂતો માટે પાક વીમાનું ૯૦ ટકા પ્રીમિયમ સરકાર આપશે. કેબિનેટે વ્યાજ સહાયતા યોજનામાં લાભને ૨ ટકાથી વધારીને ૨.૫ ટકા કરવાના પ્રસ્તાવને પણ મંજૂરી આપી દીધી છે. સરકારના આ નિર્ણયથી ૯૫ લાખ ડેરી ખેડૂતોને ફાયદો થશે. કેબિનેટની બેઠક પુરી થયા પછી કેન્દ્રીય મંત્રી પ્રકાશ જાવડેકરે અને કૃષિ મંત્રી નરેન્દ્ર સિંહ તોમરે પ્રેસ કોન્ફરન્સમાં આ જાણકારી આપી હતી.

પ્રેસ કોન્ફરન્સમાં કૃષિ મંત્રી નરેન્દ્ર સિંહ તોમરે કહ્યું હતું કે પ્રધાનમંત્રી દ્વારા શરુ કરવામાં આવેલી પાક વીમા યોજનાનો લાભ ૫.૫ કરોડ ખેડૂતોએ ઉઠાવ્યો છે. તેમણે કહ્યું હતું કે પ્રધાનમંત્રી પાક વીમા યોજનામાં કુલ ૧૩,૦૦૦ કરોડ રુપિયાનો વીમો થયો હતો. જેમાંથી ૭ હજાર કરોડ રુપિયા ક્લેમના રુપમાં આપવામાં આવ્યા છે. ખેડૂતો માટે હિતૈષી કાર્યક્રમ શરુ કરવામાં આવ્યા છે. મંત્રીમંડળે પાક વીમા યોજનામાં સંશોધનને મંજૂરી આપી છે. જેથી ખેડૂતો માટે સ્વૈચ્છિક બનાવવામાં આવ્યો છે. કૃષિ મંત્રીએ પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી પાક વીમા યોજના અંતર્ગત હાલ કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર પ્રીમિયમનું ૫૦-૫૦ ટકા યોગદાન આપે છે.

જોકે નોર્થ-ઈસ્ટના ખેડૂતો માટે સરકારે મોટું પગલું ભર્યું છે. અહીં પાક વીમા પ્રીમિયરમાં ૯૦ ટકા યોગદાન કેન્દ્ર અને ૧૦ ટકા રાજ્યનું રહેશે. આ સિવાય ૩ ટકા યોજનાની રકમ પ્રાશસનિક વ્યવસ્થા પર રહેશે.

સરકારે ડેરી ક્ષેત્રાને

અનુસંધાન પાના નં. ૫

MARKET 4U ફ્રેન્ચાઈઝી નિમવાના છે

MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) મૂડી રોકાણ કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા

ફ્રેન્ચાઈઝી

તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નિમવાના છે. ઈચ્છા ધરાવતી વ્યક્તિઓ સંપર્ક કરે.
(નફાનું ધોરણ ટર્ન ઓવરના ૪% રહેશે.કંપની જાહેરાત પોતે કરી આપશે.)

સ્કીમ : ફ્રેન્ચાઈઝી બની એક સાથે ૩૦ જોઈનિંગ પીન ખરીનાર પહેલા ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી વચ્ચે ડ્રો થશે જેમાં
પહેલું ઇનામ : રૂપિયા એક કરોડ (૧ વ્યક્તિ ને)
બીજું ઇનામ : રૂપિયા એક લાખ (૫ વ્યક્તિ ને)
ત્રીજું ઇનામ : રૂપિયા ૫૦ હજાર (૨૫ વ્યક્તિને) આપવામાં આવશે.

શરતો

૧. ડ્રો ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી પુરા થયે જ કરવામાં આવશે
૨. ડ્રો ની રકમ માંથી સરકારી TDS ૫% કાપવામાં આવશે.
૩. ડ્રો જાહેરમાં ફંકશન યોજી કોમ્પ્યુટરાઈઝડ સિસ્ટમ થી કરવામાં આવશે.
૪. ડ્રો ની રકમ ની ચુકવણી NEFT થીજ કરવામાં આવશે.
૫. ડ્રો નો એડમીન ચાર્જ ૨% ડ્રો ની રકમ માં થી અલગ થી કમાશે
૬. આ ડ્રો બાબતે કંપની લેખિત માં લખાણ કરી આપશે જે પિન ખરીદીના ૧૫ દિવસમાં ફ્રેન્ચાઈઝીના નોંધાયેલ એડ્રેસ પર આરપીએડી થી મોકલશે
૭. ફ્રેન્ચાઈઝી બનવા પહેલા મેમ્બર બનવું ફરજીયાત છે જે માટે નિયત રકમ એડવાન્સ ભરવાની રહેશે.
૮. પિન મેમ્બરના વોલેટમાં મળશે. જેના પર પીનદીઠ કમિશન રૂપિયા ૨૫ અલગ થી વોલેટમાં જમા થશે.
૯. મેમ્બર અથવા ફ્રેન્ચાઈઝી બનવા સંપર્ક કરો 9978406257
૧૦. ફ્રેન્ચાઈઝી પીન કંપની પાસેથી ખરીદી હશે તેજ વ્યક્તિ ડ્રોમાં ભાગીદાર ગણાશે. માટે ડ્રોમાં ભાગ લેનારે કંપની પાસેથીજ પીન ખરીદવી ફરજીયાત રહેશે.
૧૧. ફ્રેન્ચાઈઝી એક આઈડી પર એકજ વખત આ સ્કીમનો લાભ લઈ શકશે બીજી વાર લાભ લેવા અલગથી મેમ્બર બની ત્યારબાદ ૩૦ પિન સામટી લઈ લાભ લઈ શકાશે.

9978406257 Whats-App Time 10 am to 5 pm

તંત્રી સ્થાનેથી...

સરોગેસીનો ઉપયોગ

માતૃત્વ એક એવા સુખ તરીકે છે જેને દરેક મહિલા હાંસલ કરવા માટે ઈચ્છુક હોય છે. બાળકની ઈચ્છા માનવીમાં ખુબ જ સ્વાભાવિક છે. લગ્ન બાદ પતિ પત્નિ પરિવારને વિસ્તૃત કરવા માટે સપના જુએ છે. આ સામાન્ય બાબત પણ છે. પરંતુ કઈ રીતે પરિવારને વધારી દેવામાં આવે તેને લઈને હવે પ્રવાહ બદલાઈ રહ્યો છે. જો વિદેશની વાત છોડી દેવામાં આવે તો ભારત જેવા દેશમાં તો એ વખતે પરિવારના સભ્યોમાં ખુશીનુ મોજુ ફરી વળે છે જ્યારે તેમને આ સાભળવા મળે છે કે તેમના પરિવારમાં અન્ય મહેમાન આવનાર છે. દરેક મહિલાનુ સપનુ હોય છે કે નવ મહિના પેટમાં બાળકને રાખ્યા બાદ જન્મ આપે. પરંતુ આજકલ સ્થિતી બદલાઈ રહી છે. નવો ક્રેઝ જોવા મળે છે. સરોગેસીનુ ચલણ વધી રહ્યુ છે. જેના પર ચર્ચા થાય તે જરૂરી છે. રેડી ટુ ઈટના જમાનામાં બાળકો પણ રેડીમેડ મળવા લાગી ગયા છે. જે લોકો શારરિક રીતે અસક્ષમ હોય છે, બાળકોને જન્મ આપી શકતા નથી તે લોકો માટે સરોગેસી વિકલ્પ એક વરદાન તરીકે છે. આ વિકલ્પનો ઉપયોગ કરીને આવા દંપત્તિ બાળકના માતાપિતા બની શકે છે. પરંતુ આધુનિક સમયમાં સક્ષમ દંપત્તિ પણ આ વિકલ્પનો પયોગ પોતાની સુવિધા મુજબ કરે છે. સરોગેસી એક એવી વ્યવસ્થા છે જેમાં ભાડાના ગર્ભમાં આપના બાળકનો જન્મ થાય છે. મુળભૂતરીતે સરોગેસીની શોધ એવા લોકો માટે કરવામાં આવી હતી જે લોકો કોઈ કારણસર માતાપિતા બની શકતા નથી પરંતુ હવે સુવિધા મુજબ સક્ષમ લોકો પણ આનો ઉપયોગ કરી રહ્યા છે. જો પતિ અને પત્નિ બંને નોકરી કરે છે. પત્નિ નવ મહિના સુધી પોતાની કેરિયરમાં પાછળ રહેવા ઈચ્છુક હોતી નથી. જો કે એકલાપણાને દુર કરવા માટે બાળકની પણ ઈચ્છા રાખે છે. આવી સ્થિતીમાં સરોગેસી વિકલ્પનો ઉપયોગ કરી લેવામાં આવે છે. કેટલીક મહિલા તો પોતાની ફિટનેસ ખરાબ ન થાય તે માટે પણ સેરોગેસીની મદદ મેળવી લે છે. સામાન્ય રીતે જોવામાં આવે તો સેરોગેસી માટે એજ મહિલાઓ પોતાના ગર્ભને ભાડે આપે છે જેમને પૈસાની જરૂર હોય છે. પરંતુ આ પ્રકારની મહિલાને લઈને પણ ધ્યાન આપવામાં આવે છે. સેરોગેસીનો હવે દુરુપયોગ થવાની શરૂઆત થઈ ગઈ છે. આના પર કોઈનુ કોઈ નિયંત્રણ નથી. સરકાર અને કોઈ સંસ્થા તેના પર અંકુશ મુકી શકે તેમ નથી. હવે કાયગા બનાવીને તેના દુષણને પણ રોકવાની જરૂર છે. સેરોગેસીનુ મજાક થઈ રહ્યુ છે. આ મજાક અને દુષણને રોકવાની તાકીદની જરૂર છે. એવી મહિલાઓના આરોગ્યને લઈને પણ ચિંતા રહે છે જે પોતાના ગર્ભને ભાડા પર આપે છે. વધુને વધુ પૈસા કમાવવા માટે કેટલીક મહિલાઓ આ કામ કરે છે. વધુ પૈસા માટે વારંવાર બાળકને જન્મ આપે છે. આવી મહિલાઓ પોતાના માટે જાન જોખમમાં પણ મુકે છે. સાથે સાથે આવનાર બાળકના આરોગ્ય પર માઠી અસર પણ થઈ રહી છે. ખુબ ખતરનાક રીતે વધી રહેલા ચલણને રોકવાની જરૂર છે. આના માટે નિષ્ણાંત લોકોની સલાહ લઈને આગળ વધી શકાય છે. યોગ્ય વ્યક્તિ માટે જ આ વ્યવસ્થા ઉપયોગી બને તે ખુબ જરૂરી છે. આના માટે શરતો પણ હોવી જોઈએ.

સરોગેસીની શોધ ચોક્કસ ઉદ્દેશ્ય માટે થઈ હતી પણ હવે સુવિધા મુજબ ઉપયોગ જારી

માઈક્રો પ્લાસ્ટિકના કારણે ફેલાતા પ્રદુષણને નાથવા નવી તૈયારી કરાઈ

દરિયાઈ કાચબા નીતિ અમલી કરાશે

માઈક્રો પ્લાસ્ટિકના કારણે ઝડપથી ફેલાઈ રહેલા પ્રદુષણને નાથવા માટે દરિયાઈ કાચબા નીતિ (મરીન ટર્ટલ પોલીસી) અને દરિયાઈ સ્થાયી વ્યવસ્થાપનની નીતિ અમલી કરવામાં આવશે તેવી વડાપ્રધાન નરેન્દ્ર મોદીની હાલમાં જાહેરાત બાદથી આને લઈને સંબંધિત ક્ષેત્રોના નિષ્ણાંત લોકોમાં ભારે ચર્ચા જોવા મળી રહી છે. વડાપ્રધાને હાલમાં ગાંધીનગર ખાતે સ્થળાંતર કરતા વન્ય પ્રાણીઓના સંરક્ષણ પર ૧૩મી કોન્ફરન્સઓફ પાર્ટીનો વિડિયો કોન્ફરન્સ દ્વારા પ્રારંભ કરાયો હતો. જેમાં ઉપસ્થિત રહેલા તમામ મહાનુભાવો દ્વારા પણ વડાપ્રધાન બાદ તેમના અભિપ્રાય વ્યક્ત કરવામાં આવ્યા હતા. વડાપ્રધાન કહી ચુક્યા છે કે ભારત આ વર્ષમાં તેની દરિયાઈ કાચબા નીતિ અને દરિયાઈ સ્થાયી વ્યવસ્થાપન નીતિને અમલી કરશે. આના કારણે માઈક્રો પ્લાસ્ટિકના કારણે ફેલાતા પ્રદુષણને પણ રોકવામાં મદદ મળનાર છે. વડાપ્રધાન કહી ચુક્યા છે કે સિંગલ યુઝ પ્લાસ્ટિક પર્યાવરણના સંરક્ષણ માટે મોટા પડકાર તરીકે છે. ભારતે આવા પ્લાસ્ટિકનો વપરાશ ઘટાડી દેવા માટે મિશન શરૂ કર્યુ છે. ભારતમાં કેટલાક સંરક્ષિત વિસ્તારો પડોશી દેશોના સંરક્ષિત વિસ્તારો સાથે સહિયારી સરહદો ધરાવો છે. સરહદ પાર સંરક્ષિત વિસ્તાર સ્થાપિત કરીને વન્ય જીવોના સંરક્ષણમાં સહકાર કરવામાં આવે તો વધારે સારા પરિણામ હાંસલ થઈ શકે છે. સાતત્યપૂર્ણ વિકાસના માર્ગ પર આગળ વધીને ઈચ્છિત પરિણામ હાંસલ કરી શકાય છે. સૌનો સાથ, સૌનો વિકાસ અને સૌનો વિશ્વાસની લાગણી સાથે દેશના વન વિસ્તારોની આસપાસ રહેતા લોકોને હવે કેવી રીતે સંયુક્ત વનીકરણ વ્યવસ્થાપન સમિતિઓ અને ઈકો ડેવલપમેન્ટ સમિતિના રૂપમાં



દરિયાઈ સ્થાયી વ્યવસ્થાપન નીતિને પણ લાગુ કરવાની અંતિમ તૈયારી કરાઈ છે : વન્ય આવરણ વધારી દેવાને પ્રાથમિકતા મળનાર છે

એકત્રિત કરવામાં આવી રહ્યા છે. ભારત દુનિયામાં સૌથી વધુ જૈવ વૈવિધ્યતા ધરાવતા દેશોમાંથી એક છે. દુનિયામાં કુલ ભૂમિ વિસ્તારમાંથી ૨.૪ ટકા હિસ્સા સાથે ભારત વૈશ્વિક જૈવ વિવિધતામાં આશરે ૮ ટકા યોગદાન ધરાવે છે. હાલના વર્ષોમાં લેવામાં આવી રહેલા સારા પગલાના કારણે ભારતમાં નિર્ધારીત સમય કરતા પહેલા વાઘની સંખ્યા બમણી થઈ ચુકી છે. ભારત માઈક્રોપ્લાસ્ટીકના કારણે ફેલાતા પ્રદુષણને નાથવા માટે દરિયાઈ કાચબા નીતિ અને દરિયાઈ સ્થાઈ વ્યવસ્થાપન નીતિ અમલમાં લાવશે.મોદીએ કહ્યું હતું કે પ્રાચિન કાળથી વન્ય જીવોનું સંરક્ષણ અને આવાસ ભારતથી સાંસ્કૃતિક નીતિનો હિસ્સો રહ્યો છે જે કરુણતા ભાવ અને સહઅસ્તિત્વને પ્રોત્સાહન આપે છે. ગાંધીજીના વિચારોથી પ્રેરણા લઈ અહિંસા અને પ્રાણીઓ તેમજ પ્રકૃતિના સંરક્ષણની નીતિનો ભારતના બંધારણમાં યથાયોગ અમલ કરવામાં આવ્યો છે. ભારતમાં વન્ય આવરણમાં વધારો કરવાના પ્રયાસ વધારે ઝડપી રીતે હાથ ધરવાની જરૂરીયાત દેખાઈ રહી છે.હાલમાં દેશમાં કુલ ભૌગોલિક વિસ્તારમાંથી ૨૧.૬૭ ટકા વિસ્તારમાં વન્ય આવરણ છે. ભારત કેવી રીતે સંરક્ષણ અનુકુળ જીવન શૈલી અને હરિત વિકાસ મોડલ દ્વારા ક્લાઈમેટ એકશનને સમર્થન આપે છે તેનો પણ હાલની બેઠકમાં ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. ઈલેકટ્રિક વાહનો, સ્માર્ટ સિટી અને જળ સંરક્ષણ માટે આજ કારણે આગ્રહ કરવામાં આવે છે. ભારત કેટલાક એવા દેશોમાંથી એક છે જેની કામગીરી તાપમાનમાં બે ડિગ્રી સેલ્સીયસ ઓછી વૃદ્ધિના પેરિસ સમજૂતિના લક્ષ્યને અનુરૂપ છે. વડાપ્રધાન હાલમાં ચોક્કસ પ્રજાતિયોના સંરક્ષણ પર કેન્દ્રિત કાર્યક્રમોથી એવા પરિણામ પ્રાપ્ત થયા છે તેનું વર્ણન કર્યું હતું અને કહ્યું હતું કે વર્ષ ૨૦૧૦માં ભારતમાં વાઘની સંખ્યા ૧૪૧૧ હતી જે ૨૦૨૨ સુધીમાં બમણી કરવાનું લક્ષ્ય નિર્ધારિત સમય કરતા પહેલા હાંસલ થઈ ગયું છે. વાઘની સંખ્યા હવે ૨૯૬૭ ઉપર પહોંચી છે. સ્થળાંતર કરતા પક્ષીઓ માટે ભારત મધ્ય એશિયન ઉડાન માર્ગનો એક હિસ્સો છે.પક્ષીઓના સંરક્ષણ માટે રાષ્ટ્રીય એકશન પ્લાન તૈયાર કરાયો છે. એકશન પ્લાન તૈયાર કરવા ઈચ્છતા અન્ય દેશોને મદદ કરાશે.

પર્યાવરણના જતનને સર્વોચ્ચ પ્રાથમિકતા હાલના વર્ષોમાં મળી...

લોકસહયોગથી જીવસૃષ્ટિનુ સંરક્ષણ

પર્યાવરણના જતન માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકાર ગંભીર દેખાઈ રહી છે. પર્યાવરણને સર્વોચ્ચ પ્રાથમિકતા આપીને સરકાર આગળ વધી રહી છે તેના કેટલાક દાખલા પહેલા પણ મળી ચુક્યા છે. સરકાર પર્યાવરણ પ્રદુષણને રોકવા માટે જુદા જુદા વિકલ્પ પણ કામ કરી રહી છે. આના માટે વિવિધ પહેલ કરવામાં આવી રહી છે. સામાન્ય બજેટમા પણ પર્યાવરણને પ્રાથમકતા આપીને જંગી ફાળવણી કરવામાં આવી હતી. કેન્દ્રિય પર્યાવરણ વન મંત્રી પ્રકાશ જાવડેકરનુ માનવુ છે કે માત્ર નિયમોથી જ નહીં બલ્કે લોકજાગૃતિ અને લોકસહયોગ પણ જીવસૃષ્ટિનુ સંરક્ષણ શક્ય બનશે. ભારત વિશ્વના સૌથી મોટા જૈવ વિવિધતા ધરાવતા દેશ તરીકે છે.દુનિયામાં કુલ ભૂમિ વિસ્તારમાંથી ૨.૪ ટકા હિસ્સા સાથે ભારત વૈશ્વિક જૈવ વિવિધતામાં અંદાજે આઠ ટકા યોગદાન આપે છે. ભારતે જીવન સૃષ્ટીના સંરક્ષણ માટે હંમેશા દ્રષ્ટી, સમષ્ટી અને સૃષ્ટીનો મંત્ર અપનાવ્યો છે. વિશ્વના ૧૩૦ દેશોના પક્ષીવિદો અને પ્રતિનિધિની ઉપસ્થિતિમા હાલમાં યોજાયેલી ગાંધીનગરની સમિટમાં ૩૨૫૦થી વધુ લોકોએ વિશ્વભરમાંથી નોંધણી કરાવી હતી. આ સમિટ હજુ સુધીની સૌથી મોટી સમિટ છે. વડાપ્રધાને પર્યાવરણના જતન ઉપર શરૂઆતથી જ ખૂબ ભાર મુક્યો છે. ભારતે વિશ્વમાં પ્રથમવાર સૌરઉર્જાને પ્રતોસ્હાન આપવા હરિયાણામાં ઈન્ટરનેશનલ સોલાર એલાયન્સનો પ્રારંભ કર્યો છે. જેમાં વિશ્વના અનેક દેશો જોડાઈ ચુક્યા છે. મોદીએ સમગ્ર દેશમાં પ્રથમવાર ગુજરાતમાં ક્લાઈમેટ ચેન્જ અંગે એક અલાયદો વિભાગ શરૂ કરીને પર્યાવરણ જતન માટેની તેમની કટિબદ્ધતા દર્શાવી



પર્યાવરણ જતન માટે હજુ અનેક નક્કર પગલા લેવાની અને આના માટે મજબુત ઈચ્છાશક્તિ પણ જરૂરી : જાવડેકર પર્યાવરણ પ્રત્યે ગંભીર છે

છે.ભારત વન્ય પ્રાણી સૃષ્ટીની અનેક સ્થળાંતરિત પ્રજાતિઓનું ઘર છે. જેમાં સ્નો ચિત્તા, અમૂર, બારહેડગીઝ, બ્લેક નેટ્ડકેન્સ, દરિયાઈ કાચબાનો સમાવેશ થાય છે. કેન્દ્રિય મંત્રીએ જુદા જુદા વિષય પર માહિતી આપી હતી. ગીધની સંખ્યા ઘટી રહી છે તે માટે ભારત સરકાર તેમના સંરક્ષણ અને બચાવ માટે પણ જરૂરી પગલા લઈ રહી છે. સ્થળાંતરિત પ્રજાતિઓ પૃથ્વીને જોડે છે. તેમના ઘરમા સ્વાગત કરીએ તે અમારો હેતુ છે. આ વખતે નવી થીમ રાખવામાં આવી છે. કાર્યક્રમમાં જુદા જુદા દેશોના પ્રતિનિધિઓ પહોંચ્યા છે.વિચરતી પ્રજાતિઓને પડી રહેલી મુશ્કેલી પર ચર્ચા કરીને તેને દુર કરવા માટે પણ સરકાર પ્રયાસ કરી રહી છે. ભારતના બંધારણમાં દર્શાવિલ નાગરિકની મુળભુત ફરજો પૈકી એક ફરજ વન્ય વિસ્તારો, તળાવો તેમજ નદીઓ, વન્ય પશુ પક્ષીઓ સહિત કુદરતી પર્યાવરણનુ જતન કરવાની પણ છે. તેમાં સુધારા કરવાની પણ ફરજ છે. સાથે સાથે જીવ પ્રત્યે અનુકંપા રાખવાની પણ છે. દેશના દરેક નાગરિકો હવે તેમની ફરજ અદા કરવા માટે આગળ આવી રહ્યા છે. સ્વચ્છાને પ્રાથમિકતા આપવાની દિશામાં તમામ સામાન્ય લોકો, સ્વૈચ્છિક સંસ્થાઓ અને ઉદ્યોગો પણ આગળ વધ્યા છે. ગીધની સંખ્યા ઘટી ગયા બાદ તેને લઈને પણ સરકાર નવી નીતિ સાથે આગળ વધી રહી છે. ભારત સરકાર તેમના સંરક્ષણ અને બચાવ માટે જરૂરી પગલા લઈ રહી છે. સ્થળાંતરિત પક્ષીઓ અન પ્રજાતિઓ પૃથ્વીને જોડે છે. તમામ લોકો જાણે છે કે પર્યાવરણ-પૃથ્વીના જતન માટે સરકાર દ્વારા લેવામાં આવી રહેલા પગલાના કારણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને યુનો દ્વારા એવોર્ડ આપીને સન્માનિત કરવામાં આવ્યુ છે.

ભારતે પર્યાવરણના હિતોને ધ્યાનમાં લઈને હાલમાં અનેક પગલા લીધા છે જેમાં એક પગલુ સૌર ઉર્જાને પ્રોત્સાહન આપવા માટે હરિયાણા ખાતે ઈન્ટરનેશનલ સોલાર એલાયન્સની શરૂઆત કરવામાં આવી છે. જેમાં હવે તો વિશ્વના અનેક દેશો જોડાઈ ચુક્યા છે.


કેન્સર થયા બાદ પણ બચી જવાની આશા છે

કેન્સર કેન્સલ તરીકે નથી જ

વિશ્વભરમાં કેન્સર રોગે તેનો સકંજો મજબૂત બનાવી દીધા બાદ ભારત અને અમેરિકા સહિતના દેશોએ આ રોગને રોકવા તમામ પગલા લીધા છે. તાજેતરમાં જ જારી કરવામાં આવેલા આંકડામાં જાણવા મળ્યું છે કે ભારતમાં ૨૨ મહિલા પૈકી એકમાં સ્તન કેન્સરનો ખતરો રહેલો છે. તાજેતરના સમયમાં ૩૫ વર્ષની વયમાં ભારતમાં કેન્સરના દર્દીઓ નોંધાયા છે. જે નવી ચિંતા સર્જે છે. ભારતમાં નવા સ્તન કેન્સરના કેસોની સંખ્યા પ્રતિ વર્ષે આશરે ૧૧૫૦૦૦ની આસપાસ છે. આ આંકડો વધીને ૨૫૦૦૦૦ સુધી પહોંચી જાય તેવી શક્યતા છે. અલબત્ત તમામ લોકો માટે સારા સમાચાર એ છે કે કેન્સરના રોગ બાદ પણ બચી જવાની તકો ૮૫ ટકાની આસપાસ છે. કેન્સર રોગ ૮૫ ટકા સુધી સારવાર થઈ શકે તે પ્રકાર છે. નિષ્ણાંતોનું કહેવું છે કે પ્રારંભિક તબક્કામા યોગ્ય સારવાર લેવાની શરૂઆત કરવામાં આવે તો મોતનો દર ઘટી જાય છે. પરંતુ મોટા પડકાર એ છે કે પ્રારંભિક તબક્કામાં આ રોગને ઓળખી કાઢવાની બાબત ખુબ જ મુશ્કેલરૂપ છે. અહેવાલમાં જાણવા મળ્યું છે કે શહેરી વિસ્તારોમાં આશરે ૪૦ ટકા લોકો વહેલી તકે સારવાર લેવા પહોંચી જાય છે. પરંતુ ગ્રામીણ વિસ્તારોમાં હજુ પણ ચિત્ર ચિંતાજનક બનેલું છે. ગ્રામીણ વિસ્તારોમાં ૮૦ ટકા લોકો મોડેથી સારવાર લેવા પહોંચે છે. જેના પરિણામ સ્વરૂપે કેન્સરના રોગ ઉપર અંકુશ મેળવવાની બાબત મુશ્કેલરૂપ બની જાય છે. જીવલેણ કેન્સરના રોગને રોકવા માટે નિષ્ણાંતોની વહેલી તકે સલાહ જરૂરી છે. સલાહ એવી આપવામાં આવી છે કે મહિનામાં એક વખત જાતે નિરીક્ષણ કરવા જવું જોઈએ.પરિવારના ઈતિહાસ જેવા જોખમી પરિબળોથી પણ વાકેફ રહેવાની જરૂર છે. અભ્યાસમાં જાણવા મળ્યું છે કે ભારતમાં ૨૨ પૈકીની એક મહિલાને સ્તન કેન્સરનો ખતરો રહેલો છે. જ્યારે અમેરિકામાં ૮ મહિલા પૈકી એકને સ્તન કેન્સરનો ખતરો છે.

સતત બીજા વર્ષે મહિલા ડિરેક્ટરોને નોમિનેશન ન મળતા પોર્ટમેન ખફા

ઓસ્કાર : મહિલાઓની અવગણના



પર્યાવરણ જતન માટે હજુ અનેક નક્કર પગલા લેવાની અને આના માટે મજબુત ઈચ્છાશક્તિ પણ જરૂરી : જાવડેકર પર્યાવરણ પ્રત્યે ગંભીર છે

ઓસ્કાર એવોર્ડ થોડાક દિવસ પહેલા એનાયત કરવામાં આવી ચુક્યા છે. આ વખતે ઓસ્કાર એવોર્ડની સામે કેટલાક સવાલો પણ ઉઠ્યા છે. આ સવાલ ઉઠાવનાર અન્ય કોઈ નહીં બલ્કે હોલિવુડની સ્ટાર અભિનેત્રી નતાલી પોર્ટમેન છે. નતાલી પોર્ટમેન વિતેલા વર્ષોમાં પણ અવાજ ઉઠાવી ચુકી છે. એવુ નથી કે મહિલા નિર્દેશકો સારુ કામ કરી રહી નથી. સાથે સાથે એવુ પણ નથી કે તેમનુ કામ પુરૂષોની તુલનામાં કોઈ રીતે કમજોર છે. જો કે છેલ્લા કેટલાક વર્ષોની જેમ જ આ વખતે પણ ઓસ્કાર એવોર્ડ કાર્યક્રમમાં મહિલા નિર્દેશકોની શ્રેણીમાં મહિલાની કોઈ નોમિનેશન કરવામાં આવી ન હતી. આ બાબતો વિરોધ અભિનેત્રી નતાલી પોર્ટમેન દ્વારા જોરદાર રીતે અને ખાસ કરીને કર્યો છે. નતાલીએ કાળા રંગના આઉટફિટ પહેરીને આનો વિરોધ કર્યો હતો. જે મહિલા નિર્દેશકો નોમિનેશન સુધી પણ પહોંચી શકી નથી તેમના નામનો ઉલ્લેખ નતાલી દ્વારા કરવામાં આવ્યો હતો. જેમાં લોરેન સ્કેફારિશ્ત, લુલુ વાન્ગ, ગ્રેટા ગેર્વિંગ, અલ્પા હેરલનો સમાવેશ થાય છે. પોતાના ઈન્સ્ટાગ્રામ પર નતાલીએ પોતાના ફોટાની સાથે મેસેજ લખ્યો કે મહિલાઓને તે ખાસ રીતે સન્માનિત કરી રહી છે. જે મહિલાઓ તેમના અવિશ્વનીય કામ માટે સન્માન મેળવી શકી નથી તેમને તે સન્માનિત કરે છે. આ પ્રથમ વખત આવુ બન્યુ નથી જ્યારે નતાલીએ આવુ કર્યુ છે. વિતેલા વર્ષોમા પણ તે આ પ્રકારથી પોતાની નારાજગી વ્યક્ત કરતી રહી છે. આ પહેલા પણ તે નેતન્યાહુ પોલીસીના વિરોધમાં જુઈશ નોબલ ઈનામને અસ્વીકાર કરી ચુકી છે. આ પુરસ્કારની તે ૧.૩ મિલિયન ડોલરની રકમને અસ્વીકાર કરી ચુકી છે. નતાલી હમેંસા લૈંગિક અસમાનતાની સામે વિરોધ વ્યકક્ત કરતી રહી છે. આના પહેલાના એવોર્ડ શોમા પણ તે આવુ કરી ચુકી છે. વર્ષ ૨૦૧૮ના ગોલ્ડન ગ્લોબ એવોર્ડ કાર્યક્રમમાં જ્યારે તેને બેસ્ટ ડિરેક્ટર માટે એવોર્ડ જાહેર કરવા માટે કહેવામાં આવ્યુ ત્યારે નતાલીએ કહ્યુ હતુ કે આ રહ્યા તમામ પુરૂષ નોમિની. ઓસ્કારમાં માત્ર મહિલાઓના નામ હજુ સુધી સામેલ થઈ શક્યા છે. જેમાં કેથરીન બાઈગુલ, લીના વર્ટમુલર, જેને કેમ્પિયોન, સોફિયા તેમજ ગેરવિગનો સમાવેશ થાય છે. જો કે હેરાનીની બાબત એ છે કે હજુ સુધી માત્ર મુવી હર્ટ લોકર માટે જ વર્ષ ૨૦૧૦માં એવોર્ડ મળ્યો છે. નતાલી પોર્ટમેનની ઓળખ આપવાની કોઈ જરૂર નથી. તે અમેરિકી અને ઈઝરાયેલની નાગરિકતા ધરાવતી સુપરસ્ટાર અભિનેત્રી છે. ૧૨ વર્ષની વયમાં જ તે ફિલ્મમાં પ્રવેશી ગઈ હતી. નતાલીના અમેરિકા અને ઈઝરાયેલની રાજનીતિ પર સ્પષ્ટ વિચાર રજૂ કરતી રહે છે. અત્રે નોંધનીય છે કે ૧૦મી ફેબ્રુઆરીના દિવસે ઓસ્કાર એવોર્ડ જાહેર કરાયા હતા. ધારણા પ્રમાણે જ પેરાસાઈટે આ વર્ષે શ્રેષ્ઠ ફિલ્મ માટેનો એવોર્ડ જીતી લીધો હતો. સર્વશ્રેષ્ઠ અભિનેત્રીનો એવોર્ડ જુડી માટે રેની જેલવેગરને આપવામાં આવ્યો હતો. અભિનેત્રી માટેના નોમિનેશનમાં અનેક ટોપ સ્ટાર હતી પરંતુ રેનીએ બાજી મારી લીધી હતી જ્યારે જોકર ફિલ્મમાં શાનદાર ભૂમિકા બદલ વોકિન ફિનિક્સે શ્રેષ્ઠ અભિનેતાનો એવોર્ડ જીતી લીધો હતો. તેની સાથે સ્પર્ધામાં લિયોનાર્ડો ડી કેપ્રિયો પણ હતો પરંતુ વોકિને બાજી મારી હતી. વન્સ અપન એ ટાઈમ ઈન હોલિવુડમાં શાનદાર ભૂમિકા બદલ બ્રાડ પિટને સહાયક અભિનેતાનો એવોર્ડ મળ્યો હતો. ટોય સ્ટોરી, હેયર વલ અને પેરાસાઈટે જુદી જુદી કેટેગરીમાં એવોર્ડ જીત્યા હતા. જુડી ફિલ્મમાં શાનદાર રોલ બદલ રેનીએ શ્રેષ્ઠ અભિનેત્રી માટેનો એવોર્ડ જીતી લીધો હતો. જ્યારે શ્રેષ્ઠ અભિનેતા માટેનો એવોર્ડ જોકર માટે ફોનિક્સે જીત્યો હતો. ૯૨માં એકેડમી એવોર્ડની જાહેરાત કરવામાં આવી હતી. હોલિવુડના સૌથી મોટા એવોર્ડ શો ઓસ્કારનુ આયોજન આજે સવારે કરવામાં આવ્યુ હતુ. આને લઈને તમામ તૈયારી પહેલાથી જ કરવામાં આવી હતી. આ ૯૨માં કાર્યક્રમ રહ્યો હતો. ભવ્ય, રંગારંગ અને દિલધડક કાર્યક્રમ કેલિફોર્નિયાના ડોલ્બી થિયેટરમાં યોજાયો હતો આ પ્રસંગે દુનિયાભરના ફિલ્મ જગતના લોકો હાજર રહ્યા હતા. આ ઉપરાંત ૨૨૫ દેશોમાં તેનુ પ્રસારણ કરવામાં આવ્યુ હતુ.

ફિલ્મી ગપસપ...

બીગ-બીએ કર્યું ટવીટ : છત્રપતિ શિવાજી મહારાજ શબ્દ નહી મંત્ર છે

મુંબઈ

મરાઠા સામ્રાજયના વીર સપૂત છત્રપતિ શિવાજી મહારાજની જયંતિ. શિવાજી મહારાજ ભારતના એવા વીર હતા કે જેમની વિરતાની વાતો કરીએ તેટલી ઓછી પડે. શિવાજી તો ખરા જ પરંતુ તેમના દિકરા શંભુજી રાજેએ પણ હિંદુત્વની રક્ષા કાજે પોતાના પ્રાણ પાથરી દીધા. વર્ષ ૧૬૭૪ માં શિવાજી મહારાજે જ પશ્ચિમ ભારતમાં મરાઠા સામ્રાજયનો પાયો નાંખ્યો હતો. તેમણે કેટલાય વર્ષો સુધી ઔરંગઝેબના



મુગલ સામ્રાજય સાથે સંઘર્ષ કર્યો. છત્રપતિ શિવાજીની જયંતીના પ્રસંગે બોલીવુડના શહેનશાહ અમિતાભ બચ્ચને ટ્વીટ કર્યું, જે સોશિયલ મીડિયા પર ખૂબ વાયરલ થઈ રહ્યું છે. અમિતાભ બચ્ચને ટ્વીટ કરતા લખ્યું કે, "છત્રપતિ શિવાજી મહારાજ", આ શબ્દ નથી પરંતુ એક મંત્ર છે.અમિતાભ બચ્ચને આગળ લખ્યું કે, સદીઓ બાદ પણ તેમની પાસેથી જ પ્રેરણા મળે છે. તેઓ દુનિયાના એક શ્રેષ્ઠ યોદ્ધા અને આદર્શ રાજા હતા. તેમનું સ્મરણ હંમેશા પ્રેરણાદાયી રહ્યું છે. છત્રપતિ શિવાજી મહારાજજીની જયંતી પર તેમને શત્ શત્ નમન.

અમિતાભ બચ્ચન જલ્દી જ ચાર ફિલ્મો દ્વારા બોલીવૂડમાં ધમાલ મચાવવા જઈ રહ્યા છે. બિગ બીના આ લિસ્ટમાં "ચહેરે," બ્રહ્માસ્ત્ર", "ઝુંડ," "ગુલાબો-સિતાબો" નો સમાવેશ થાય છે. ફિલ્મ ચહેરામાં અમિતાભ બચ્ચન ઈમરાન હાશ્મી સાથે લીડ રોલ નિભાવશે. "બ્રહ્માસ્ત્રમાં" બિગબી આલિયા ભટ્ટ અને રણબીર કપૂર સાથે દેખાશે. તો ગુલાબો-સિતાબોમાં બિગ બી બોલીવુડના દમદાર એક્ટર આયુષ્માન ખુરાના સાથે દેખાશે. આ સિવાય બીગ-બી કોન બનેગા કરોડપતિની ૧૧ મી સીઝન પણ હોસ્ટ કરી રહ્યા હતા, જે હવે ખતમ થઈ ચૂકી છે.

એઆર રહેમાનની ફિલ્મ '૯૯ સોન્ગ્સ'નું ટ્રેલર રિલીઝ



મુંબઈ

એઆર રહેમાને ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં રાઇટર અને પ્રોડ્યૂસર તરીકે ડેબ્યુ કર્યું છે. તેમની ફિલ્મ ૯૯ સોન્ગ્સનું ટ્રેલર રિલીઝ થયું છે. આ મ્યુઝિકલ લવ સ્ટોરીથી એહાન ભટ્ટ અને એડલ્સી વારગસ એક્ટર તરીકે ડેબ્યુ કરી રહ્યા છે. આ ફિલ્મના ડિરેક્ટર વિશ્વેશ કૃષ્ણમૂર્તિ છે. રહેમાને આ ફિલ્મનું મ્યુઝિક પણ આપ્યું છે. ફિલ્મની સ્ટારકાસ્ટમાં લિઝા રે, મનીષા કોઈલારા, કમ્પોઝર અને ડ્રમર રણજિત બારોટ પણ સામેલ છે. ફિલ્મમાં મ્યુઝિકના મેજિકને બતાવવામાં આવ્યું છે. એહાન ભટ્ટ તેના આલબમ માટે આર્થિક સહાય શોધી રહ્યો હોય છે. કોલેજમાં તેને પરફોર્મ કરવાનો ચાન્સ મળે છે અને તે આગળ આવે છે. કોલેજમાં તેને એડલ્સી સાથે પ્રેમ થાય છે. આર્ટિસ્ટની સ્ટ્રગલ સ્ટોરી અને તેની લવ સ્ટોરીને આ ફિલ્મમાં બતાવવામાં આવી છે. ફિલ્મની લીડ સ્ટારકાસ્ટ માટે રહેમાને ખુદ ઓડિશન પર નજર રાખી હતી, ૧૦૦૦ જેટલા ઓડિશન લીધા હતા. ફિલ્મને રહેમાનના પ્રોડક્શન હાઉસ વાયએમ મૂવીઝ અને જિઓ સ્ટુડિયોઝએ સાથે મળીને પ્રોડ્યૂસ કર્યું છે. આ એક્ટર્સને ચેન્નઈની રહેમાનની એકેડમીમાં ટ્રેનિંગ આપવામાં આવી હતી. આ ફિલ્મનું પ્રીમિયર ૨૪મા બુસાન ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલમાં યોજાયું હતું.

સીએએ વિશે સવાલ પૂછતાં ગોવિંદાએ કહ્યું: 'હું રાજનીતિ છોડી ચૂક્યો છું'



મુંબઈ

ગોવિંદા એક્ટિંગ સિવાય પોતાની વાત રાખવા માટે વખણાઈ છે. મંગળાવારે તે એક મેળામાં પહોંચ્યો હતો. ત્યાં તેણે ડાન્સ પણ કર્યો અને ખુબ મસ્તી કરી. સાથે સાથે તેણે સીએએ વિશે પણ પોતાનો મત રજુ કર્યો હતો. પહેલા તો ગોવિંદાએ સીએએ વિશે કંઈ જ બોલવાની ના પાડી દીધી અને પ્રશ્નને અવગણી નાખ્યો. તેણે કહ્યું કે, હું કંઈ જ નહીં બોલું, હું રાજનીતિ છોડી ચૂક્યો છું. હું કંઈ બોલીશ તો એવું જ થશે કે 'તુજકો મિર્ચી લગી તો મે ક્યા કરુ' ઈન્દોરમાં થનાર આઈફા એવોર્ડ માટે ગોવિંદાએ કહ્યું કે, મધ્યપ્રદેશ હિન્દુસ્તાનનું દિલ છે અને ફિલ્મ એ દિલથી નીકળેલી એક અવાજ છે. કે જે પુરી દુનિયા સુધી પહોંચે છે. હું ભગવાનને પ્રાર્થના કરુ કે એ પુરી રીતે સફળ રહે. નર્મદા મૈયાના આશીર્વાદ હંમેશા એમના પર રહે. આગળ વાત કરતાં ગોવિંદાએ કહ્યું કે, મને એવું જાણવા મળ્યું છે કે, ખરગોન સ્વચ્છતામાં બીજા નંબર પર છે. જો કે હું સમજુ છું કે પહેલા બીજા જેવું કશું હોતું નથી.

'સ્વદેશ'માં કાવેરી અમ્માનો રોલ પ્લે કરનાર કિશોરી બલ્લાલનું નિધન



(જી.એન.એસ)મુંબઈ,તા.૧૯

શાહરુખ ખાનની ફિલ્મ 'સ્વદેશ'માં કાવેરી અમ્માનું પાત્ર ભજવનાર કિશોરી બલ્લાલનું ૮૨ વર્ષની ઉંમરમાં અવસાન થયું હતું. તેમણે મંગળવારે બેંગલુરુની હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા હતાં. કન્નડ ફિલ્મ્સમાં મહત્ત્વના રોલ પ્લે કરી ચૂકનારા કિશોરીએ વર્ષ ૨૦૦૪માં શાહરુખની ફિલ્મમાં કાવેરી અમ્માનું પાત્ર ભજવ્યું હતું. આ ફિલ્મમાં તેમના કામના વખાણ કરવામાં આવ્યા હતાં. તેમણે અંદાજે ૭૦થી વધારે ફિલ્મ્સમાં કામ કર્યું છે. વધતી ઉંમરને કારણે તેઓ બીમાર રહેતા હતાં. કિશોરી બલ્લાલના નિધન પર શોક વ્યક્ત કરતા 'સ્વદેશ'ના ડિરેક્ટર આશુતોષ ગોવારિકરે કહ્યું હતું, 'દિલ ઘણું જ રડે છે. કિશોરી બલ્લાલજીના નિધનની વાત સાંભળીને ઘણું જ દુઃખ થયું. કિશોરીજી તમે તમારા સ્વભાવને કારણે હંમેશાં યાદ આવશો. તમે હંમેશા ઉમળકાભેર મળનારા મહિલા હતાં. તમે સાચે જ બહુ જ યાદ આવશો.'

જાવેદ અખ્તરે કંગનાને ધમકી આપી, રીતિકની માફી માગવા કહ્યું હતું : રંગોલી

મુંબઈ

કંગના રનૌતની બહેન રંગોલી ચંદેલે દાવો કર્યો છે કે એકવાર બોલિવૂડ ગીતકાર તથા રાઈટર જાવેદ અખ્તરે કંગનાના ઘરે બોલાવીને ધમકી આપી હતી અને રીતિક રોશનની માફી માગવાનું કહ્યું હતું. વધુમાં રંગોલીએ એમ પણ કહ્યું હતું કે કંગનાએ જ્યારે સુસાઈડ બોમ્બરની ભૂમિકા ભજવવાની ના પાડી તો મહેશ ભટ્ટે તેને સ્લિપર છૂટ્ટુ માર્યું હતું.

રંગોલીએ ટ્વીટ કરી હતી, 'જાવેદ અખ્તરજીએ કંગનાને ઘરે બોલાવીને ડરાવી હતી અને રીતિક રોશનની માફી માગવાનું કહ્યું હતું, મહેશ ભટ્ટે તેના પર ચંપલ ફેંક્યું હતું, કારણ કે તેણે સુસાઈડ બોમ્બરની ભૂમિકા ભજવવાની ના પાડી દીધી હતી.

ના..હોય...ફિલ્મફેર અવોર્ડમાં ઉર્વશીએ પહેરેલ ડ્રેસ ૭૩૦ કલાકમાં તૈયાર થયો..!!



મુંબઈ

ફિલ્મફેર અવોર્ડમાં એક્ટ્રેસ ઉર્વશી રૌતેલાએ રેડ ડ્રેસ પહેરીને હાજરી આપી હતી. આ ડ્રેસની ખાસ વાત એ હતી કે તેને પકડવા માટે ચાર લોકોની જરૂર પડતી હતી. ખુદ ઉર્વશીએ તેના ડ્રેસ વિશેની માહિતી ઈન્સ્ટાગ્રામ પર શેર કરી હતી. ઉર્વશીએ ડિઝાઈનર અલબીનાનો ડ્રેસ પહેર્યો હતો. આ ડ્રેસ ૭૩૦ કલાકમાં તૈયાર થયો હતો. તેની લંબાઈ એટલી હતી કે આસપાસની ચાર ખુરશીમાં કોઈ અન્ય વ્યક્તિ બેસી શક્યું ન હતું. તેને સપોર્ટ કરવા બદલ પોતાની ટીમનો આભાર માન્યો હતો. ઉર્વશીને કોઈપણ કેટેગરીમાં નોમિનેશન મળ્યું ન હતું.

કિશોર કુમારની બાયોપિકમાંથી અનુરાગ બાસુનું નામ કટ કરાયું

મુંબઈ

નિર્દેશક અનુરાગ બાસુ હાલ તો તેની ફિલ્મ લૂડોમાં વ્યસ્ત છે. આ ફિલ્મ બાદ તે ફરી એકવાર અભિનેતા રણબીર કપૂર સાથે કામ કરવાના છે. અનુરાગના જણાવ્યાનુસાર તે જાણીતા ગાયક કિશોર કુમારની બાયોપિક પર કામ કરશે જેમાં રણબીર કપૂર હશે. જો કે આ અંગે તાજેતરમાં જાણવા મળ્યાનુસાર કિશોર કુમારના પરીવાર નથી ઈચ્છતા કે આ બાયોપિક અનુરાગ બાસુ બનાવે.

લૂડોની રિલીઝની તૈયારીઓ વચ્ચે અનુરાગ બાસુએ એક નિવેદનમાં કિશોર કુમારની બાયોપિક પર કામ કરવાની વાત કરી હતી. બોલિવૂડના લોકપ્રિય ગાયક એવા સ્વર્ગીય કિશોર કુમારની બાયોપિકમાં અનુરાગ રણબીર કપૂરને લેવા ઈચ્છતા હતા. આ પહેલા અનુરાગએ બર્ફી ફિલ્મ રણબીર સાથે કરી હતી.

રમત જગત વિશેષ

રિચાર્ડસ, જયસૂર્યા અને ડિવિલિયર્સે ક્રિકેટને બદલી નાખ્યું : ઈન્ઝમામ ઉલ હક

કરાંચી

પૂર્વ પાકિસ્તાની કેપ્ટન ઈન્ઝમામ ઉલ હકે વેસ્ટ ઈન્ડિઝના પૂર્વ ક્રિકેટર સર વિવિયન રિચાર્ડસ, શ્રીલંકાના સનથ જયસૂર્યા અને દક્ષિણ આફ્રિકાના એબી ડિવિલિયર્સના વખાણ કર્યા છે. ઈન્ઝમામે કહ્યું કે, "ઘણા વર્ષો પહેલા રિચાર્ડસે ક્રિકેટને બદલવાની શરૂઆત કરી હતી. તે સમયે બેટ્સમેન ફાસ્ટ બોલર્સને બેકફૂટ પર રમતા હતા. જોકે તેમણે શીખવાડ્યું કે ફાસ્ટ બોલર્સને ફૂટફુટ પર કઈ રીતે રમાય છે. તેમણે બધાને બતાવ્યું કે ફાસ્ટ બોલર્સ સામે પણ આક્રમકતાથી રમી શકાય છે.



ઈન્ઝમામે જયસૂર્યા અંગે કહ્યું કે, "બીજો બદલાવ જયસૂર્યા લાવ્યો. તેણે ઈનિંગ્સની પહેલી ૧૫ ઓવરમાં ફાસ્ટ બોલર્સ પર દબાણ લાવવાનો નિર્ણય કર્યો હતો. તેની પહેલે બેટ્સમેન હવામાં શોટ રમવામાં માનતા નહોતા. જોકે તેણે પહેલી ૧૫ ઓવરમાં ઈનફિલ્ડની ઉપરથી શોટ રમીને બેટિંગની પરિભાષા બદલી નાખી હતી.

પૂર્વ પાકિસ્તાની કપ્તાને ડિવિલિયર્સ અંગે કહ્યું કે, "ત્રીજો ખેલાડી જેણે ક્રિકેટ રમવાની રીત બદલી નાખી તે ડિવિલિયર્સ છે. આજના સમયમાં વનડે અને ટી-૨૦માં ઝડપી ક્રિકેટ રમાતું હોય તો તેનું કારણ ડિવિલિયર્સ છે. પહેલા બેટ્સમેન સીધા બેટથી શોટ્સ રમતા હતા, પરંતુ ડિવિલિયર્સે પેડલ સ્વીપ અને રિવર્સ સ્વીપ લગાવવાની શરૂઆત કરી હતી."

વર્કલોડની અસર છતાં ત્રણ વર્ષ સુધી ત્રણેય ફોર્મેટમાં રમવાનું ચાલુ રાખીશ : કોહલી



ન્યુ દિલ્હી

હાલ ક્રિકેટ જગતમાં ક્રિકેટર કામના ભારથી વ્યસ્ત છે. એટલું જ નહીં ભારતીય કેપ્ટન વિરાટ કોહલી પણ કાર્યભારને લઈને સ્પષ્ટતા કરી છે. કોહલી અને અન્ય ન્યુઝીલેન્ડના કેપ્ટન કેન વિલિયમસન એવા કેપ્ટન છે. જે દરેક ફોર્મેટમાં ટીમની કમાન સંભાળી રહ્યા છે. જે કારણથી તેના પર વધારે દબાણ રહે છે. જ્યારે આઈપીએલના કારણથી તેણે આરામનો સમય પણ મુશ્કેલીથી મળી શકે છે. પોતાના કરિયરને લાંબો ચલાવવા માટે વર્કલોડને વ્યવસ્થિત કરવા માટે દુનિયામાં ક્રિકેટર્સ અલગ-અલગ પગલાં લે છે.

જેમ ઓસ્ટ્રેલિયાના ઓપનર બેટ્સમેન ડેવિડ વોર્નર પહેલાં જ કહી ચૂકેલા છે કે તે ૨૦૨૧ ટી૨૦ વર્લ્ડ કપ બાદ કદાચ જ આ ફોર્મોટને અલવિદા કહી શકે છે. ભારતીય કેપ્ટન પર પણ વર્કલોડ વધી રહ્યો છે અને કોઈ એક ફોર્મેટને છોડવાને લઈને તેણે પોતાનો નિર્ણય બુધવારે ભારતના નેટ સત્રને ધ્યાનમાં રાખવામાં આવે તો, શુક્રવારથી વેલિંગ્ટનમાં શરૂ થનારી સિરીઝ માટે રિદ્ધિમાન સાહા બીજા વિકેટકીપર બેટ્સમેન રિષભ પંતથી આગળ ચાલી રહ્યો છે. ટેસ્ટ માટે નં-૬ બેટ્સમેન હનુમા વિહારીને પાંચમાં બોલર તરીકે અજમાવવામાં આવશે. જ્યારે જસપ્રીત બુમરાહ, મોહમ્મદ શમી અને ઈશાંત શર્મા ત્રણ સંભળાવ્યો છે.

કોહલીએ બુધવારે મહત્વનો સંકેત આપ્યો છે કે સીનિયર સ્ટાર ફાસ્ટ બોલર ઈશાંત શર્મા અને યુવા ઓપનિંગ બેટ્સમેન પૃથ્વી શો ન્યૂઝીલેન્ડ વિરુદ્ધ પ્રથમ ટેસ્ટ મેચમાં રમશે. જો નિષ્ણાંત ફાસ્ટર તરીકે ઉતરશે. રવિચંદ્રન અશ્વિન નિષ્ણાંત સ્પિનર તરીકે એકમાત્ર વિકલ્પ હોઈ શકે છે. પરંતુ રવિન્દ્ર જાડેજાની ઓલરાઉન્ડર તાકાતને નજરઅંદાજ ન કરી શકાય.

૧૯ વર્ષીય એર્લિન્ગ હાલન્દ શરૂઆતની ૭ મેચમાં ૧૦ ગોલ કરનાર પ્રથમ ફૂટબોલર બન્યો

યુએફએ ચેમ્પિયન્સ લીગ : બોરુસિયાએ પીએસજીને ૨-૧થી હરાવ્યું



લંડન

યુએફએ ચેમ્પિયન્સ લીગમાં મંગળવારે રાત્રે પ્રિ-ક્વાર્ટરફાઇનલના પહેલા લેગમાં એટ્લેટિકો મેડ્રિડે ડિફેન્ડિંગ ચેમ્પિયન લિવરપૂલને ૧-૦થી હરાવ્યું હતું. જ્યારે બીજીતરફ ક્લબ બોરુસિયા ડોર્ટમંડે પીએસજીને ૨-૧થી હરાવ્યું હતું. ડોર્ટમંડ માટે મેચમાં બંને ગોલ ૧૯ વર્ષીય એર્લિન્ગ હાલન્દે કર્યા હતા. હાલન્દ ચેમ્પિયન્સ લીગની શરૂઆતની ૭ મેચમાં ૧૦ ગોલ કરનાર પ્રથમ ફૂટબોલર બન્યો છે. તે અન્ય કોઈ ખેલાડી કરતા ચાર મેચ ઓછીને રમીને ડબલ ડિજિટે પહોંચ્યો છે. પહેલી વખત લીગમાં રમી રહેલો હાલન્દ પહેલી સીઝનમાં ૧૦ ગોલ કરનાર પાંચમો ફૂટબોલર બન્યો છે. છેલ્લી ૨૦૧૭-૧૮માં સેનેગલના સાદિયો માને અને બ્રાઝીલના રોબર્ટો ફર્મિનોએ ૧૦-૧૦ ગોલ કર્યા હતા. હાલન્દ એક સીઝનમાં ૧૦ ગોલ કરનાર ૨૦ વર્ષથી ઓછી ઉંમરનો પહેલો ખેલાડી છે. મેચમાં હાલન્દે પહેલો ગોલ ૬૯મી મિનિટે કર્યો હતો. તેની ૬ મિનિટ પછી ૭૫મી મિનિટે પીએસજીના નેમારે સ્કોર લેવલ કર્યો હતો. નેમારે સ્ટાર ખેલાડી કિલિયન એમ્બાપ્પેના ક્રોસ પર ગોલ કર્યો હતો. હાલન્દે તેની ૨ મિનિટ પછી બોરૂસિયાને લીડ અપાવી હતી. બંને ટીમ વચ્ચે પ્રિ-ક્વોર્ટરફાઇનલના બીજા લેગ પીએસજીના હોમગ્રાઉન્ડ પાર્ક દેસ પ્રિન્સેસ સ્ટેડિયમમાં ૧૨ માર્ચે રમાશે.

પૂજારાએ કાઉન્ટી ચેમ્પિયનશિપની છ મેચો માટે ગ્લૂસ્ટરશાયરની સાથે કરાર કર્યો


ન્યુ દિલ્હી

ટેસ્ટ નિષ્ણાંત ચેતેશ્વર પૂજારા આ દિવસોમાં ન્યૂઝીલેન્ડમાં છે અને તે વેલિંગ્ટનમાં સિરીઝની પ્રથમ ટેસ્ટ મેચ રમવા તૈયાર છે. આ પહેલા બુધવારે તેણે ઈંગ્લિશ કાઉન્ટી ચેમ્પિયનશિપની પ્રથમ છ મેચો માટે ગ્લૂસ્ટરશાયરની સાથે કરાર કર્યો છે.

ભારતીય ટેસ્ટ ટીમના મુખ્ય ખેલાડી પૂજારા પોતાની મજબૂત ટેકનિકને કારણે બેટિંગને મજબૂતી પ્રદાન કરી રહ્યો છે. ગ્લૂસ્ટરશાયરની સાથે તેનો કરાર ૧૨ એપ્રિલથી ૨૨ મેચ સુધી છે. ક્લબ તરફથી જારી અખબારી યાજ્ઞમાં કહ્યું, 'હું આ સત્રમાં ગ્લૂસ્ટરશાયરનું પ્રતિનિધિત્વ કરવાની તક મળવાથી ખરેખર ઉત્સાહિત છું.' ૩૨ વર્ષીય પૂજારાએ કહ્યું, 'ક્લબનો શાનદાર ક્રિકેટ ઈતિહાસ છે અને તેનો ભાગ બનવા અને તેની સફળતામાં યોગદાન આપવા માટે મહત્વપૂર્ણ તક છે.' ક્લબે પૂજારાની લાંબા સમય સુધી બેટિંગ કરવાની ક્ષમતા પર વિચાર કર્યો.

હું હંમેશાં કોહલી જેવાની વિકેટ લેવા માટે જ રમું છું: ટ્રેન્ટ બોલ્ટ

રમવા ફરી ફિટ બનેલ ન્યૂઝીલેન્ડનો ફાસ્ટ બૉલર ટ્રેન્ટ બોલ્ટ કોઈ કામ અધૂરું છોડતો નથી અને ભારત સામે શુક્રવારથી શરૂ થતી બે ટેસ્ટ મેચની શ્રેણીમાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પાછા ફરી પોતે ભારતીય કેપ્ટન વિરાટ કોહલીને પડકાર ફેંકવા તૈયાર છે. ઑસ્ટ્રેલિયા સામે મેલબર્નમાં બૉક્સિંગ-ડે ટેસ્ટમાં જમણા હાથમાં થયેલા ફ્રેક્ચરના કારણે બોલ્ટ છ અઠવાડિયા સુધી રમત બહાર થઈ ગયો હતો.કેજેદરમિયાન તે ભારત વિરુદ્ધ મર્યાદિત ઓવરની મેચોમાં પણ ભાગ ન લઈ શક્યો હતો. ટેસ્ટ ક્રિકેટમાં પુનઃપ્રવેશ માટે ન્યૂઝીલેન્ડની ટીમમાં પસંદગી પામતા ડાબોડી ઝડપી ગોલંદાજ બોલ્ટે પહેલી ટેસ્ટ પૂર્વે પોતાના પ્રથમ કાર્યની જાણ કરી દીધી



હતી. "હું વિરાટ કોહલી જેવાને આઉટ કરી મારી આવડતની કસોટી કરવા ટેસ્ટ ક્રિકેટ રમું છું અને આ કાર્ય કરવા હું તત્પર છું, એમ ભારતીય કેપ્ટનને ચેતવણી ઉચ્ચારતા બોલ્ટે શ્રેણીની આરંભિક ટેસ્ટ મેચ માટે અહીં આવી પહોંચ્યા બાદ કહ્યું હતું. પણ બોલ્ટે કહ્યું હતું કે કોહલી ઘણો સારો ખેલાડી છે અને તેની મહાનતાને બધા જાણેછે. અહીં બેસિન રિઝર્વ ખાતેની પિચ સીમ બૉલિંગને મદદકર્તા હવામાનમાં તે પ્રકારના બૉલરોને લાભકર્તા નીવડવાની પૂરી શક્યતા છે અને પોતાની ૬૫ ટેસ્ટ મેચની કારકિર્દીમાં કુલ ૨૫૬ વિકેટ ઝડપી ચૂકેલ ૩૦ વર્ષીય બોલ્ટ જેવો ગોલંદાજ તેના પર સારી સફળતા મેળવી શકે છે.



દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહને બુધવારે મળ્યા હતા. દિલ્હી વિધાનસભા ચૂંટણી બાદ આ બન્ને નેતાઓ વચ્ચેની પ્રથમ મુલાકાત રહી છે. આપના રાષ્ટ્રીય કન્વીનર અને દિલ્હીના સીએમ કેજરીવાલ તેમજ અમિત શાહ વચ્ચે ગૃહ મંત્રીના નિવાસસ્થાને ૨૦ મિનિટ બેઠક ચાલી હતી.

સુપ્રિમ કોર્ટની મહત્ત્વપૂર્ણ ટિપ્પણી

કસ્ટડીની લડાઈમાં હંમેશા નુકસાન બાળકને જ જાય છેઃ સુપ્રીમ કોર્ટ

છૂટાછેડાથી માતા-પિતાની જવાબદારી પૂરી થતી નથી, કેસમાં માતા જીતે કે પછી પિતા, પરંતુ બાળક હંમેશા હારે છે

ન્યુ દિલ્હી

સુપ્રીમ કોર્ટે એક મહત્ત્વની ટીપ્પણી કરતાં કહ્યું છે કે કબજાની લડાઈમાં હંમેશા નુકસાન બાળકનું જ થાય છે. બાળકે તેની મોટી કિંમત ચૂકવવી પડે છે કેમ કે આ દરમિયાન તે પોતાના માતા-પિતાના પ્રેમ અને સ્નેહથી વંચિત રહી જાય છે. જોવા જેવી વાત એ છે કે આ લડાઈમાં બાળકની કોઈ ભૂલ પણ નથી હોતી. અદાલતે કહ્યું કે લવિચ્છેદથી માતા-પિતાની બાળક પ્રત્યેની જવાબદારી ખતમ થઈ જતી નથી.

જસ્ટિસ એ.એમ. ખાનવીલકર અને અજય રસ્તોગીની પીઠે કહ્યું કે કસ્ટડીના મામલા પર ચુકાદો આપતી વખતે અદાલતોએ બાળકના હિતને ધ્યાનમાં રાખવું જોઈએ કેમ કે કસ્ટડીની લડાઈમાં તે પીડિત છે.

જો મધ્યસ્થતાની પ્રક્રિયાના માધ્યમથી વૈવાહિક વિવાદનો ઉકેલ ન આવે તો અદાલતોએ પોતે જ આ મામલાનો ઉકેલ લાવવાનો પ્રયાસ કરવો જોઈએ. પીઠે લાંબા સમયથી વૈવાહિક વિવાદનો સામનો કરી રહેલા દંપતિના મામલે સુનાવણી કરતાં આ ટીપ્પણીઓ કરી હતી. કસ્ટડીના મામલામાં કોણ જીતે છે તેનાથી કોઈ મતલબ નથી પરંતુ નુકસાન બાળકને જાય છે તે નિતિ છે.

અદાલતે કહ્યું કે આ વિવાદની સૌથી મોટી કિંમત બાળકે ચૂકવવી પડે છે કેમ કે યારે અદાલત પોતાની ન્યાયિક પ્રક્રિયા દરમિયાન તેને કહે છે કે તે માતા-પિતામાંથી કોની સાથે જવા માગે છે ત્યારે બાળક તૂટી જાય છે. પીઠે પતિ-પત્ની વચ્ચે ચાલી રહેલા વૈવાહિક વિવાદ પર ટીપ્પણી કરતાં કહ્યું કે આ પ્રકારના વિવાદથી માતા-પિતાની તેના બાળક પ્રત્યેની જવાબદારી ખતમ થઈ જતી નથી.

ત્રણેય આતંકી અંસાર ગઝવા અલ હિન્દ સંગઠનના હોવાનો ખુલાસો

પુલવામાના ત્રાલમાં એન્કાઉન્ટરઃ સેનાએ ૩ આતંકવાદીઓને ઠાર માર્યા



શ્રીનગર

જમ્મુ-કાશ્મીરના પુલવામાના ત્રાલમાં સુરક્ષાદળો અને આતંકવાદીઓ વચ્ચે મંગળવાર મોડી રાત્રે એક્રાઉન્ટર થયું હતું. આ એક્રાઉન્ટરમાં સુરક્ષાદળોએ ત્રણ આતંકવાદીઓને ઠાર માર્યા છે. આ દરમિયાન ઘણા લાંબા સમય સુધી ફાયરિંગ ચાલતું રહ્યું. આતંકવાદીઓની પાસે ભારે માત્રામાં હથિયાર હતા જેના કારણે તેઓ સતત ફાયરિંગ કરી રહ્યા હતા.

આતંકવાદી જ્યાં છુપાયેલા હતા તે વિસ્તારને સુરક્ષાદળોએ પૂરી રીતે ઘેરી લીધો. ત્યારબાદ ત્રણ આતંકવાદીઓને ઢાળી દીધા. હજુ પણ વિસ્તારમાં સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવી રહ્યું છે. એવું માનવામાં આવી રહ્યું છે કે કદાચ અન્ય આતંકવાદીઓ છુપાયા હોઈ શકે છે.

ત્રાલમાં ઠાર મરાયેલા આતંકવાદીઓની ઓળખ થઈ ગઈ છે. ત્રણેય આતંકવાદીઓ આતંકવાદી સંગઠન અંસાર ગઝવા અલ હિન્દના હોવાનું બહાર આવ્યું છે. ઠાર મરાયેલા આતંકવાદીઓના નામ છે જંગીર રફીક વાણી, રાજા ઉમર મકબૂલ બટ અને ઉઝૈર અમીન બટ.

આ પહેલા ૫ ફેબ્રુઆરીએ શ્રીનગરમાં આતંકવાદીઓએ સીઆરપીએફની એક ગાડીને નિશાન બનાવીને હુમલો કર્યો હતો. ત્યારબાદ થયેલા એક્કાન્ટરમાં સુરક્ષાદળોએ બે આતંકવાદીઓને ઠાર માર્યા હતા. એક્રાઉન્ટરમાં ઘાયલ એક આતંકવાદીનું બાદમાં મોત થયું હતું. આ એક્રાઉન્ટરમાં એક સીઆરપીએફ જવાન શહીદ થયો હતો. આ એક્રાઉન્ટરમાં શહીદ થયેલા સીઆરપીએફ જવાનનું નામ જીડી રમેશ રંજન હતું. તે બિહારના આરા જિલ્લાનો રહેવાસી હતો.

આ હુમલો શ્રીનગરના પારિમ પોસ્ટની પાસે થયો. શ્રીનગર બારામૂલા રોડ પર બુધવારે આતંકવાદીઓએ સીઆરપીએફ અને પોલીસ પાર્ટી પર હુમલો કર્યો હતો. શ્રીનગરના લાવેપોરા વિસ્તારના પરીમ પોરા ચેકપોસ્ટ પર અચાનક ફાયરિંગનો અવાજ સંભળાયો હતો. ત્યારબાદ સીઆરપીએફ જવાનોએ તાત્કાલીક મોરચો સંભાળી લીધો હતો.

જાપાનના ક્રુઝ પર વધુ એક ભારતીયનો કોરોના ટેસ્ટ પોઝિટિવ

ટોક્યો

જાપાનના ક્રુઝમાં રહેલા વધુ એક ભારતીય નાગરિકનો કોરોના ટેસ્ટ પોઝિટિવ આવ્યો છે. આ સાથે જ ક્રુઝ પર રહેલા લોકો પૈકી કોરોનાની લપેટમાં આવેલા ભારતીયોની સંખ્યા સાત થઈ છે. ભારતીય દૂતાવાસના જણાવ્યા મુજબ બુધવારે ભારતીય નાગરિકનો કોરોના ટેસ્ટ પોઝિટિવ આવતા તેને હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો છે. ક્રુઝ પર સવાર કુલ ૩,૭૧૧ લોકો પૈકી અત્યાર સુધીમાં ૬૨૧ લોકો કોરોનાની સપેટમાં આવ્યા છે. ભારતીય એમ્બેસીએ એક ટ્વીટમાં જણાવ્યું કે ડાયમન્ડ પ્રિન્સેસ ક્રુઝ પરના એક ભારતીય ક્રૂ સભ્યનો કોરોના ટેસ્ટ પોઝિટિવ આવ્યો છે અને તેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. અગાઉ છ ભારતીયોનો કોરોના ટેસ્ટ પોઝિટિવ આવ્યા હતા. કોરોનાની લપેટમાં આવેલા ભારતીય નાગરિકોની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે અને તેમના સ્વાસ્થ્યમાં સુધારો થઈ રહ્યો હોવાનું દૂતાવાસે જણાવ્યું હતું.

ક્રુઝ પર ૧૩૮ ભારતીયો છે જે પૈકી ૧૩૨ ક્રુ મેમ્બર્સ છે અને છે મુસાફરોનો સમાવેશ થાય છે. એક મહિના અગાઉ આ ક્રુઝ જાપાનના દરિયાકાંઠે પહોંચ્યું હતું. ગત મહિને ક્રુઝમાંથી હોંગકોંગમાં ઉતરેલા એક મુસાફરને કોરોના વાયરસ હોવાનું જણાતા ખળભળાટ મચી ગયો હતો. બુધવારે કેટલાક પેસેન્જર્સને ક્રુઝમાંથી બહાર કાઢવાની પ્રક્રિયા હાથ ધરાઈ હતી.

સંજય કોઠારી અત્યારે રાષ્ટ્રપતિના મુખ્ય સચિવ છે

સંજય કોઠારી નવા સીવીસી અને બિમલ ઝુલ્કા નવા માહિતી સચિવ બનશે

ન્યુ દિલ્હી

કેન્દ્ર સરકારે બે નવી નિમણૂકો જાહેર કરી હતી. ચીફ વિજિલન્સ કમિશનર (સીવીસી) અને ચીફ ઈન્ફર્મેશન કમિશનર તરીકેની બે નિમણૂકોની જાહેરાત કરવામાં આવી હતી.

હાલ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદના સચિવ તરીકે ફરજ બજાવતા આઈએએસ અધિકારી સંજય કોઠારીને નવા સીવીસી તરીકે પસંદ કરવામાં આવ્યા હતા અને બિમલ ઝુલ્કાને નવા વરિષ્ઠ માહિતી આયુક્ત તરીકે પસંદ કરવામાં આવ્યા હતા.

આ બંને અધિકારી આઈએએસ થયેલા છે અને પોતપોતાના કામ માટે અનુભવી તેમજ કાબેલ છે. સંજય કોઠારી ૧૯૭૮ના બેચના હરિયાણા કેડરના આઈએએસ અધિકારી છે જ્યારે બિમલ ઝુલ્કા ૧૯૭૯ના મધ્ય પ્રદેશ કેડરના આઈએએસ અધિકારી છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહ પ્રધાન અમિત શાહ ઉપરાંત પીએમઓ અને ગૃહ ખાતાના સચિવોની હાજરીમાં મંગળવારે વડા પ્રધાનના નિવાસસ્થાને આ નિમણૂકો કરવામાં આવી હતી.

આજથી ચીનના નાગરિકો રશિયામાં પ્રવેશી નહિ શકે

ચીનમાં કોરોના વાયરસથી વધુ ૧૩૬ના મોત,મૃતાંક ૨૦૦૦ને પાર

બેઈજિંગ

કોરોના વાઈરસથી ચીનમાં વધુ ૧૩૬ લોકોના મોત સાથે મૃત્યુઆંક ૨૦૦૪ થયો છે. ચીનના હેલ્થ કમિશન રિપોર્ટમાં જણાવ્યા પ્રમાણે માત્ર હુબેઈ વિસ્તારમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૩૨ના મોત થયા છે. ચીનમાં ૧૭૪૯ નવા કેસ નોંધાયા છે જેમાંથી હુબેઈમાં ૧૯૬૩ કેસ નોંધાયા છે. અત્યાર સુધીમાં ચીનમાં ૭૪૧૮૫ પોઝિટિવ કેસ નોંધાયા છે. રશિયાએ જાહેરાત કરી છે કે ગુરુવારથી ચીનના નાગરીકો તેના દેશમાં પ્રવેશ કરી શકશે નહીં. કોરોના વાઈરસના હાહાકારના પગલે રશિયાએ આ નિર્ણય કર્યો છે. નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે ચીનના નાગરિકો કામ માટે, અભ્યાસ માટે કે પ્રવાસ માટે રશિયમાં આવી શકશે નહીં. આ પ્રતિબંધ હંગામી છે. વિશ્વ સ્વાસ્થ્ય સંસ્થાના ડાયરેક્ટર જનરલ ટ્રેડ્રોસ ઘેબ્રેયસસે ચીનની હોસ્પિટલના પ્રમુખ ડો. લિયુ ઝિમિંગનું કોરોના વાઈરસના કારણે મોત થતા દુઃખ વ્યક્ત કર્યું છે. ચીનના કોરોના વાયરસથી પ્રભાવિત વુહાનમાં ફસાયેલા ભારતીયોને લાવવા માટે ૨૦ ફેબ્રુઆરીએ એરફોર્સનું ઝ-૧૭ ગ્લોબમાસ્ટર પ્લેન વુહાન જશે. સેનાના સૂત્રોના હવાલાથી આ માહિતી મંગળવારે આપી હતી. આ વિમાનમાં કોરોના વાઈરસથી પ્રભાવિત નાગરિકો માટે દવાઓ અને મેડિકલ ઉપકરણો હશે. બીજી તરફ જાપાનના યોકોહામા પોર્ટ પર અટકાવવામાં આવેલા ડાયમંડ પ્રિન્સેજ શિપ પર વધુ બે ભારતીયોમાં કોરોના વાઈરસનું સંક્રમણ જોવા મળ્યુ છે.

સીએએ વિરોધી પત્રિકા ફેંકી લોકોને વિરોધ કરવા એક થવા આહ્વાન કર્યું

બિહારના ગયામાં માઓવાદીઓએ શાળાનું બિલ્ડિંગ ફૂંકી માર્યું

ગયા

સંદિગ્ધ માઓવાદીઓએ બિહારના ગયા જિલ્લામાં એક શાળાનું બિલ્ડિંગ ફૂંકી માર્યું હતું અને ત્યાં નાગરિકતા સુધારણા કાયદા (સીએએ) વિરોધી પત્રિકા ફેંકવામાં આવી હોવાનું એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

બિહારના ગયાના એસપી રાજીવ મિશ્રાના જણાવ્યા મુજબ સીઆરપીએફની ૧૫૩ બટાલિયનની એક ટુકડી ગત ૧૮ માર્ચથી અહીં પડાવ નાંખીને રહી રહી છે. લોકસભા ચૂંટણી અગાઉ નક્સલીઓએ કરેલા હુમલા બાદથી અહીં સુરક્ષા સઘન બનાવવામાં આવી હતી. ૮ ફેબ્રુઆરીના સીઆરપીએફની ટુકડીને જંગલ નજીક તેમના કેમ્પ પાસે ખસેડવામાં આવી હતી.

મંગળવારે રાત્રે બાંકે બઝાર પોલીસ સ્ટેશનની હદમાં આવેલી શાળાના ખાલી મકાનને બ્લાસ્ટ કરી ઉડાવી દેવાયું હતું. જો કે સદનસીબે તેમાં કોઈને ઈજા પહોંચી નથી. નક્સલીઓએ બ્રાહ્મણવાદી, હિન્દુત્વવાદી ફાંસીવાદી ભાજપ સરકાર એવા સૂત્રો પોકાર્યા હતા અને ત્યાં પેમ્ફલેટ પણ ફેંક્યા હતા જેમાં લોકોને સીએએ, એનઆરસી અને એનપીઆર જેવા રાક્ષસી કાયદા સામે એક થવા આહ્વાન કરાયું હતું.

એસએસપીના મતે રવિવારે નવ જેટલી મહિલાઓની નક્સલીઓ સાથે સંપર્ક હોવાની આશંકાએ પૂછપરછ કરાઈ હતી. પૂછપરછમાં એક મહિલાએ પ્રતિબંધિત સીપીઆઈ (માઓઈસ્ટ)ની તે સભ્ય હોવાનું સ્વીકાર્યું હતું. આ ઉપરાંત શાંતિબાગ વિરોધમાં હાજર રહેવા માટે રૂ. ૩૦૦-૪૦૦ આપવામાં આવ્યા હોવાનું અન્ય કેટલીક મહિલાઓએ કબૂલ્યું હતું.



થાણેમાં શિવાજી જયંતિની આગળ, વિદ્યાર્થીઓ છત્રપતિ શિવાજી મહારાજ સાથે જોડાયેલા કિલ્લાઓની હથિયારો અને પ્રતિકૃતિઓની એક પ્રદર્શનની મુલાકાત લે છે.

૧૬ વર્ષ બાદ પરિવારને ન્યાય મળ્યો, બ્લેકમેઈલિંગથી ત્રાસી પરિવારે કરી હતી આત્મહત્યા

સામૂહિક આત્મહત્યા કેસઃ પૂર્વ ડીઆઈજીને આઠ અને ડીએસપીને ૪ વર્ષની સજા ફટકારતી કોર્ટ

અમૃતસર

એક પરિવારની સામૂહિક આત્મહત્યાના કેસના બહુચર્ચિત કેસમાં ૬ લોકોને કોર્ટે સજા ફટકારી છે. આ ઘટના વર્ષ ૨૦૦૪ની છે. બહુચર્ચિત આ કેસમાં અમૃતસરની કોર્ટે પૂર્વ ડીઆઈજી કુલતારસિંહને આઠ વર્ષ, ડીએસપી હરદેવસિંહને ૪ વર્ષની સજા ફટકારી છે. આ સિવાય ૪ આરોપીઓનેકોર્ટે આઠ-આઠ વર્ષની સજા ફટકારી છે. કોર્ટે પોલીસ અધિકારીઓને દંડ પણ ફટકાર્યો છે.

અગાઉ કોર્ટે આ કેસમાં આરોપીઓને દોષિત ઠેરવ્યા હતા. ૨૦૦૪માં આ કેસ દેશભરમાં ભારે ચર્ચામાં રહ્યો હતો. આ પરિવાર પર પોલીસ દ્વારા બ્લેકમેઈલિંગ કરવાનો આરોપ હતો. જેમને સજા થઈ છે તે મૃતકોના નજીકના સંબંધી છે. સંબંધી અને પોલીસની બ્લેકમેઈલિંગથી ત્રાસીને અમૃતસરમાં ચૌક મોનીમાં રહેતા હરદિપસિંહે મા, પત્ની અને દીકરા અને દીકરી સાથે મળીને આત્મહત્યા કરી લીધી હતી. હરદીપનો પિતા સાથે સંપત્તિને લઈને ઝઘડો ચાલી રહ્યો હતો.

આ ઝઘડામાં પિતા સુંદરસિંહનું મોત થઈ ગયું હતું. પિતાના મોત બાદ દીકરો હરદીપસિંહ લાશનો નિકાલ કરી રહ્યો હતો.

જે દરમિયાન એકાએક સંબંધી સબરીન કૌર બહાર નીકળતાં તેને પિતાની લાશ સાથે જોઈ લીધો હતો. ત્યારબાદ આ કેસમાં બ્લેકમેઈલિંગનો ધંધો શરૂ થયો હતો. પોલીસ પણ આ કેસમાં જોડાતાં પરિવાર ત્રાસી ગયો હતો.

આ કેસમાં આખરે પોલીસ અને સંબંધીઓના ત્રાસથી હરદીપસિંહે પરિવાર સાથે આત્મહત્યા કરી લીધી હતા. જે કેસ અમૃતસર કોર્ટમાં ચાલી જતાં પૂર્વ ડીઆઈજી કુલતારસિંહને ૮ વર્ષની ડીએસપી હરદેવસિંહને ૪ વર્ષની સજા ફટાકારાઈ છે. પોલીસે બ્લેકમેઈલિંગમાં સામેલ સંબંધી મહિન્દરસિંહ, વહુ સબરિન કૌર, દીકરી પરમિંદર કૌર અને જમાઈ પલવિંદર પાલ સિંહને ૮ વર્ષની સજા ફટકારી છે.

૫૩૩ વિશ્વ વિદ્યાલયોની રેકિંગમાં ભારતીય સંસ્થાઆને સ્થાન મળ્યું

વિશ્વની ટોપ ૧૦૦ યુનિ.માં ભારતની ૧૧ સંસ્થાઓ સામેલ, IISC ૧૬મા સ્થાને

(જી.એન.એસ)લંડન,તા.૧૯

ટાઈમ્સ યુનિવર્સિટી રેકિંગમાં ભારતીય વિશ્વ વિદ્યાલયોને એકવાર ફરી ડંકો વાગ્યો છે. ટાઈમ્સ હાયર એજ્યુકેશન ઉભરતી અર્થવ્યવસ્થા યુનિવર્સિટી રેકિંગ્સ ૨૦૨૦માં ૧૧ ભારતીય વિશ્વ વિદ્યાલયોએ જગ્યા બનાવી છે. આ એક રેકોર્ડ છે. વિશ્વની ઉભરતી અર્થવ્યવસ્થા વાળા દેશોમાં ભારતીય યુનિવર્સિટીઓનું પ્રદર્શન આ વર્ષે સારૂ રહ્યું છે.

વિશ્વની ઉભરતી અર્થવ્યવસ્થાઓમાં ૫૩૩ વિશ્વ વિદ્યાલયોની રેકિંગમાં ભારતીય વિશ્વવિદ્યાલયોને સ્થાન મળ્યું છે. ટોપ-૧૦૦માં ભારતની આગળ ચીન છે, જેની ૩૦ વિશ્વવિદ્યાલયો સામેલ છે. મંગળવારે સાંજે લંડનમાં જારી આ લિસ્ટમાં ૪૭ દેશોને સામેલ કરવામાં આવ્યા છે. આ રેકિંગ ૨૦૧૪માં શરૂ થઈ હતી, જ્યારે વિશ્વ સ્તર પર ખુબ ઓછી વિશ્વવિદ્યાલયોએ રેકિંગમાં ભાગ લીધો હતો.

આ રેકિંગમાં ભારતીય વિજ્ઞાન સંસ્થા ૧૬માં સ્થાન પર છે. આ ભારતીય ટેક્નોલોજી સંસ્થા બાદ ભારતની ટોચના ક્રમની સંસ્થા છે. ટોપ-૧૦૦માં સામેલ અન્ય યુનિવર્સિટીઓની વાત કરીએ તો રેકિંગમાં આઈઆઈટી ખડગપુર ૨૩ સ્થાનની છલાંગ સાથે ૩૨માં સ્થાન પર પહોંચી ગયું છે. આઈઆઈટી દિલ્હી ૨૮ સ્થાનના સુધાર સાથે ૩૮માં અને આઈઆઈટી મદ્રાસ ૧૨ સ્થાન ઉપર આવીને ૬૩માં સ્થાને છે.

ઈન્ડિયન ઈન્સ્ટીટ્યૂટ ઓફ ટેક્નોલોજી રોપડ અને ઈન્સ્ટીટ્યૂટ ઓફ કેમિકલ ટેક્નોલોજીને પ્રથમવાર રેકિંગમાં સ્થાન મળ્યું છે અને બંન્ને ટોપ-૧૦૦મા છે. આ પરિણામથી તે આશા કરવામાં આવી રહી છે કે અહીં વિદેશી વિદ્યાર્થીઓ અને કર્મચારીઓમાં વૃદ્ધિ થશે. ઓનલાઈન અભ્યાસની રજૂઆત અને વિશ્વભરની અન્ય ટોપ વિશ્વવિદ્યાલયોની સાથે શૈક્ષણિક સહયોગને પ્રોત્સાહન મળશે.

કેન્દ્રીય ગૃહપ્રધાને કાશ્મીરી પંડિતોના પ્રતિનિધિ સાથે મુલાકાત કરી

કાશ્મીરી પંડિતોનું પુનર્વસન સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતાઃ અમિત શાહ

ન્યુ દિલ્હી

કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે કાશ્મીરી પંડિતોના પ્રતિનિધિ મંડળને ખાતરી આપી હતી કે, કાશ્મીરમાં તેમનું પુનર્વસન નરેન્દ્ર મોદી સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા છે અને તમને કાશ્મીરમાં ફરીથી વસાવવામાં આવશે. આ અંગે શાહે કહ્યું કે, જમ્મુ-કાશ્મીરના ઓછામાં ઓછા ૧૦ જિલ્લાઓમાં અલગ નગરો બનાવવામાં આવશે અને ખીણમાં ફરીથી મંદિરો બનાવવામાં આવશે.

ગૃહપ્રધાન અમિત શાહે મંગળવારે સાંજે ઉત્તર બ્લોકમાં સાત સભ્યોના કાશ્મીરી પંડિતોના પ્રતિનિધિમંડળ સાથે મુલાકાત કરી આ ખાતરી આપી હતી. લગભગ અડધો કલાક ચાલેલી બેઠકમાં પ્રતિનિધિ મંડળે ગૃહપ્રધાન શાહને વિસ્થાપિત પંડિતોના મુદ્દાને પ્રાથમિકતાના ધોરણે ઉકેલવાની અપીલ કરી હતી.

નોંધપાત્ર વાત એ છે કે, ઈસ્લામિક આતંકીઓની ધમકીઓને કારણે કાશ્મીરી પંડિતોને ૧૯૮૯ના અંતમાં અને ૯૦ના દાયકાની શરૂઆતમાં તેમનું ઘર છોડવું પડ્યું હતું. અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કે, ગૃહ પ્રધાન શાહે પ્રતિનિધિમંડળને ખાતરી આપી હતી કે, કેન્દ્ર સરકાર કાશ્મીરી પંડિત સમુદાય માટે સરકારી નોકરીમાં વય છૂટછાટ માટેની વિશેષ જોગવાઈ લાવશે.



દુબઈના મિરેબલ ગાર્ડનમાં એમિરેટ્સના એ ૩૮૦ જેટલાઈનરની પ્રતિકૃતિને ફુલોથી સજાવવામાં આવી છે. એ માટે લગભગ પાંચ લાખ ફુલો વપરાયાં છે.

બેંકના અધ્યક્ષ-પૂર્વ ધારાસભ્ય વિવેક પાટિલ કૌભાંડમાં સામેલ

મહારાષ્ટ્રની કર્નાલા કો-ઓપરેટિવ બેંકમાં ૫૧૨ કરોડનું કૌભાંડઃ ૭૬ વિરૂદ્ધ FIR

મુંબઈ

પીએમસી બેંક બાદ મહારાષ્ટ્રની કર્નાલા કો-ઓપરેટિવ બેંકમાં મહાકૌભાંડ સામે આવ્યું છે. આ બેંકમાં ૫૧૨ કરોડ રુપિયાનું કૌભાંડ આચરવામાં આવ્યું છે. નવી મુંબઈ પોલીસે ૭૬ લોકો વિરૂદ્ધ ભારતીય દંડ સંહિતા અંતર્ગત એફઆઈઆર દાખલ કરી છે. અગાઉ સહકારી બેંક પીએમસીમાં પણ કરોડો રુપિયાનું કૌભાંડ સામે આવ્યું હતું. જેના થોડા મહિના બાદ કર્નાલા સહકારી બેંકમાં કૌભાંડ સામે આવ્યું છે.

આ અંગે પ્રાપ્ત વિગતો પ્રમાણે, બેંકના અધ્યક્ષ અને પૂર્વ ધારાસભ્ય વિવેક પાટિલ આ કૌભાંડમાં સામેલ છે. આ ઉપરાંત ૧૩ લોકો બેંક મેનેજમેન્ટ સાથે સંકળાયેલા છે, જ્યારે ૬૩ લોકો પર નકલી દસ્તાવેજો બનાવીને બેંકમાંથી ૫૧૨ કરોડ રુપિયાની લોન લેવાનો આરોપ છે. જેમના વિરૂદ્ધ ફરિયાદ દાખલ થઈ છે, તેમાં અનેક લોકો શેતકરી કામગાર પાર્ટી સાથે સંકળાયેલા છે.

આ કૌભાંડ સામે આવ્યા બાદ બેંકે ગ્રાહકોના રોકડ ઉપાડવા પર રોક લગાવી હતી. જે બાદ ખાતેદારોએ પનવેલમાં પ્રદર્શન કર્યું હતું. બેંક ખાતાધારકોએ આ મામલે ભૂખ હડતાલ પર ઉતરવાની ધમકી આપી છે. પૂર્વ સાંસદ કિરીટ સોમૈયા, ધારાસભ્ય પ્રશાંત ઠાકુર અને મહેશ બલ્દીએ બેંકના કેટલાક ગ્રાહતોને લઈને આ મામેલ કાયદાકીય લડાલી લડવા માટે એક કમિટિની રચના કરી છે.

અગાઉ પંજાબ એન્ડ મહારાષ્ટ્ર કૉ-ઓપરેટિવ બેંકના પૂર્વ મેનેજમેન્ટ અને એચડીઆઈએલના પ્રમોટરો વિરૂદ્ધ એફઆઈઆર દાખલ કરવામાં આવી હતી. મુંબઈ પોલીસે આ એફઆઈઆર રિઝર્વ બેંક તરફથી નિયુક્ત કરવામાં આવેલા સંચાલકની ફરિયાદના આધારે દાખલ કરી હતી.

મુખ્ય પ્રધાન પર આક્ષેપ કરાયા કે સંઘ સામે નમી પડ્યા

કેરળમાં કોંગ્રેસે પોલીસ સ્ટેશન સામે જ બીફ વહેંચતા વિવાદ

કોચ્ચી

કેરળ કોંગ્રેસે કેરળના કોઝીકોડ વિસ્તારના મુક્કમ પોલીસ સ્ટેશન સામે બીફની કરી (ગૌમાંસની એક વાનગી) વહેંચી હતી. પોલીસ તાલીમાર્થીઓના મેનુમાંથી બીફની વાનગી રદ કરાયાના અહેવાલોથી કોંગ્રેસ પક્ષ ભડક્યો હતો અને એવો આક્ષેપ કર્યો હતો કે રા. સ્વ. સંઘના દબાણ સામે મુખ્ય પ્રધાન પી વિજયન ઝુકી ગયા હતા.

કેપીસીસીના સચિવ કે પ્રવીણ કુમારે બીફ કરી અને બ્રેડ વહેંચતાં એવો આક્ષેપ કર્યો હતો કે મુખ્ય પ્રધાન વિજયને સંઘના દબાણ સામે નમતું આપીને પોલીસ તાલીમાર્થીઓના મેનુમાંથી બીફની વાનગી રદ કરી હતી. એની સામે કોંગ્રેસનો પ્રચંડ વિરોધ છે.

તેમણે એવો આક્ષેપ પણ કર્યો હતો કે મુખ્ય પ્રધાનપદના સોગન લીધા બાદ વિજયન વડા પ્રધાનને મળવા ગયા હતા. ત્યારબાદ લોકનાથ બેહરાને પોલીસ ખાતામાં સૌથી ઊંચો હોદ્દો આપ્યો અને પોલીસ તાલીમાર્થીઓના મેનુમાંથી બીફની વાનગી રદ કરાવી નાખી.

સીબીઆઈમાં કથિત ભ્રષ્ટાચાર મામલે કોર્ટે આકરી ફટકારો લગાવી

રાકેશ અસ્થાનાનો લાઈ ડિટેક્ટર ટેસ્ટ કેમ ન કરાવ્યો?: કોર્ટની સીબીઆઈને ફટકાર



સીબીઆઈએ રાકેશ અસ્થાનાને બીજા આરોપીઓની સાથે સામસામે બેસીડીને પૂછપરછ કેમ ન કરી? કોર્ટે સીબીઆઈને પૂછ્યું કે તપાસ દરમિયાન શું રાકેશ અસ્થાનાનો મોબાઈલ ફોન, ઈલેક્ટ્રોનિક સામાન લેવામાં આવ્યો હતો?

સીબીઆઈએ કોર્ટના ત્રણ સવાલોના જવાબમાં કહ્યું કે અમે રાકેશ અસ્થાના સાથે માત્ર પૂછપરછ કરી છે. કોર્ટે કેસ ડાયરી લઈ લીધી છે. કોર્ટે કહ્યું કે અમને વિગતે અભ્યાસ કરીશું કે તમે કેવી રીતે તપાસ કરી છે?

કોર્ટે સીબીઆઈને આ કેસ સાથે જોડાયેલા તમામ મહત્વપૂર્ણ લોકોની કૉલ ડિટેલ માંગી છે. હવે સીબીઆઈને આ કેસ સાથે જોડાયેલા તમામ લોકોના ૧૫ ઑક્ટોબર ૨૦૧૮થી ૨૩ ઑક્ટોબર ૨૦૧૮ સુધીની કૉલ ડિટેલ આપવી પડશે. આ પહેલા સીબીઆઈએ કોર્ટને કેસ ડાયરી આપી અને કહ્યું કે તેમાં પૈસાની લેવડ-દેવડનો રેકોર્ડ છે.

કોર્ટે સીબીઆઈને સવાલ કર્યો કે આ PMLAનો મામલો શું છે. તમે કેમ તેનાથી PMLA કેસની જેમ જોઈ રહ્યા છો? શું વચેટિયા સોમેશ પ્રસાદના બે મોબાઈલ ફોન તમે લીધા? શું સોમેશ પ્રસાદે પોતાનું ઈ-મેલ તમારી સામે ખોલ્યું? તેની પર સીબીઆઈએ કોર્ટને કહ્યું ના, ઈ-મેલ તેણે નહોતું ખોલ્યું. બંને ફોન પણ નથી આપ્યા. અમે નોટિસ મોકલી છે. તેની પર કોર્ટે કહ્યું કે સોમેશ પ્રસાદ પાસેથી ઘણી વિગતો બહાર આવી શકતી હતી. હવે તો બધું ખતમ થઈ ગયું.

ફ્રાન્સ સરકારનો નિર્ણયઃ અન્ય દેશમાંથી આવનારા મુસ્લિમ ઈમામો પર પ્રતિબંધ

પેરિસ

જર્મનીમાં મુસલમાનોને લઈને વિરોધ પ્રદર્શન ચાલી રહ્યા છે. આ દરમિયાન ફ્રાન્સ પણ પોતાના દેશમાં વિદેશી ઈમામોને આવવા નહીં દે. ફ્રાન્સની સરકારે આ નિર્ણય એ માટે લીધો છે જેથી દેશમાં આતંકવાદી પ્રવૃત્તિઓને રોકી શકાય. આ નિર્ણય પર રાષ્ટ્રપતિ ઈમૈનુએલ મૈક્રોંએ મહોર મારી દીધી છે. રાષ્ટ્રપતિ ઈમૈનુએલ મૈક્રોંએ પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું કે, "અમે ૨૦૨૦ બાદ પોતાના દેશમાં કોઈપણ અન્ય દેશથી આવનારા મુસ્લિમ ઈમામો પર પ્રતિબંધ લગાવી દીધો છે. ફ્રાન્સમાં દર વર્ષે લગભગ ૩૦૦ ઈમામો દુનિયાભરનાં દેશોથી આવે છે."

રાષ્ટ્રપતિ ઈમૈનુએલ મૈક્રોંએ જણાવ્યું કે, "આ પગલાથી ફ્રાન્સમાં આતંકવાદી પ્રવૃત્તિઓ પર રોક લાગશે. ફ્રાન્સમાં મોટાભાગનાં ઈમામ અલ્જીરિયા, મોરક્કો અને તુર્કીથી આવે છે. તેઓ અહીં આવીને મદરેસાઓમાં ભણાવે છે. અમે ફ્રેન્ચ મુસ્લિમ કાઉન્સિલને કહ્યું છે કે તેઓ એ વાત પર નજર રાખે કે ૨૦૨૦ બાદ કોઈ વિદેશી મુસ્લિમ ઈમામ ફ્રાન્સમાં ના આવે." રાષ્ટ્રપતિ ઈમૈનુએલ મૈક્રોંએ સીએફસીએમથી એ પણ કહ્યું કે, "ફ્રાન્સમાં હાજર તમામ વિદેશી ઈમામોને ફ્રેન્ચ શીખવા કહે અને સાથે જ કટ્ટરપંથી ભાવનાઓ ના ભડકાવે. કોઈપણ પ્રકારની આતંકવાદી ગતિવિધિઓમાં સામે ના થાય. ફ્રાન્સનાં કાયદાનું રક્ષણ કરે."

ઈમૈનુએલ મૈક્રોંએ કહ્યું કે, "એ જરૂરી નથી કે તમામ આતંકવાદી મુસ્લિમ જ હોય, પરંતુ મોટાભાગનાં કેસમાં ઈસ્લામિક આતંકવાદ જ સામે આવે છે. આ કારણે અમે આવું પગલું ઉઠાવ્યું છે. મારી તમામ ધર્મનાં લોકોને અપીલ છે કે ફ્રાન્સની રક્ષા કરે. આ દેશનાં કાયદાનું પાલન કરે." રાષ્ટ્રપતિએ કહ્યું કે, "સંસ્કૃતિ અને પરંપરાઓને શીખવાનો પ્રયત્ન કરે. તેનાથી તેમનું જ્ઞાન અને અનુભવ વધશે.

સુરક્ષા મુદ્દાને ધ્યાને રાખી નિર્ણય લેવાયો હોવાની ચર્ચા

૫ માર્ચે યોજાનારી જમ્મુ-કાશ્મીરની પેટાચૂંટણી ત્રણ અઠવાડિયા માટે સ્થગિત

શ્રીનગર

જમ્મુ-કાશ્મીરમાં પાંચ માર્ચથી શરુ થનારી પંચાયતોની પેટાચૂંટણીને સુરક્ષાના કારણે રદ કરી દેવામાં આવી છે. રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારીએ આ અંગેની જાણકારી આપતા જણાવ્યું કે, સુરક્ષા મુદ્દાઓને લઈને ચિંતાને દૂર કર્યા પછી સંભવિત બે કે ત્રણ અઠવાડિયામાં પેટાચૂંટણીની નવી તારીખ જાહેર કરવામાં આવશે. રિપોર્ટ મુજબ ચૂંટણી પંચે પેટાચૂંટણી માટે જાહેર કરેલી તારીખ અને તબક્કાવારા ચૂંટણી માટે જાહેર કરેલા સૂચનો પરત ખેંચી લીધા છે.

નોંધનીય છે કે જાહેરાત મુજબ જમ્મુ-કાશ્મીરમાં પંચાયત ચૂંટણી પાંચ માર્ચથી ૨૦ માર્ચ સુધીમાં યોજાવાની હતી. રાજ્યમાં આ પેટાચૂંટણીને આઠ તબક્કાઓમાં પૂર્ણ કરવાની જાહેરાત કરવામાં આવી હતી.

જોકે ચૂંટણી પંચના આ નિર્ણય પછી નવી તારીખો અને નવા તબક્કાવાર પેટાચૂંટણી યોજાશે. જમ્મુ-કાશ્મીરમાંથી આર્ટિકલ ૩૭૦ હટાવ્યા પછી તેને બે કેન્દ્રશાસિત રાજ્યોમાં વહેંચ્યા બાદ આ પહેલી ચૂંટણી યોજાઈ રહી હતી.

પાકિસ્તાને અણુશસ્ત્રથી સજ્જ ક્રૂઝ મિસાઈલનું ટેસ્ટિંગ કર્યાનો દાવો

ઈસ્લામાબાદ

જમ્મુ કશ્મીર અને નાગરિકતા અંગેના નવા કાયદા જેવા મુદ્દે ભારત વિરોધી પ્રચાર કરી રહેલા પાકિસ્તાને અણુશસ્ત્રથી સજ્જ કરી શકાય એવા ક્રૂઝ મિસાઈલનું ટેસ્ટિંગ કર્યું હોવાનો દાવો કર્યો હતો.

આવતા સપ્તાહે અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ભારતની મુલાકાતે આવી રહ્યા છે ત્યારે પાકિસ્તાન જાણે ભારતને ડારવા માગતું હોય કે દેખાડી દેવા માગતું હોય એમ ક્રૂઝ મિસાઈલ રાડ ટુનું ટેસ્ટિંગ કર્યું.

આ મિસાઈલ ૬૦૦ કિલોમીટર દૂરના નિશાનને વીંધી શકે છે એવો દાવો પાકિસ્તાનના સંરક્ષણ ખાતાએ કર્યો હતો. પાકિસ્તાનના લશ્કરના મિડિયા વિભાગે જણાવ્યું હતું કે આ મિસાઈલ લેટેસ્ટ ટેક્નોલોજીથી સજ્જ છે અને જમીની તેમજ દરિયાઈ હુમલાનો જોરદાર પ્રતિકાર કરવા સક્ષમ છે. અમે એનું સફળ પરીક્ષણ કરી શક્યાનો આનંદ વ્યક્ત કરીએ છીએ.

આકરા ઉનાળા માટે તૈયાર રહેજોઃ માર્ચ-એપ્રિલમાં સામાન્ય કરતા વધુ ગરમીની આગાહી

ગુજરાત - મહારાષ્ટ્ર - રાજસ્થાન - કર્ણાટક - આંધ્ર - તામિલનાડુમાં ચામડી દાઝે તેવી ગરમી પડશે

પૂણે

ફેબ્રુઆરીના મધ્યથી જ ગરમીની શરૂઆત થઈ ગઈ છે. આ વખતનો ઉનાળો દેશના મોટાભાગના વિસ્તારોમાં ધોમધખતો રહેવાનો છે. ભારતીય હવામાન વિભાગની આગાહી પ્રમાણે, મધ્ય, પશ્ચિમ અને દક્ષિણ ભારતના ઘણા વિસ્તારોમાં માર્ચ અને એપ્રિલ મહિનામાં સામાન્ય કરતાં તાપમાન વધુ રહેવાની 'પ્રબળ શકયતા' છે. એપ્રિલમાં દિલ્હી, ઉત્તરપ્રદેશ, હરિયાણા, ચંડીગઢ, રાજસ્થાન, મધ્યપ્રદેશ અને મોટાભાગના મહારાષ્ટ્રમાં સરેરાશ તાપમાન સામાન્ય કરતાં ૧-૧.૫ ડિગ્રી સેલ્સિઅસ ઊંચું રહેશે.

દક્ષિણ ભારત રાજયનો અને મહારાષ્ટ્ર માટે શિયાળાનો મહિનો હોવા છતાં ફેબ્રુઆરી થોડો ગરમ રહ્યો હતો. આગામી બે મહિનામાં ગરમીનો પારો ઊંચો ચડશે તેવી શકયતા છે. દેશમાં માર્ચ અને એપ્રિલમાં મહિનાનું સરેરાશ તાપમાન સામાન્ય કરતાં ૧-૧.૫ ડિગ્રી સેલ્સિઅસ ઊંચું રહી શકે છે. ખાસ કરીને મધ્ય ભારતમાં આ સ્થિતિ જોવા મળશે. આગાહી મુજબ, મહારાષ્ટ્ર, ગુજરાત, રાજસ્થાન અને દક્ષિણ ભારતના કર્ણાટક, આંધ્રપ્રદેશ અને તમિલનાડુ જેવા રાજયોમાં સરેરાશ તાપમાન વધારે રહેશે. ગ્લોબલ વોર્મિંગના કારણે થતી ગ્રીનહાઉસ ઉત્સર્જન સાથે સંકળાયેલું ગ્લોબલ વોર્મિંગનું વલણ વધુ ગરમી માટે જવાબદાર છે.

૨૦૧૨માં હવામાન વિભાગ દ્વારા હાથ ધરવામાં આવેલા સ્ટડી મુજબ, માર્ચ મહિનામાં તાપમાનની આવર્તન અને સ્થિરતા ૦.૫-૧ ડિગ્રીની આસપાસ રહી શકે છે. ઉત્તરપશ્ચિમ અને મધ્ય ભારતના મોટાભાગના વિસ્તારોમાં એપ્રિલ મહિનામાં સરેરાશ તાપમાન ઊંચું રહેવાની સંભાવના છે. હવામાન વિભાગના એક અધિકારીએ જણાવ્યું, હીટવેવના સંકેત અને તેની અસર હેઠળ આવતા વિસ્તારો અથવા હીટવેવના આકરા દિવસો સરેરાશ દિવસો કરતાં વધુ હોય તો તેવા વર્ષોને અલ નીનોના વર્ષો કહી શકાય. ભારતના ૧૦૩ સ્થળોની છેલ્લા ૫૦ વર્ષો (૧૯૬૧-૨૦૧૦)ની ઉનાળાની ઋતુ (માર્ચ થી જુલાઈ)ની માહિતી એકત્ર કરીને સ્ટડી કરવામાં આવ્યો છે. સ્ટડી મુજબ, ૧૧ અલ નીનો (અલ નીનોનું સફળ વર્ષ) વર્ષોમાંથી ૯ વર્ષ દરમિયાન ભારતભરના હીટવેવના દિવસો કલાઈમેટોલિજકલ વેલ્યૂ કરતાં વધારે હતા.

એક નાનું પક્ષી પણ આ કાયદા વ્યવસ્થાનું ઉલ્લંઘન ન કરી શકે

રામભક્તો પર ગોળી ચલાવનારાઓ અમને સવાલ પૂછે છેઃ યોગી આદિત્યનાથ

લખનઉ

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે સમાજવાદી પાર્ટી પર નિશાન સાધ્યું છે. વિધાનસભામાં રાજ્યપાલના અભિભાષણ પર બોલતા સીએમ યોગીએ કહ્યું કે રાજ્યપાલના ભાષણથી સત્રનો શુભારંભ કરવાની પરંપરા રહી છે. લોકશાહીમાં તમામને બોલવાનો હક્ક છે પરંતુ બંધારણની મર્યાદામાં રહીને જ. ગૃહમાં વિપક્ષના હોબાળા પર નિશાન સાધતાં સીએમ યોગી આદિત્યનાથે કહ્યું કે બંધારણની વાતો કરનારા જ તેને છીન્નભીન્ન કરી રહ્યાં છે. ગૃહમાં તો કાગળના ગોળાઓ ફેંકવામાં આવ્યા છે. રામભક્તો પર ગોળી ચલાવનારાઓ અમને સવાલ પૂછે છે. રામ રાજ્ય કોઈ ધાર્મિક કાર્ય નથી, તેની પરિભાષા સ્પષ્ટ છે. સીએમ યોગી આદિત્યનાથે પોતાની સરકારની પ્રશંસા કરતા કહ્યું કે એક નાનું પક્ષી પણ આ કાયદા વ્યવસ્થાનું ઉલ્લંઘન ન કરી શકે, જે વાત ૯ નવેમ્બર ૨૦૧૯નાં રોજ સાબિત થઈ છે. ગોળી ચલાવનારાઓ ખોટા હતા. આ લોકો આતંકવાદના કેસ પરત લે છે અને રામભક્તો પર ગોળી ચલાવવાની વાતને યોગ્ય માને છે. આ પહેલાં મંગળવારે યોગી સરકારે સૌથી મોટું બજેટ રજૂ કર્યું. પહેલી વખત યુપીનું બજેટ ૫ લાખ ૧૨ હજાર ૮૬૦ કરોડ ૭૨ લાખ રહ્યું. જેમાં કાશી અને અયોધ્યાને ખાસ મહત્વ આપવામાં આવ્યું. તેમજ તલાક લેનાર મહિલાઓ માટે પેન્શન સ્કીમની પણ જાહેરાત કરી.

બ્રિટને નવી વિઝા સિસ્ટમ લોન્ચ કરીઃ પ્રતિભાશાળી લોકોને યુકે તરફ આકર્ષિક કરવાનો પ્રયાસ

લંડન

બ્રિટને નવી વિઝા સિસ્ટમ લોન્ચ કરી દીધી છે. ગૃહ સચિવ પ્રીતિ પટેલે બુધવારે યુકેની નવી પોઈન્ટ બેસ વિઝા સિસ્ટમ શરૂ કરવાની ઘોષણા કરી છે, જેનો હેતુ ભારત સહિત વિશ્વના સૌથી પ્રતિભાશાળી અને શ્રેષ્ઠ લોકોને યુકે તરફ આકર્ષિત કરવાનો છે. આ નવી વિઝા સિસ્ટમનો હેતુ દેશમાં આવતા સસ્તી ઓછા-કુશળ કામદારોની સંખ્યામાં ઘટાડો કરવાનો છે. બ્રિટનના યુરોપીય સંઘથી ગયા મહિને બહાર નિકળ્યા બાદ સંક્રમણ અવધિ પુરી થયા બાદ નવી સિસ્ટમ ૧ જાન્યુઆરી ૨૦૨૧થી લાગુ થશે.

નવી પોસ્ટ બ્રેક્ઝિટ સિસ્ટમ, જે યુરોપિયન યુનિયન અને ભારત જેવા નોન-ઈયુ દેશો માટે સમાન લાગુ પડશે. આ વિશિષ્ઠ કુશળતા, લાયકાત, પગાર અને વ્યવસાયોને પોઈન્ટ આપવાના આધારે છે, જે ફક્ત પૂરતા પોઈન્ટ મેળવનારાઓને જ વિઝાની મંજૂરી આપે છે.

બ્રિટનમાં ભારતીય મૂળના સૌથી વરિષ્ઠ કેબિનેટ મંત્રી પ્રીતિ પટેલે કહ્યું કે, આજે આખા દેશ માટે ઐતિહાસિક ક્ષણ છે. અમે મુક્ત આંદોલનનો અંત લાવી રહ્યા છીએ, આપણી સરહદોને પાછી લઈ રહ્યા છીએ અને યુકેની નવી પોઈન્ટ-આધારિત ઈમિગ્રેશન સિસ્ટમ રજૂ કરીને લોકોની પ્રાથમિકતા પર પહોંચીશું, જે પ્રવાસનની એકંદર સંખ્યાને નીચે લાવશે. યુકેના વિઝા અને ઈમિગ્રેશન સિસ્ટમના પ્રભારી પ્રીતિ પટેલે જણાવ્યું હતું કે, અમે વિશ્વના સૌથી પ્રતિભાશાળી અને શ્રેષ્ઠ લોકોને આકર્ષિત કરીશું, અર્થતંત્ર અને આપણા સમુદાયોને વેગ આપીશું અને આ દેશની સંપૂર્ણ ક્ષમતા પ્રાપ્ત કરીશું.

કર્ણાટકમાં સીએએ વિરોધી કવિતાનું પઠન કરવા બદલ કવિ-પત્રકારની ધરપકડ

બેંગ્લુરુ

નાગરિકતા સંશોધન કાયદાનો વિરોધ ફક્ત રોડ પર જ નથી. તાજેતરમાં કર્ણાટકના કોપ્પલ જિલ્લામાં એક સરકારી કાર્યક્રમમાં સીએએ વિરોધી કવિતાનું પઠન કરવા બદલ એક કવિ અને પત્રકારની ધરપકડ કરવામાં આવી છે. ભાજપના એક કાર્યકર્તાએ કરેલી ફરિયાદ પર આ કાર્યવાહી કરવામાં આવી છે. તેમનો આરોપ છે કે, કવિ સિરાજ બિસરલ્લીએ કોપ્પલ જિલ્લાના ગંગાવતીમાં જાન્યુઆરીમાં આયોજિત અનેગુંડી ઉત્સવમાં નાગરિકતા સંશોધન કાયદા વિરુદ્ધ કવિતાનું પઠન કર્યું હતું. ત્યાર બાદ એક વેબ પોર્ટલના સંપાદકે તેને સોશિયલ મીડિયા પર શેર કર્યું હતું. પોલીસે કલમ ૫૦૫ અંતર્ગત ફરિયાદ દાખલ કરી છે. જો કે, ફરિયાદ બાદ કવિ અને પત્રકારે પોલીસ સ્ટેશનમાં આત્મસમર્પણ કર્યું હતું. કોર્ટે આ બંનેના જામીન રદ કરી પોલીસ કસ્ટડીમાં મોકલી આપ્યા છે.

મહારાષ્ટ્રમાં ઘમસાણ
પહેલા પાનાથી ચાલુ

દેશદ્રોહ અને સામાન્ય હિંસાની વચ્ચે એક લાઈન ખેંચવાનો પ્રયત્ન કરી રહ્યા છે અને એ સંદેશ આપવા ઈચ્છે છે કે તેમની પાર્ટી દેશદ્રોહનાં મામલે નહીં ઝુકે. ઉદ્ધવે એલ્ગાર પરિષદ અને ભીમા-કોરેગાંવને અલગ અલગ મુદ્દો ગણાવતા સ્પષ્ટ કર્યું છે કે એલ્ગાર પરિષદનો કેસ દેશદ્રોહનાં ષડયંત્રથી સંબંધિત છે, આ કારણે સરકારને આને એનઆઈએને સોંપવામાં વાંધો નથી.

મલેશિયાના વિમાન
પહેલા પાનાથી ચાલુ

નહોતા. ઓસ્ટ્રેલિયાના પૂર્વ વડાપ્રધાને આ દાવો મલેશિયાના ટોપ લેવલના અધિકારીઓને ટાંકીને કર્યો હતો. મલેશિયાની એરલાઈન એમએચ-૩૭૦ માર્ચ ૮, ૨૦૧૪ના રોજ ગાયબ થઈ ગઈ હતી. જેમાં ૨૩૯ લોકો સવાર હતાં. જેમાં મોટા ભાગના ચીનના મુસાફરો હતા જે કુઆલાલુમ્પુરથી બેઈજીંગ જઈ રહ્યાં હતાં.

હિંદ મહાસાગરમાં લગભગ ૧.૨૦ લાખ ચોરસ કિલોમીટરમાં દિવસ રાત મહિનાઓ સુધી અનેક દેશો દ્વારા તપાસ ચલાવ્યા બાદ પણ આ વિમાનનો કોઈ જ અતોપતો હાથ લાગ્યો નહોતો. આ સર્ચ અભિયાન ત્રણ વર્ષ સુધી ૨૦૧૭ સુધી ચલાવવામાં આવ્યું હતું, જે અત્યાર સુધીની એવિએશન ઈન્ડસ્ટ્રીનું સૌથી મોટું સર્ચ ઓપરેશન છે. પરંતુ હજી સુધી આ જહાંજનો કોઈ જ અતોપતો લાગ્યો નથી.

આ વિમાન ગાયબ થવા પાછળ અનેક થિયરી સામે આવી હતી. હવે વિમાનના પાયલટ જહારી અહમદ શાહને લઈને ઓસ્ટ્રેલિયાના પૂર્વ વડાપ્રધાન ટોની અબોટે જે થિયરી રજુ કરી છે તેને લઈને સૌકોઈ હેરાન છે.

એક ડોક્યૂમેન્ટ્રી સાથેની વાતચીતમાં એબોટે કહ્યું હતું કે, તેમને મલેશિયાનું વિમાન ગાયબ થયાના એક મહિનાની અંદર જ એ જણાવી દેવામાં આવ્યું હતું કે, સંભવતઃ આ વિમાનને ખુદ તેના પાયલટે જ જાણી જોઈને ડુબાડી દીધું હતું. મલેશિયાની સરકારના ટોચના લેવલના અધિકારીઓના જણાવ્યા પ્રમાણે પાયલટે આત્મહત્યા કરી અને સાથો સાથ વિમાનમાં સવાર તમામ મુસાફરોના નરસંહારનું પણ કારણ બન્યો.

ખેડૂતો માટે
પહેલા પાનાથી ચાલુ

પ્રોત્સાહિત કરવા માટે ૪૫૫૮ કરોડ રુપિયાની યોજનાને મંજૂરી આપી છે. જેનાથી લગભગ ૯૫ લાખ ખેડૂતોને ફાયદો થશે. પ્રકાશ જાવડેકરે પ્રેસ કોન્ફરન્સ કરતા કહ્યું હતું કે મંત્રીમંડળે વ્યાજ સહાયતા યોજનામાં લાભને ૨ ટકા વધારીને ૨.૫ ટકા કરવાના પ્રસ્તાવને પણ મંજૂરી આપવામાં આવી છે.

"મૂછાળી મા"થી માંડીને "હિચકી" સુધીની શિક્ષકની સફર બાળકોના સર્વાંગી વિકાસમાં કડિયાનું કામ કરે છે

કહેવાય છે કે એક શિક્ષક ધારે તો નિર્માણ પણ કરી શકે અને ધારે તો પ્રલય પણ કરી શકે. એક શિક્ષક જ ઈશ્વરે બનાવેલ એવુ સર્જન છે જે દુનિયાથી પર છે, તમારા ભવિષ્યને વિના સંકોચે તમે શિક્ષકને સોંપી શકો છો તેનું કારણ એક જ છે, શિક્ષક કડિયાનું કામ કરે છે. મા તો મહાન છે જ જે બાળક ને કષ્ટ વેઠીને આ દુનિયામા લાવે છે. પણ આ દુનિયામા લાવીને તેને દુનિયા શું છે ? રીતભાત, વ્યક્તિત્વનું નિર્માણ, સાચા ખોટાની સમજ, સમાજ વિશેની માહિતી, શું યોગ્ય છે? શું યોગ્ય નથી. જેવી પાયાની કહી શકાય તેવી મોટા ભાગની બાબતો શિક્ષક જ શીખવી શકે. માતા પિતાનું કામ બાળક ને રસ્તો બતાવાનું છે, મિત્રો પરંતુ તેને હાથ પકડી મંજિલ સુધી લઈ જનાર એક શિક્ષક હોય છે. માટે જ કહેવાય છે શિક્ષક કભી સાધારણ નહિ હોતા. દક્ષિણામૂર્તિના સ્થાપક ગિજુભાઈ બધેકા એક આદર્શ શિક્ષક હતા. તેમણે પોતાના પુસ્તક ×દિવાસ્વપ્ન×મા શિક્ષણ કઈ રીતે આપવું જોઈએ, બાળક સાથે બાળક કઈ રીતે બનવું જોઈએ, જરૂર પાડે ત્યારે એક શિક્ષકે બાળકની માતા પણ બની જવું જોઈએ, શાળાને ઘર મા પરિવર્તન કરીને બાળકના સર્વાંગી વિકાસમા કઈ રીતે ભાગીદાર થવું તે તેમણે ખૂબ જ ભાવવહી રીતે દર્શાવેલ છે. તેમની ×મૂછાળી મા×તરીકેની ઓળખ હતી. બાળકો સાથેનું તેમનું વર્તન મા કરતા પણ વિશેષ હતું. તેમની સાથે રહેતું બાળક ક્યારેય ઘરે જવાની જીદ ના કરતુ, કહેવાનો ભાવાર્થ તેઓ શાળામા જ પોતે મા અને શાળાને ઘર મા ફેરવી નાખતા. આજ કાલની પેઢીને ખરેખર આવા વાતાવરણની તાતી જરૂરિયાત છે. આપે હિચકી મૂવી જોયું હશે. ખૂબ જ હૃદયસ્પર્શી મૂવી છે. તેમાં એક શિક્ષકને કેટલા બધા ઉતાર ચડાવમાંથી પસાર થવું પડે છે. એ પણ અંગત રીતે પોતાનો કોઈ જ સ્વાર્થ ના હોવા છતાં પોતાના આત્મસમ્માનને નેવે મૂકીને એક એવી શાળાના બાળકોને જેમને બોલવાની, ચાલવાની, ઉઠવાની, બેસવાની પણ સમજ નહોતી. ગમે ત્યારે ગમે તેની સાથે ગમે તેમ બોલતા બાળકોને શિક્ષણના પાઠ શીખવીને સાથે સાથે તેમના પોતાના અંગત વ્યક્તિત્વના નિર્માણમા શિક્ષકનો મહત્વનો ફાળો દર્શાવેલ છે. શાળામાં અનિયમિત રહેતા બાળકો, ભણતર શું છે? તેની ભાવીમાં શું જરૂરિયાત છે? તે બાળકો તો દૂરની વાત પણ તેમના માતા પિતા પણ નહોતા જાણતા. ફક્ત દેખાદેખી અને બાળક ઘરે રહીને ખોટા રસ્તેના ચડી જાય તે માટે જ તેઓ બાળક ને શાળાએ મોકલતા બાકી શાળાનું મહત્વ અને શિક્ષણની ભવિષ્ય માટેની જરૂરીયાત ને તેમણે ક્યારેય સમજી નહોતી. હિચકી મૂવીમાં બાળકો અને વાલીઓના સફરની સાથે એક શિક્ષકની પણ સફર બતાવવામાં આવી છે. એક શિક્ષક પોતાના અંગત જીવનને નેવે મૂકી ને શાળા, બાળકો, વાલીઓ અને તેમની સમસ્યાઓમાં રસ લે અને રાત દિવસ તેમના ભવિષ્યના સુચારુ આયોજનમાં લગાવી દે તો એનાથી વિશેષ શિક્ષણની અને શિક્ષકની વ્યાખ્યા શું હોઈ શકે? હિચકી મૂવી બનાવવાનો ઉદ્દેશ્ય લોકો શિક્ષકના જીવનને સમજે, તેમણે આપેલા બલિદાન, તેમની પ્રામાણિકતા, તેમની નિષ્ઠવૃત્તિ, અને તેમની સફર ને હૃદયથી સમજીને તેમને કરેલા કામોના વળતર રૂપે સામાજિક પ્રતિષ્ઠા અને પ્રોત્સાહન મળે તો શિક્ષકમાં એક કુદરતી શક્તિ છે કે તે ભવિષ્યમાં સારા હીરાઓ ને નિર્માણ કરે. રાની મુખર્જી એ ખરેખર ખૂબ જ ઉમદા રોલ ભજવ્યો છે, તે પોતે ગળાના અસામાન્ય રોગ થી પીડિત હોત છે. જાહેરમા ઘણીવાર તે પોતાની જાત ને સાચવી શકતી નથી. પરંતુ તેનો આત્મવિશ્વાસ, એક ધૈર્યશીલ શિક્ષક, એક પ્રેમાળ માતા, એક સાચી માર્ગદર્શક, અને બાળકોની સમયની સાથે મિત્ર બની જઈ ને બાળકોને પોતે ક્યાં હતા અને શું બનાવી દીધા તે મૂવી માં આબેહૂબ જોઈ શકાય છે. આ તો વાત થઇ ફક્ત મૂછાળી મા અને હિચકી મૂવીની પરંતુ શું વાસ્તવિક જીવનમા આપણે શિક્ષકના સફર ને જાણી શકીએ છે? જવાબ હશે થોડા ઘણા અંશે ના. તેનું કારણ એ છે કે આપણે ક્યારેય અંગત રીતે બાળકો, તેમની પ્રવૃત્તિઓ અને જે વ્યક્તિ આ પ્રવૃત્તિ કરાવે છે તેમના જીવનમા રસ લીધો જ નથી. માટે આપણે તેમના જીવનને જાણી શકતા નથી. શિક્ષકએ બાળકોના જીવનમા કડિયા જેવું કામ કરે છે. આપણે તો ફક્ત સિમેન્ટ અને કાચી રેતી પલાળી ને આપી દઈએ છીએ, પરંતુ તેનો પાયો, ચણતર અને તેને આબેહૂબ કરવાનું કામ એક શિક્ષક કરે છે. પરંતુ અત્યારે આપણે જોઈએ કે શિક્ષકને જોઈએ તેટલી પ્રતિષ્ઠા મળતી નથી. શાળા બહારના ઘણા કાર્યો સોંપીને શિક્ષકનું શોષણ થાય છે. શું તે તંદુરસ્ત સમાજ માટે યોગ્ય છે? જો આપણે આપણા ભવિષ્યને ખૂબ જ આગળ લઈ જવું હશે તો આપણે શિક્ષકની સફરને સાચી દિશામા સમજીને તેમણે મદદરૂપ થઈ ને, તેમણે પ્રોત્સાહન આપી ને, તેમને વિશ્વાસમાં લઈ ને, તેમણે પ્રતિષ્ઠિત વ્યક્તિ તરીકે નવાજી ને સન્માન આપવું પડશે. તો આપણે સાચા અર્થમાં એક આદર્શ વ્યક્તિ, સમાજ,અને રાષ્ટ્ર,નું નિર્માણ કરી શકીશું.



ચાલુ ક્લાસે ઝેરી મધમાખીનું ઝુંડ ઘૂસ્યું, ડંખ મારતા ૨૦ વિદ્યાર્થીઓને હોસ્પિટલ ખસેડાયા

ઉના

ઉનાના અમોદ્રા રોડ પર આવેલી ગુલીસ્તા સ્કૂલમાં ચાલુ ક્લાસે ઝેરી મધમાખીનું ઝુંડ ઘૂસી જતા વિદ્યાર્થીઓમાં અફરાતફરી મચી હતી. ૨૦થી વધુ વિદ્યાર્થીઓને ઝેરી મધમાખીએ ડંખ મારી લેતા સારવાર માટે તમામને ઉનાની સરકારી હોસ્પિટલમાં ખસેડ્યા હતા. સ્કૂલની પાસે આવેલી નાળિયેરીના ઝાડમાં ઝેરી મધમાખીનું ઝુંડ રહેતું હતું.

આ અંગે સ્કૂલ દ્વારા વન વિભાગને જાણ પણ કરવામાં આવી હતી છતાં કોઈ કાર્યવાહી ન કરતા વિદ્યાર્થીઓના જીવ પર જોખમ આવ્યું છે. આથી વાલીઓ અને વિદ્યાર્થીઓમાં રોષની લાગણી જોવા મળી હતી.

ભરૂડી ટોલનાકે પિસ્તોલ કાઢી ટોલકર્મીને ધમકી આપતા પિતા-પુત્રની ધરપકડ

રાજકોટ

ગોંડલ-રાજકોટ નેશનલ હાઈવે પર ભરૂડી ટોલનાકે બે દિવસ પહેલા રૂપિયા ૪૦નો ટોલ ટેક્સ ભરવા બાબતે લક્ઝુરિયસ ગાડીમાં આવેલા રાજકોટના સરકારી કોન્ટ્રાક્ટર પિતા-પુત્રે પિસ્તોલ કાઢી ટોલ કર્મચારીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ ઘટનામાં પોલીસે પિતા-પુત્રની ધરપકડ કરી છે. આ કેસમાં બંને આરોપીઓને પકડવા માટે ગોંડલ તાલુકા પીએસઆઈ અજયસિંહ જાડેજા સહિતનાઓએ તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા.

બનાવ બાદ પોલીસે લક્ઝુરિયસ ગાડી પર વૉચ ગોઠવી હતી. પોલીસે આ કેસમાં રાજકોટ અમીનમાર્ગ ગુલાબવાટિકા સોસાયટીમાં રહેતા સરકારી કોન્ટ્રાક્ટર રાણા ભીખાભાઈ મારડિયા અને તેના પુત્ર મંથન મારડિયાની તાલુકા પોલીસે ધરપકડ કરી હતી અને તેમની લાઈસન્સવાળી રિવોલ્વર કબજે કરીને કાર્યવાહી હાથ ધરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે ભરૂડી ટોલનાકે વાહન ચાલકો અને ટોલ કર્મચારીઓ વચ્ચે છાશવારે તકરારો સર્જાતી હોય છે. જેના કારણે અન્ય વાહન ચાલકોને વગર વાંકે ટ્રાફિક જામની સમસ્યા ભોગવવી પડે છે.

અમદાવાદ એરપોર્ટ પર સુરક્ષા ઈક્વિપમેન્ટ સાથે ફરી ગ્લોબ માસ્ટરનું ઉતરાણ

અમદાવાદ

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની ૨૪ ફેબ્રુઆરીની મુલાકાત પૂર્વે સોમવારે અમેરિકી એરફોર્સનું ગ્લોબ માસ્ટર કાર્ગો કેરિયર વિમાન બુધવારે ફરી અમદાવાદ એરપોર્ટ પર ઉતર્યું છે. તેમાં સુરક્ષા ઈક્વિપમેન્ટ અને સિક્રેટ સર્વિસ ઓફિસર્સનો રસાલો આવ્યો છે. આ પહેલા સોમવારે અમેરિકી સુરક્ષા એજન્સીઓ માટેના આધુનિક ઉપકરણો તેમજ સિક્રેટ સર્વિસના વેપન્સ સહિતની સામગ્રી લાવવામાં આવ્યા હતા અને સોમવારે બપોરે અમેરિકા પરત ફર્યુ હતું.

ગ્લોબ માસ્ટર ૩૫૦૦ ફૂટ (૧૦૬૪ મીટર) લાંબા અને માત્ર ૯૦ ફૂટ (૨૭.૪ મીટર) પહોળા રન-વે પરથી ટેક ઓફ અને લેન્ડિંગ કરી શકે છે. આટલા ટૂંકા રન-વે પરથી વિમાન વળાંક પણ લઈ શકે છે.

અમેરિકી પ્રમુખને 'ધ બિસ્ટ' તરીકે ઓળખાતી વિશ્વની સૌથી સુરક્ષિત કારમાં બેસાડવામાં આવે છે. અમેરિકી પ્રમુખ જ્યારે કોઈ દેશની મુલાકાતે જાય તે પહેલાં એરફોર્સના ગ્લોબ માસ્ટર કાર્ગો કેરિયર વિમાનમાં આ રીતે કાર ફીટ કરી જે-તે શહેરમાં લઈ જવામાં આવે છે. ઉલ્લેખનીય છે કે, ૨૪ ફેબ્રુઆરીએ અમેરિકી પ્રમુખ ટ્રમ્પની અમદાવાદની મુલાકાત દરમિયાન ૨૨ કિલોમીટરનો રોડ-શો પણ યોજાવાનો છે. અમેરિકી પ્રમુખના કાફલામાં ૪૦થી વધુ કાર જોડવામાં આવે તેવી શક્યતા છે. કારના કાફલા પૈકીનું એક રોડરનર સોમવારે અમદાવાદ આવી પહોંચ્યું હતું.

પીએમ મોદી ૨૩મીએ અમદાવાદ આવશે, ટ્રમ્પના આગમનની તૈયારીની સમીક્ષા કરશે

અમદાવાદ

અમેરિકાના પ્રેસિડેન્ટ ડોનાલ્ડ ટ્રમ્પ ૨૪ ફેબ્રુઆરીએ અમદાવાદ આવશે. તેના અગાઉના દિવસે એટલે ૨૩ ફેબ્રુઆરી જ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અમદાવાદ આવી પહોંચે તેની પૂરી સંભાવના છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અમદાવાદ ક્યારે આવશે તેની હજુ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી. પરંતુ ૨૩ ફેબ્રુઆરીએ મોડી સાંજે વડાપ્રધાન મોદી અમદાવાદ આવી પહોંચે તેની પૂરી સંભાવના છે. નરેન્દ્ર મોદી આગમન બાદ ડોનાલ્ડ ટ્રમ્પના અમદાવાદથી આગમન, રોડ શો, સાબરમતી આશ્રમની મુલાકાત, મોટેરામાં યોજાનારા નમસ્તે ટ્રમ્પના કાર્યક્રમની તૈયારીની સમિક્ષા કરશે.

આ ઉપરાંત સલામતી અંગે કઈ-કઈ તકેદારી મેળવવામાં આવી છે તેની પણ માહિતી મેળવશે. ટ્રમ્પના આગમનના દિવસે સવાર સુધી આ બેઠકનો દોર જારી રહેશે. આ પછી સવારે તેઓ ડોનાલ્ડ ટ્રમ્પને આવકારવા માટે અમદાવાદ એરપોર્ટ પહોંચી જશે. દરમિયાન અમદાવાદ એરપોર્ટ હવે આગામી સોમવાર સાંજ સુધી એનએસજી કમાન્ડો અને અમેરિકન સિક્યુરિટીના હસ્તક રહેશે. હવે ટૂંક સમયમાં અમદાવાદ એરપોર્ટમાં આવતા-જતા વાહનોની પણ જરૂર જણાતા ચકાસણી શરૂ કરવામાં આવશે. આ ઉપરાંત કોઈ વ્યક્તિની હિલચાલ શંકાસ્પદ જણાય તો તેની પણ જડતી લેવામાં આવી રહી છે.

રાજ્યનાં ૩ શહેરમાં નવી મેડિકલ કોલેજ બનશે, કેન્દ્ર સરકારે ૧૯૫ કરોડ ફાળવ્યા

ગાંધીનગર

રાજ્યમાં ૩ શહેરોમાં નવી મેડિક કોલેજ બનશે, જેના માટે કેન્દ્ર સરકારે ૧૯૫ કરોડ રૂપિયા ફાળવ્યા

ગાંધીનગર ખાતે રાજ્ય સરકારની કેબિનેટ મિટીંગ યોજાઈ હતી, જેમાં એક મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ મિટીંગમાં કેબિનેટ દ્વારા નિર્ણય લેવામાં આવ્યો કે, રાજ્યમાં ૩ શહેરોમાં નવી મેડિક કોલેજ બનશે, જેના માટે કેન્દ્ર સરકારે ૧૯૫ કરોડ રૂપિયા ફાળવ્યા છે.

આ મામલે નાયબ મુખ્યપ્રધાન નીતિનભાઈ પટેલે કેબિનેટ મિટીંગ બાદ પ્રેસ કોન્ફરન્સ યોજી માહિતી આપી. નીતિન પટેલે જણાવ્યું કે, રાજ્યમાં ત્રણ શહેરોમાં નવી સરકારી મેડિકલ કોલેજને મંજૂરી મળી ગઈ છે. જેને પગલે ત્રણ શહેરોમાં નવી સરકારી મેડિકલ કોલેજો બનાવવામાં આવશે.

તેમણે જણાવ્યું કે, આ મામલે કેન્દ્ર સરકાર દ્વારા ૧૯૫ કરોડ રૂપિયા રાજ્ય સરકારને ફાળવવામાં આવ્યા છે. જેના પગલે ત્રણે કોલેજો માટે સરકારે જમીન ફાળવી છે.

તેમણે આ મામલે વધુ વિગત આપતા કહ્યું કે, રાજ્યમાં નર્મદા-રાજપીપળા, નવસારી અને પોરબંદર એમ ત્રણ શહેરામાં મેડિકલ કોલેજ બનશે. નાયબ મુખ્યપ્રધાને કહ્યું કે, આ માટે રાજ્ય સરકાર દ્વારા મેડિકલ કોલેજ અને હોસ્ટેલ માટે જમીન ફાળવણી પણ કરવામાં આવી છે.

નિતિનભાઈએ કહ્યું કે, સરકારી હોસ્પિટલોમાં નવા સુધારા વધારા પણ કરવામાં આવશે. એટલે કે સરકારી હોસ્પિટલોમાં લોકોને સારી સુવિધા મળી રહે તે માટે તેને અપગ્રેડ કરવાની કામગીરી હાથ ધરવામાં આવશે. આ સિવાય શાહપુરમાં એક સરકારી ચિલ્ડ્રન હોસ્પિટલ માટે પણ જમીનની ફાળવણી કરવામાં આવી છે. આ તમામ કોલેજો આગામી વર્ષે જ કુલી જાય તેવા સરકારના પ્રયત્નો રહેશે.

વસ્તી ગણતરીમાં તા.૧૬'મી એપ્રિલથી પ્રથમ તબક્કાનો કાર્યક્રમ શરૂ કરાશે

પ્રથમ તબક્કામાં ઘરયાદીકરણ અને મકાનોની ગણતરી કરાશે

સુરત

વસ્તી ગણતરી ૨૦૨૧ અંતર્ગત તા.૧૮-૨-૨૦૨૦ સુધીમાં ગુજરાતના દરેક જિલ્લાના ચાર્જ અધિકારીઓ તથા સપોર્ટીંગ સ્ટાફને ઘરયાદીકરણ તથા સંબંધિત વસ્તી ગણતરી હેઠળનો ડેટા એકત્રિકરણ, ડેટા એન્ટ્રી, ડેટા અપલોડીંગ અને આ તમામ કામગીરીનું મોનીટરિંગ કરવા અર્થે જે ઓનલાઈન સીસ્ટમના ઉપયોગ દ્વારા થનાર હોય આનુષાંગિક માહિતી તથા માર્ગદર્શન આપવાની થાય છે. આથી નાયબ નિયામક વસ્તી ગણતરી વિભાગના નેજા હેઠળ સુરત જિલ્લાના માસ્ટર ટ્રેનરો તેમજ નિયુક્ત કરેલ નોડલ અધિકારીઓ તાલીમ આપવા હાજર રહેલ. સદર તાલીમ કાર્યક્રમમાં સુરત મહાનગરપાલિકા અને જિલ્લાના ચાર્જ લેવલના તમામ સ્ટાફ તા.૧૭-૨-૨૦૨૦ અને તા.૧૮-૨-૨૦૨૦ બે દિવસીય તાલીમમાં જોડાયા હતા. જેમાં જિલ્લાના ૧૨૦ અને સુરત મહાનગરપાલિકાના ૧૨૪ મળી કુલ ૨૪૪ જેટલા અધિકારી-કર્મચારીઓને વીટીડી વનિતા વિશ્રામ હાઈસ્કૂલ ખાતે જુદા જુદા છ વર્ગોમાં સવારે ૧૦.૦૦ કલાકેથી સાંજે ૫.૦૦ કલાક સુધી તાલીમ આપવામાં આવેલ.

કલેક્ટરે પ્રથમ દિવસે જિલ્લાના તાલીમ વર્ગોની મુલાકાત લઈ જણાવેલ કે ભારતની વસ્તી ગણતરી દર દસ વર્ષે કરવામાં આવે છે. જે ભારતની ચૂંટણી પ્રક્રિયા કરતા પણ વધુ મહત્ત્વની પ્રક્રિયા છે. જેથી તાલીમની અગત્યતા સમજી નિષ્ઠાપૂર્વક તાલીમમાં ભાગ લેવા તમામ સ્ટાફને સુચિત કરેલ.

વસ્તી ગણતરી ૨૦૨૧ સીએમએમએસ પોર્ટલ દ્વારા ઓનલાઈન મોબાઈલ એપ્લીકેશન તથા કોમ્પ્યુટરના માધ્યમથી કરવામાં આવશે. સદર કામગીરી બે તબક્કામાં કરવામાં આવશે. જેમાં પ્રથમ તબક્કાની કામગીરી તા.૧૬-૪-૨૦૨૦થી તા.૩૦-૫-૨૦૨૦ દરમ્યાન ઘરયાદીકરણ અને મકાનોની ગણતરી કરવામાં આવશે. જે માટે સુરત મહાનગરપાલિકાના ૧૦૧ સેન્સસ વોર્ડ વિસ્તાર માટે ૨૯ ચાર્જ ઓફિસરોની નિયુક્તિ કરવામાં આવેલ હોય તથા સેન્સસ મોડ્યુલ સીએમએમએસ પોર્ટલની કામગીરી અર્થે દરેક ચાર્જ ઓફિસરોને ફાળવેલ ટેક્નિકલ આસીસ્ટન્ટ તથા સપોર્ટીંગ સ્ટાફને પ્રથમ તબક્કાની કામગીરી અન્વયે તમામ માહિતી તથા માર્ગદર્શન આપવામાં આવેલ. તદ્ઉપરાંત વસ્તી ગણતરી ૨૦૨૧ અંતર્ગત બીજાતબક્કાની કામગીરી તા.૯-૨-૨૦૨૧ થી તા.૨૮-૨-૨૦૨૧ દરમ્યાન થનાર હોય જે માટે સચોટ તથા સંપૂર્ણ ડેટા એકત્રિત કરવાના આયોજન હેઠળ પ્રથમ તબક્કાની કામગીરીની અગત્યતા સમજાવવામાં આવેલ.

ડમ્પરની અડફેટે સ્કૂટી પર જતા આધેડ વ્યક્તિનું મોત નીપજ્યું

વડોદરા

વડોદરા શહેરના મકરપુરા રોડ પર આવેલા સુશેન સર્કલ ઉપર ડમ્પરની અડફેટે સ્કૂટી પર જતા એક આધેડ વ્યક્તિનું મોત નીપજ્યું છે. જેને પગલે સ્થાનિક લોકો રોષે ભરાયા હતા અને બે ડમ્પર અને પોલીસની કેબિન પર પથ્થરમારો કરીને તોડફોડ કરી હતી. અને પોલીસ પર પણ પથ્થરમારો કર્યો હતો અને લોકોએ રોડ ઉપર ચક્કાજામ કરી દીધો હતો. મૃતક બંસીભાઈના પત્ની પ્રવિણાબેનનું ૧૯ દિવસ પહેલા હાર્ટએટેકથી મોત થયું હતું અને દીકરીના ૪ દિવસ પહેલા જ લગ્ન થયા હતા.

વડોદરા શહેરના મકરપુરા એસટી ડેપો પાછળ આવેલા એ-૫૮ શિવશક્તિનગરમાં રહેતા બંસીભાઈ બળવંતભાઈ સુરતી(૬૫) પરિવાર સાથે રહેતા હતા. તેઓ પોતાની સ્કૂટી લઈને આજે માંજલપુર ખાતે રહેતા ભાઈના ઘરે જમવા માટે જઈ રહ્યા હતા. તે સમયે સુશેન સર્કલ ઉપર ડમ્પરની અડફેટે તેમનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું.

બંસીભાઈ સુરતીના પત્ની પ્રવિણાબેનનું હાર્ટ એટેકથી ૧૯ દિવસ પહેલા જ મોત થયું હતું, પરંતુ દીકરીના લગ્નની તૈયારીઓ થઈ ગઈ હોવાથી ૧૬ ફેબ્રુઆરીએ બારડોલી ખાતે દરજી સમાજના સમૂહ લગ્નમાં દીકરી માધવીના લગ્ન પ્રતિક નામના યુવાન સાથે થયા હતા. અને આજે ચાર દિવસ બાદ પિતાનું અકસ્માતમાં મોત નીપજ્યું હતું.

બે દિવસ પહેલા બાઈક સાથે કેનાલમાં પડેલા યુવકોનાં મૃતદેહ મળી આવ્યા

વડોદરા

વડોદરા નજીક ભીમપુરા કેનાલમા બે દિવસ પહેલા બાઈક સાથે પડેલા બે યુવકોના મૃતદેહ મળી આવ્યા છે.

આણંદ નજીકના કોસીન્દ્રા ગામે રહેતા ગોપાલ અશોકભાઈ પરમાર અને વૈભવ ઈશ્વરભાઈ વાળંદ ગઈ તા. ૧૭ મીએ અન્ય એક મિત્ર લક્ષ્મણને લઈ ગોરવા નોકરી આવી રહ્યા હતા. ત્યારે ભીમપુરાથી શેરખી જતા કેનાલના બ્રિજ પર વળાંક લેતી વખતે બાઈક સ્લીપ થઈ જતા ત્રણેય યુવકો કેનાલમા પડ્યા હતા, જેમા લક્ષ્મણને મદદ મળી રહેતા તેનો બચાવ થયો હતો. જ્યારે અન્ય બે યુવકોનો બે દિવસથી કોઈ પત્તો મળતો ન હતો.

સવારે કેનાલમાથી બંનેના મૃતદેહ મળી આવ્યા છે. જેમા ગોપાલનો મૃતદેહ અંપાડ ગામ પાસેથી તેમજ વૈભવનો મૃતદેહ ભીમપુરા અને અંપાડ વચ્ચેથી મળી આવ્યો છે. વડોદરા તાલુકા પોલીસે બંને મૃતદેહના પોસ્ટમોર્ટમ કરાવવાની તજવીજ કરી છે.

'વ્હાલી દીકરી' યોજનાનો લાભ લેવા આંગણવાડીનો સંપર્ક કરવો

સુરત

ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા "વ્હાલી દીકરી" યોજના કાર્યરત છે. વ્હાલી દીકરી યોજના હેઠળ દીકરીઓનું જન્મપ્રમાણ વધારવું, દીકરીઓને શિક્ષણમાં ડ્રોપઆઉટ રેશિયો ઘટાડવો તથા સમાજમાં તેમનું સવાનગી સશક્તિકરણ થાય અને બાળ લગ્ન અટકે વગેરે જેવા ઉદ્દેશો આવરી લેવામાં આવ્યા છે.

આ યોજનાનો લાભ તા: ૦૨-૦૮-૨૦૧૯ ત્યારબાદ જન્મેલી દીકરીઓને મળવાપાત્ર થશે. જેના માટે દીકરીના જન્મના એક વર્ષની સમય મર્યાદામાં નિયત નમૂનામાં આધાર પુરાવા સહીત અરજી શકાય છે. દંપતીની પ્રથમ ત્રણ સંતાનો પૈકીની તમામ દીકરીઓને આ યોજનાનો લાભ મળી શકે છે. બાળલગ્ન પ્રતિબંધક અધિનિયમ ૨૦૦૬ની જોગવાઈઓ મુજબ પુખ્ત વયે લગ્ન કરેલા હોય એવા દંપતીની દીકરીઓને જ આ યોજનાનો લાભ મળવાપાત્ર છે.

'વ્હાલી દીકરી યોજના' અંતર્ગત લાભ મેળવવા માંગતા દંપતીની વાર્ષિક આવક મર્યાદા ગ્રામીણ અને શહેરી વિસ્તાર માટે એક સમાન રૂ.૨ લાખ તે તેથી ઓછી હોવી જોઈએ. આવક મર્યાદાની પાત્રતા લાભાર્થીના જન્મના તરત આગળની ૩૧મી માર્ચના રોજ પૂર્ણ તથા વર્ષના સંદર્ભમાં લક્ષમાં લેવાની રહેશે.

દીકરીઓને પ્રથમ ધોરણમાં પ્રવેશ વખતે રૂ.૪ હજાર, નવમાં ધોરણમાં પ્રવેશ વખતે રૂ.૬ હજાર તથા ૧૮ વર્ષની ઉંમરે ઉચ્ચ શિક્ષણ અને લગ્ન સહાય તરીકે એક લાખ સહાય મળશે. પરંતુ દીકરીના બાળલગ્ન થયેલ ન હોવા જોઈએ.

આ યોજનાનું અરજીપત્રક આંગણવાડી કેન્દ્ર, ગ્રામ પંચાયત, સીડીપીઓ (ICDS) કચેરી ખાતેથી વિનામુલ્યે મળશે. લાભાર્થી દંપતીએ જરૂરી આધાર પુરાવા જેવાકે લાભાર્થી દીકરીના માતા-પિતાની સંયુક્ત આવક અંગેનો મામલતદાર, ચીફ ઓફિસર અથવા તાલુકા વિકાસ અધિકારીનો દાખલો, લાભાર્થી દીકરીના માતા-પિતાની ઉંમર અંગે શાળા છોડ્યાનું પ્રમાણપત્ર/જન્મ દાખલો, લાભાર્થી દીકરીના આધાર કાર્ડની નકલ, લાભાર્થી દીકરીના માતા-પિતાના આધાર કાર્ડની નકલ, અરજદારના રેશનકાર્ડની નકલ, લાભાર્થી દીકરીના માતા-પિતાના લગ્નનું પ્રમાણપત્ર, લાભાર્થી દીકરીના જન્મના પ્રમાણપત્રની નકલ, દંપતિના પોતાના હયાત તમામ બાળકોના જન્મના દાખલા, નિયત નમુનામાં સક્ષમ અધિકારી સમક્ષ કરેલ દંપતિનું સોગંદનામું વગેરે સહીત નિયત નમુનામાં સદરહુ અરજીપત્રક આંગણવાડી કેન્દ્ર સીડીપીઓ કચેરી અથવા જનસેવા કેન્દ્રમાં આપવાની રહેશે. જિલ્લાકક્ષાએ મહિલા અને બાળ અધિકારીશ્રીની કચેરી, બ્લોક-એ, પ્રથમ માળ, જિલ્લા સેવા સદન-૨, અઠવાલાઈન્સ ખાતે સંપર્ક સાધવો. વધુ વિગતો માટે www.wcd.gujarat.gov.in મળી શકશે.

માસિકધર્મના વિવાદ પર સંતની પડખે રહ્યો સ્વામિનારાયણ સંપ્રદાય, વિશાળ રેલી યોજાઈ

કચ્છ

કચ્છના ભુજના સ્વામીના માસિક ધર્મના વીડિયોને લઈ વિવાદ વધ્યો હતો. વાયરલ વીડિયોને લઈને સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા વિશાળ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્વામીના સમર્થનમાં ભુજમાં ધર્મ સભા બાદ રેલીનું આયોજન કરાયું હતું. વીડિયો વાયરલ કરી સત્સંગને નુકસાન પહોંચાડવાનો ઉલ્લેખ કરવામાં આવી રહ્યો છે. વિઘ્ન સંતોષી લોકોએ મીડિયામાં ભ્રામક પ્રચાર કર્યાનો આરોપ પણ મૂકવામાં આવ્યો હતો.

સ્ત્રીના સન્માન સાથે ધર્મ પર સંપ્રદાયના લોકો અને સંતો અડગ છે તેમ પણ જણાવવામાં આવ્યું હતું. વીડિયો ૧૦ વર્ષ જુનો હોવાનું જણાવી ખોટા અર્થઘટનનો આક્ષેપ સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા કરવામાં આવ્યો હતો. સ્વામિનારાયણ મંદિરે પત્ર લખી હરિભક્તોને અપીલ કરી હતી. તો આ ધર્મસભામાં હજારોની સંખ્યામાં લોકો એકઠાં થયા હતા. સ્વામિનારાયણ મંદિર ભીડથી ખીચોખીચ ભરાઈ ગયું હતું. માસિક ધર્મના વિરોધમાં બોલનાર સાધુના સમર્થનમાં આટલી બધી ભીડ જોઈને અનેક સવાલો પણ ઉભા થઈ રહ્યા છે. માસિક ધર્મને લઈ જે વિદ્યાર્થિનીઓને માનસિક યાતના સહન કરવી પડી તે લોકોનાં સમર્થનમાં કોઈએ આજ સુધી કોઈ રેલી કે ધર્મસભા કાઢી નથી.

કચ્છના ભુજમાં સ્વામીનો એક વિવાદાસ્પદ વીડિયો વાયરલ થયો હતો. સ્વામી કૃષ્ણસ્વરૂપનું પોતાના ભાષણમાં માસિક ધર્મને લઈ કથામાં કરેલું સંબોધન વાયરલ થયું છે. તેમણે જણાવ્યું કે, માસિક ધર્મમાં હોય તે મહિલાના હાથે ભોજન ન કરવું જોઈએ. આવી મહિલાના હાથે ભોજન કરવાથી કુતરા, બળદનો અવતાર મળે છે. આ નિવેદન બાદ સ્વામીજી અહેવાલોમાં ટીકાના પાત્ર બન્યા હતા.

'બજેટ દૂરની વાત તમારૂ ઘરમાં ન ચાલે'...ભાજપ કોર્પો.એ કોંગ્રેસી મહિલા કોર્પો.ને કહેતા હોબાળો

રાજકોટ

રાજકોટ મનપાના ૨૧૩૨.૧૫ કરોડના બજેટને બહાલી આપવા માટે સામાન્ય સભા મળી હતી. જેમાં સરકારી મિલકતોના ટેક્સની વસુલાતને લઈને શાસક અને વિપક્ષ આમને સામને આવી ગયા હતા. ભાજપના કોર્પોરેટર કશ્યપ શુક્લએ કોંગ્રેસના મહિલા કોર્પોરેટર જાગૃતિબેન ડાંગરને બજેટ તો દૂરની વાત તમારૂ ઘરમાં પણ નથી ચાલતું કહી અપમાન કરતા કોંગ્રેસના કોર્પોરેટરોએ ઉગ્ર બોલાચાલી કરી હતી. કોંગ્રસના કોર્પોરેટરો અને ભાજપના કોર્પોરેટરો વચ્ચે ઉગ્ર બોલાચાલી થઇ હતી. હોબાળો થતા જ સામાન્ય સભામાં તડાપીટ બોલી હતી.

કશ્યપ શુક્લની કોમેન્ટ બાદ કોંગ્રેસના મહિલા કોર્પોરેટરોએ તેનો ઘેરાવ કર્યો હતો. પ્રદેશ કોંગ્રેસના મહિલા પ્રમુખ ગાયત્રીબાએ જણાવ્યું હતું કે, કશ્યપ શુક્લના નિવેદનને લઈને રાજ્યભરમાં મહિલાઓ દેખાવો કરી વિરોધ પ્રદર્શન કરશે. કશ્યપ શુક્લના નિવેદન બાદ રાજયનું રાજકારણ ગરમાયું છે. આથી કશ્યપ શુક્લએ યુ ટર્ન મારી જણાવ્યું હતું કે, મેં જાગૃતિબેનને આવું કહ્યું નથી. મેં એમ કહ્યું હતું કે, મારૂ પણ ઘરમાં ચાલતું નથી અને કોઈનું પણ ઘરમાં ચાલતું નથી. તેમ બજેટમાં કોઈનું ન ચાલે. આ અંગે મેયર બીનાબેન આચાર્યએ જણાવ્યું હતું કે, કોંગ્રેસના નેતાઓ અલગ અર્થ કાઢી રહ્યા છે. આમ મેયરે પણ કશ્યપ શુક્લની તરફદારી કરી હતી. બજેટમાં ખાનગી શાળા અને કોલેજોને વેરામાં રાહત આપવામાં આવી હતી. આથી ખાનગી શાળા અને કોલેજોને ખટાવવા સત્તાધીશો દ્વારા વેરાનું ભારણ ઘટાડ્યાનો વિપક્ષે આક્ષેપ કર્યો હતો.

પ્રેમિકાના પિતાની ફેંટ પકડી બીભત્સ ગાળો આપનાર પ્રેમીની ધરપકડ

અમદાવાદ

ઘાટલોડિયામાં પ્રેમીએ પ્રેમિકાના પિતાની ફેંટ પકડી અને ગાળાગાળી કરી હોવાનો કિસ્સો સામે આવ્યો છે. પુત્રીને પિતાએ પ્રેમી સાથે રોડ પર વાતચીત કરતા રંગેહાથ ઝડપી લીધી હતી. પિતાએ પુત્રીના પ્રેમીને ઠપકો આપતા બોલાચાલી કરી હતી. નારણપુરા પોલીસે ગુનો નોંધી આરોપી પ્રભુલાલ ભાટની ધરપકડ કરી છે.

ઘાટલોડિયાના કે કે નગર રોડ પર આવેલી સોસાયટીમાં રહેતા વેપારીની ૧૫ વર્ષની પુત્રી ધો. ૧૦માં અભ્યાસ કરે છે. કે કે નગર રોડ પર જ ટ્યુશન ક્લાસમાં જાય છે. થોડા સમય પહેલા પુત્રી ભણવામાં ધ્યાન ન આપતી હોવાથી શંકા જતા પિતાએ તેનો ફોન તપાસ્યો હતો. જેમાં વોટ્સએપ અને ઈન્સ્ટાગ્રામમાં એક છોકરા જોડે વાત કરતી હતી. પિતાએ પૂછતાં મારો ફેન્ડ છે અને હવે વાત નહિ કરું કહ્યું હતું. મંગળવારે એક્ટિવા લઈ પુત્રી ટ્યુશન જવા નીકળી ત્યારે પિતાએ તેનો પીછો કર્યો હતો. અર્જુન ગ્રીન ફ્લેટ પાસે એક છોકરા જોડે ઉભી હતી. બંનેને બોલાવી પૂછપરછ કરતા યુવકે પ્રેમિકાના પિતાની ફેંટ પકડી બીભત્સ ગાળો આપી ઝપાઝપી કરી હતી. વેપારીએ ફોન કરી પોલીસ બોલાવતા નારણપુરા પોલીસ આવી હતી. પોલીસે યુવકની ધરપકડ કરી તેની પૂછપરછ કરતા તેનું નામ પ્રભુલાલ ભાટ (ઉ.વ.૨૧ રહે. ભરવાડવાસ, કિરણપાર્ક) હોવાનું જણાવ્યું હતું. આરોપી પ્રભુલાલ લોકોના ઘરે કચરાપોતાનું કામકાજ કરે છે. પોલીસે આરોપીની ધરપકડ કરી વધુ તપાસ શરૂ કરી છે.

નમસ્તે ટ્રમ્પ : પાસ લેવા લોકોના કમિશ્નર કચેરી અને સ્ટેડિયમના ધક્કા

અમદાવાદ

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પના મોટેરા સ્ટેડિયમ ખાતેના નમસ્તે ટ્રમ્પ કાર્યક્રમમાં માત્ર મહેમાનોને આમંત્રણ આપવામાં આવ્યા છે. જયારે સામાન્ય અમદાવાદીઓને આમંત્રણ વિના પ્રવેશ નહીં મળે જેના કારણે દરરોજ સંખ્યાબંધ લોકો મોટેરા સ્ટેડિયમ અને પોલીસ કમિશ્નર કચેરીમાં મારે પણ ટ્રમ્પને જોવા છે મને પાસ આપો કહીને ધક્કા ખાઈ રહ્યા છે. અને બહાર નીકળીને એવું કહીં રહ્યા છેકે, મારે પણ ટ્રમ્પ જોવા છે તો કેવી રીતે જઈશ?

નમસ્તે ટ્રમ્પ કાર્યક્રમમાં ફક્ત સવા લાખ આમંત્રિતોને જ સ્ટેડિયમમાં એન્ટ્રી મળશે. આ અંગે શહેર પોલીસ કમિશ્નર આશિષ ભાટિયાએ જણાવ્યું કે, સ્ટેડિયમમાં જવા માટે કોઇ પાસ અમારી પાસે નથી. સ્ટેડિયમમાં માત્ર ગુજરાત ક્રિકેટ એસોસિયશન (જીસીએ) અને કલેક્ટર દ્વારા આમંત્રિત કરાયેલા લોકોને જ સ્ટેડિયમમાં પ્રવેશ મળશે.

કાર્યક્રમને લઈ ડીસીપી વિજય પટેલે જણાવ્યું કે, રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પની ગુજરાત મુલાકાતને લઇને તૈયારીઓ ચાલી રહી છે. ૨૫ આઈપીએસ, ૨૦૦ પીઆઈ, ૮૦૦ પીએસઆઈ, ૧૦૦૦૦ પોલીસ કર્મીઓ સહિતનો બંદોબસ્ત ૨૪ ફેબ્રુઆરીએ રહેશે. એરપોર્ટ પર તેમને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવશે. સાથે જ મોટેરા સ્ટેડિયમ પાસે ૧.૫ કિલોમીટર વિસ્તારમાં ૨૮ પાર્કિંગ પ્લોટ બનાવવામાં આવ્યા છે. મોટેરા સ્ટેડિયમ ખાતે યોજાનારા કાર્યક્રમમાં આમંત્રણ વિના કોઈપણને એન્ટ્રી મળશે નહીં. કાર્યક્રમના ત્રણ કલાક પહેલા જ આમંત્રિત લોકોએ પ્રવેશ લઈ લેવો પડશે. સાથે સ્ટેડિયમમાં પાણીની બોટલ તેમજ ખાણીપીણી સહિતની વસ્તુઓ લઈને જવા નહિ દેવાય.



કાવ્ય અભિવ્યક્તિ

સંકલનઃ નીલકંઠ વાસુકિયા

મો નંબરઃ- 9824856247



મળ્યો છે મનવા અમુલ્ય દેહ રૂપવાન
મનવા તું ભજી લે ભોળા ભગવાન
વસતો ઈ કૈલાસે દેવોનો દેવ મહાદેવ
ઝેર પીધાને કે'વાણો ઈ નીલકંઠ મહાદેવ
છોડી એક લટ ને ઘસમસતી ગંગા એણે વારી
હાથમાં ધર્યા ત્રિશુલ એ શિવ શંભુ જટાધારી
એના નામના તપે આવે દોડી ના કરે વારી
અંગે ધર્યા વાઘચર્મ એને નંદીની અસવારી
ડમ ડમ વાગે ડમરૂ ને નાચે ગિરિજાપતિ
સ્મશાન વસતા સ્વામિને ઉમા જેવા સતિ
શિવ શંભુ ભોળાનાથ શંકર કહીને પોકારૂ
ભોળો આવે ભાગતો કે' ઈ તેજલને ઉગારૂ

-તેજલ વઘાસિયા (ઉમરાળી, જૂનાગઢ)

•

દેવોના દેવ મહાદેવમાં સમાયો છે જિંદગીનો સાર,
શ્વાસમાં શ્વાસ પરોવી એકસાથે બોલો ઓમકાર.
સમુદ્ર મંથનમાં ઝેર ગટગટાવી બન્યા તમે નીલકંઠ,
નથી આશ અમને અમૃતની, વિષ પચાવવાનું શીખવો ભોળા આકંઠ.
મૃત્યુંજય છો તમે, જન્મ મૃત્યુના ફેરાને મુકી પેલે પાર,
શ્વાસમાં શ્વાસ પરોવી એકસાથે બોલો ઓમકાર.
ઝરમર થાય અંતરમાં અમરનાથના યાત્રી
ધૂણી ધખાવી ભભૂત ચોળી ઉજવે શ્રાવણી રાત્રી.
મદમોહ માયા અહમ છોડી લાંગરી ભવપાર,
શ્વાસમાં શ્વાસ પરોવી એકસાથે બોલો ઓમકાર.

- દિલીપ વી ઘાસવાળા

•

સર્વ સંસારની કલા ઉત્કૃષ્ટ ,અપ્રતિમ ઈશ્વરનું સર્જન,
જોઈ થઈ જઈએ ભાવવિભોર એવું અનુપમ સૌંદર્ય
બ્રહ્મા,વિષ્ણુ અને મહાદેવ ત્રિદેવ ગણાતા,
સૃષ્ટિના કર્તા, ભર્તા,હર્તા કહેવાતા
નંદી પર સવારી નિરાલી,ભષ્મ શરીરે ધરતા,
મહાદેવ સ્મશાન વાસી સર્વને આશિષ દેતા ભોળા ,શીઘ્ર પ્રસન્ન થતાં ,
ભક્તોના વિપદા વેળા દુઃખો તુરંત હર્તા
જેણે કામદેવ અને રતિ ને કર્યા પરાજિત,
સદા વૈરાગ્યમાં રમણ કરતા ઉમાપતિ અર્ધનારેશ્વર કહેવાયે,
નારીનું કરે સન્માન જગમાં તેનું સ્થાન ઉચ્ચતમ ગણાવે
અધર્મનો કરવા નાશ ક્રોધનો તાંડવ રચાવે,
સૃષ્ટિમાં હાહાકાર વ્યાપી જાયે શુભ કર્તા, દુઃખ હર્તા સર્વેશ્વર સ્વામી,
મહાદેવ તમે છો અંતર્યામી.

- નમ્રતા જોશી ઓઝા 'સુરભિ' અમદાવાદ

•

ભોળા તારો રે જન્મ દિવસ આવ્યો, કે આવી રે રૂડી મહાશિવરાત્રી...!!
ગાશું રે અમે શિવ મહિન્મ સ્ત્રોત, વાંચશું રે અમે શિવમહાપુરાણ
શિવલિંગ પર દૂધનો કરશું રે અભિષેક, ને ચઢાવશું લીલા બીલીપત્ર રે
લલાટે લગાવી ભક્તિ કેરી ભભૂત, અમે તો થઈશું રે અભિભૂત..
આપજોરે અંતરથી આશીર્વાદ મુજને, ચરણોમાં રાખજોરે દેવોના દેવ મહાદેવ

- ભાવના પટેલ."વલસાડી વાદળ" ગાંધીનગર

•

કલ્યાણકારી ભોળા શંકર દેવોના દેવ
વાસ તમારા ગિરિરાજ હિમાલય પર
સ્વયંભુ રૂપે ધરતી પર પ્રગટ થયા છે
સંસારના દુઃખ દૂર કરે ઓ દેવોના દેવ.
બાર જ્યોતિર્લિંગ રૂપે સાક્ષાત દર્શન દેતા.
શિર પર શશિને ગગા 'ત્રિશુળ છે હાથમાં
નર્તન કરે તાંડવ ડમરુ સંગ ઝુમી.
નાટ્યસમ્રાટ નટરાજ તમે કહેવાયા.
જગતના સંતાપ ઝેર તમે ગ્રહણ કરતાં
ભક્તોને રિદ્ધિ સિદ્ધિ સુખ દેતા
બલિહારી તમારી વારી જાઉં પ્રભુ
અહોભાવથી શિશ નમે વંદન કરવા

- જ્યા રાણા સુરત

•

કંઠે પીધા ઝેર સમતા ધરી,હે! પરમપ્રભુ અંબરીશ;
નિનાદ નટરાજ તણો રહેજો મન મંદિરે અહર્નિશ;
શિવોહં ખરો!દ્રવ્યોપાર્જન અર્પણ કરજો હે!ગિરીશ.
શમન કરે સંતાપ જગજમાં શંકરરૂપે બની અનીશ;
નામ નિરંજન નાગભુષણ જપે નિરંતર અલકાધીશ;
શિવોહં ખરો!દ્રવ્યોપાર્જન અર્પણ કરજો હે!ગિરીશ.
અખંડ શિવ જયોતિ બિરાજે તલસ્પર્શી શિવલીગ;
ભક્તવત્સલ પાવન ગંગાધર કલ્યાણ કરે સદાશિવ;
શિવોહં ખરો!દ્રવ્યોપાર્જન અર્પણ કરજો હે!ગિરીશ.
કહે 'મંથના' ચિખલ પંથે ભુલી મારગડો બની પથિક;
પાર લગાવો ભવ નાવલડી બની નિત્ય સત કર્ણિક;
શિવોહં ખરો!દ્રવ્યોપાર્જન અર્પણ કરજો હે!ગિરીશ.

- પુજા ગઢવી "મંથના"

લલિત વસોયાની વિવાદીત પોસ્ટ, વાયગ્રાનો ઉલ્લેખ કરી વિત્તમંત્રીની તુલના પીએમ સાથે કરી

અમદાવાદ

ધોરાજી ઉપલેટા વિસ્તારના કોંગ્રેસનાં ધારાસભ્ય લલિત વસોયા ફરી એકવાર વિવાદમાં આવ્યા છે અને આ વખતે તેઓએ સોશિયલ મીડિયામાં વિત્ત મંત્રી નિર્મલા સીતારમણના એક નિવેદન પર કટાક્ષ કરતાં વિવેકભાન ભૂલ્યા હતા અને એક ધારાસભ્યને ન છાજે તેવા શબ્દોમાં સોશિયલ મીડિયામાં એક પોસ્ટ શેર કરી હતી. જેમાં લખ્યું તેઓએ વાયગ્રા સહિત ફેંકવામાં પીએમ મોદી સાથે નિર્મલા સીતારમણની તુલના કરી હતી.

વિત્ત મંત્રી નિર્મલા સીતારમણે કોરોના વાઈરસને લઈ એક પ્રતિક્રિયા આપી હતી. જેમાં તેઓએ જણાવ્યું હતું કે, કોરોના વાઈરસને કારણે દેશમાં મોંઘવારી વધશે. વિત્તમંત્રીના આ નિવેદનના પેપર કટીંગ પર લલિત વસોયાએ ફેસબૂક પર કટાક્ષ કરતી એક પોસ્ટ મૂકી હતી. આ નિવેદનનાં સંદર્ભમાં વસોયાએ લખ્યું કે, એલાપએપયપઆ ક્યાંક હવે એવું ન કહે તો સારું વાયગ્રાને કારણે ભારતમાં વસ્તી વધી. મોદી પછી ફેંકવામાં આને જરૂર ગોલ્ડ મેડલ મળે.

ઉલ્લેખનીય છે કે, ધોરાજીનાં કોંગ્રેસના ધારાસભ્ય લલિત વસોયા અવારનવાર પોતાના નિવેદનો અને કામગીરીને કારણે સતત ચર્ચામાં રહેતા આવ્યા છે. આ અગાઉ ફાયરિંગ કરતો તેમનો એક વીડિયો વાઈરલ થયો હતો. જે બાદ તેઓએ આ મામલે ખુલાસો કરવો પડ્યો હતો. તેવામાં હવે કટાક્ષ કરવામાં તેઓ ભાન ભૂલતાં વિવાદનો જન્મ થયો છે. આ મામલે લલિત વસોયા શું ખુલાસો આપે છે તે જોવું રહ્યું.

કોઈને ઉતારી પાડવા માં આવી કોમેન્ટ નથી કરી: લલિત વસોયા

વિવાદાસ્પદ નિવેદનને લઈ લલિત વસોયાએ એક વીડિયો જાહેર કરી કહ્યું છે કે, મેં આ કોમેન્ટ એટલા માટે કરી કે ભાજપના નેતાઓ અવારનવાર વિવાદીત નિવેદનો કરતા રહ્યા છે. તે લોકો દેશની આઝાદીમાં ગાંધીજીએ ભાગ નથી લીધો નાટક કર્યા છે તેવું કહે છે. એટલે આવા નિવેદનોના કાઉન્ટરમાં જ મેં આગળ એવી શંકા વ્યક્ત કરી છે કે, આ લોકો એવું પણ નિવેદન કરે કે વીયગ્રાને કારણે ભારતની વસતી વધી છે. મેં કોઈને ઉતારી પાડવા નહીં પરંતુ આવા વાહીયાત નિવેદનો દેશના નાણામંત્રી કરે તો આ દેશની છબી આખા વિશ્વની અંદર ખરડાઈ.

ઈસનપુર પો.સ્ટેશનના સહયોગથી રક્તદાન શિબિરનું આયોજન, ૩૦૦ બોટલનો ટાર્ગેટ પૂર્ણ

અમદાવાદ ખાતે આવેલ ઈસનપુર પોલીસ સ્ટેશન ના સહયોગથી રક્તદાન શિબિર નું આયોજન કરવામાં આવ્યું હતું. આ રક્તદાન શિબિર અંગે ઈસનપુર પોલીસ સ્ટેશન ના પી.આઈ જે.એમ સોલંકી સાથે અન્ય તમામ પોલીસ અધિકારીઓ હજાર રહ્યા હતા. ઈસનપુર પોલીસ સ્ટેશનના પી આઈ જે એમ સોલંકીએ જણાવ્યું હતું કે આ રક્તદાન શિબિર માં હિન્દૂ-મુસ્લિમ અને અન્ય જ્ઞાતિઓ એ સાથ સહકાર આપ્યો જેના કારણે આ રક્તદાન શિબિર સફળ થઈ. થેલેસેમિયા ના બાળકો માટે ઈસનપુર પોલીસ કર્મીઓ દ્વારા રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

એમ સોલંકી એ વધુ માં જણાવ્યું કે અમારો ઉદ્દેશ્ય ૩૦૦ રક્તની બોટલ કરવાનું છે જેમાં અત્યાર સુધીમાં ૧૦૦ થી પણ વધારે બોટલ નું રક્ત રક્તદાતાઓ એ આપી દીધું હતું. આજે ઈસનપુર પોલીસ સ્ટેશનના તમામ પોલીસ કર્મીઓએ રક્તદાન શિબિર કરી કોમી એકતાનું ઉદાહરણ પૂરું પાડ્યું હતું. મુસ્લિમ વિસ્તારમાં બધા જ હિન્દૂ મુસ્લિમની એકતાને એકત્રિત કરી ભાઈ ચારાનું ઉદાહરણ પૂરું પાડ્યું હતું. ત્યારે આજે ગુજરાતની હોસ્પિટલમાં ઘણા મધ્યમ વર્ગ અને ગરીબ લોકોને ઈમર્જન્સીમાં જરૂર પડે છે.ત્યારે ઈસનપુર પોલીસ સ્ટેશનના કર્મચારીઓ આ તમામ વર્ગ માટે રક્તદાન કરી એક મહત્વની ભૂમિકા ભજવી હતી. રક્તદાન શ્રેષ્ઠ દાન હોય છે રક્તદાન કરવાથી શરીર સ્વસ્થ રહે છે ત્યારે આ રક્તદાન શિબિરમાં હિન્દૂ- મુસ્લિમ ભાઈઓએ રક્તદાન કર્યું હતું

ભારતીય જળ સીમામાંથી વધુ ચાર બોટ અને ૨૪ માછીમારોનું અપહરણ કરાયું

પોરબંદર

ભારતીય જળ સીમામાંથી વધુ એક વખત ૪ બોટ અને ૨૪ માછીમારોના અપહરણ કરવામાં આવ્યા હોવાનો બનાવ બન્યો છે. છેલ્લા એક અઠવાડીયામાં ભારતીય માછીમારોના ચોથી વખત અપહરણ કરાતા સાગર ખેડુમાં રોષ ભભૂકી ઉઠ્યો છે. હાલ માછીમારોને માછીમારી કરવા માટે ઉંડે સુધી દરિયામાં જતા હોવા છતાં પૂરતા પ્રમાણમાં માછલીનો જથ્થો મળતો ન હોવાથી માછીમારોના ખર્ચા પણ નીકળતા ન હોય તો બીજી તરફ પાકિસ્તાન મરીન સીક્યુરિટી એજન્સી દ્વારા છાશવારે ભારતીય જળ સીમામાં ઘૂસીને ભારતીય માછીમારોના અપહરણ કરી, બંદુકના નાળચે બંધક બનાવી બોટ સહિત માછીમારો પાકિસ્તાન લઈ જવાના બનાવો બને છે. છેલ્લા એક અઠવાડીયાની વાત કરીએ તો માછીમારોના અપહરણનો આ ચોથો બનાવ બન્યો છે.

ભારતીય માછીમારોને ભારતીય જળ સીમામાં ઘૂસીને વધુ એક વખત પાક. મરીન સીક્યુરિટી એજન્સીએ અપહરણ કરાતા સાગર ખેડુતોમાં ભારે રોષ ભભૂકી ઉઠ્યો છે. ભારતીય માછીમારો દરિયામાં માછીમારી કરી રહ્યા હતા તે સમય દરમિયાન ૪ બોટ સહિત ૨૪ માછીમારોના વધુ એક વખત અપહરણ કરાતા માછીમારોમાં ફફડાટ વ્યાપ્યો છે. ભારતીય માછીમારો આ વ્યવસાય સાથે સંકળાયેલા હોય અને આ વ્યવસાયથી પોતાના પરિવારજનોનું ગુજરાન ચલાવતા હોય ત્યારે ખલાસીઓને બંધક બનાવતા તેમના પરિવારજનો પર પણ આફતનો પહાડ તૂટી પડતો હોય તેવી સ્થિતિ થાય છે અને બોટ માલીકોની બોટોને પાકિસ્તાનના કબ્જામાં રખાતી હોવાથી દેવા કરી બોટ બનાવેલ માછીમારો વધુ કર્જામાં ઘેરાતા હોવાથી તેઓની પણ દયનીય હાલત બની જાય છે.

કેનાલમાં હાથ પગ ધોવા ગયેલ કિશોરનું પગ લપસતા મોત

વડોદરા

વડોદરા નજીક શેરખી પાસે નર્મદા કેનાલમાં હાથ-પગ ધોતી વખતે પગ લપસી જતા ડૂબી જતા ૧૭ વર્ષીય કિશોરનું મોત નીપજયું છે. ફાયર બ્રિગેડની ટીમે કિશોરના મૃતદેહને બહાર કાઢ્યો હતો અને પોલીસે મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે સયાજી હોસ્પિટલમાં મોકલી આપ્યો છે.

વડોદરા નજીક આવેલા ભીમપુરા ગામ ગામનો મહેશ શંકરભાઈ ભોઈ(૧૭) ૩ દિવસ પહેલા ફરાસખાનામાં નોકરી ઉપર લાગ્યો હતો. તે શેરખી પાસેની નર્મદા કેનાલ પાસેથી પસાર થઈ રહ્યો હતો તે સમયે હાથ પગ ધોવા માટે કેનાલમાં ઉતર્યો હતો. ત્યારે તનો પગ લપસી જતા તે કેનાલમાં તણાવા લાગ્યો હતો. અને ડૂબી જતા કિશોરનું મોત નીપજયું હતું. વડોદરા ફાયર બ્રિગેડની ટીમે તેનો મૃતદેહ બહાર કાઢ્યો હતો. ઘટનાની જાણ થતાં જ તાલુકા પોલીસ સ્થળ પર દોડી ગઈ હતી અને કિશોરના મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે સયાજી હોસ્પિટલમાં મોકલી આપ્યો છે.

વિરમગામમાં છત્રપતિ શિવાજી મહારાજની જયંતિની ઉજવણી કરવામાં આવી



ગુજરાત રાજ્ય યુવક બોર્ડ વિરમગામ દ્વારા બાલ સેવા કેન્દ્ર અને મમતાઘરમાં ફૂટ વિતરણ કરવામાં આવ્યું

વંદના નીલકંઠ વાસુકિયા
વિરમગામ દ્વારા

વિરમગામ ખાતે ગુજરાત રાજ્ય યુવક બોર્ડ દ્વારા છત્રપતિ શિવાજી મહારાજની જન્મ જયંતીની અનોખી રીતે ઉજવણી કરવામાં આવી હતી. ગુજરાત રાજ્ય યુવક બોર્ડ વિરમગામ દ્વારા બાલ સેવા કેન્દ્ર અને મમતાઘરમાં ફૂટ વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ કરવામાં પૂર્વધારાસભ્ય ડો.તેજશ્રીબેન પટેલ , સંગઠનના પ્રમુખ કિરીટસિંહ ગોહીલ , વિરમગામ તાલુકા સંયોજક રસિકભાઈ કોલી, જગદીશ રાવળ, નગર સંયોજક કિરણભાઈ સોલંકી, નિલેશભાઈ રાણા, કાન્તિભાઈ ઠાકોર, નીલકંઠ વાસુકિયા, જયોત્સનાબેન વિરગામ, જીતેન્દ્ર મકવાણા સહીતના લોકો ઉપસ્થિત રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, છત્રપતિ શિવાજી મહારાજનો જન્મ મરાઠા પરિવારમાં ૧૯, ફેબ્રુઆરી, ૧૬૨૭ના રોજ શિવનેરી(મહારાષ્ટ્ર)માં જન્મ થયો હતા. શિવાજીના પિતા શાહજી અને માતા જીજાબાઈ હતા. તે એક ભારતીય શાસક હતાં, જેમણે મરાઠા સામ્રાજ્ય ઊભું કર્યું હતું. તેઓ બહુમુખી પ્રતિભાથી સમૃદ્ધ હતા. તે બહાદુર, જ્ઞાની, હિંમતવાન અને દયાળુ શાસક હતા. એટલા માટે જ તેઓને અગ્રગણ્ય વીર અને અમર સેનાની તરીકે ઓળખવામાં આવે છે.

૩.૩૧ કરોડની ડુપ્લીકેટ રીસ્ટ વોચ સાથે બેની ધરપકડ

ગાંધીનગર

ગાંધીનગર સ્થિત સીઆઇડી ક્રાઈમે મળેલી ફરિયાદના આધારે મોડી રાત્રે સુરતના ભાગળ બુંદેલાવાડ વિસ્તારમાં આવેલી સના ટાઈમમાં રેડ કરી ત્યાંથી તેમજ તેમના ભાજીવાળી પોળમાં આવેલા ગોડાઉનમાંથી ૩.૩૧ કરોડની કિંમતની જાણીતી બ્રાન્ડની ૧૧૦૩૧ ડુપ્લીકેટ રીસ્ટ વોચ કબજે કરી હતી. સીઆઇડી ક્રાઈમે દુકાન ચલાવતા બે ભાઈની ધરપકડ કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

સીઆઇડી ક્રાઈમે દુકાનમાંથી જાણીતી બ્રાન્ડ હયુબ્લોટ, ટીશોટ, ટેગ હ્યુઅર, રાડો, ઓમેગા, અરમાની, કાર્ટિયર, પોલીસ, સી.કે, ડીઝલ, લ્યુમીનર, રોલેક્ષ, એડમરપીઝટ, ફેક્મીલર, કોરમ, યુલીસનાડીન, જી શોક, માઉન્ટ બ્લેક, ઈનવિકટા, માઇકલ કોર્સ, સેવન ફાઈડ, ફોસીલ, સનેલ, ગેસ, જીસી, ડીઓર, ગુચી, પેટેકફિલીપ, વર્સાચી કંપનીની ડુપ્લીકેટ રીસ્ટ વોચનો જથ્થો મળી આવ્યો હતો.

સીઆઇડી ક્રાઈમે દુકાનદાર બે ભાઈઓ ઇમ્તિયાઝ નુરમોહમદ મેમણ (ઉ.વ.૩૮) (રહે.એ/૧૦૧, સિલ્વર પેલેસ એપાર્ટમેન્ટ, કાંસકીવાડ, હરીપુરા, સુરત) અને ઈરફાન નુરમોહમદ મેમણ (ઉ.વ.૪૨) (રહે.દાદાભાઈ નગર, કઠોર, કામરેજ, સુરત)ની અટકાયત કરી તેમને સાથે રાખી તેમના ભાગળ ચાર રસ્તા ભાજીવાળી પોળ, બ્લેક બિલ્ડીંગના પહેલા માળે પણ તપાસ કરતા ત્યાંથી પણ ડુપ્લીકેટ રીસ્ટ વોચનો જથ્થો મળી આવ્યો હતો.

LRD વિવાદ: પ્રદીપસિંહ સાથે મુલાકાત બાદ અનામત વર્ગની મહિલાઓનું આંદોલન પૂર્ણ

ગાંધીનગર

ગુજરાત સરકાર માટે એક મોટા મહત્વપૂર્ણ સમાચાર મળી રહ્યા છે. ગાંધીનગર સત્યાગ્રહ છાવણીમાં છેલ્લા ૭૨ દિવસથી ચાલી એલઆરડી ભરતી મામલે અનામત અને બિન અનામત વર્ગની વિદ્યાર્થિનીઓ આંદોલન કરી રહી હતી. જેના ભાગરૂપે રાજ્ય સરકારે જૂના પરિપત્રને રદ કર્યા સિવાય વચલો રસ્તો કાઢ્યો હતો.

ત્યારબાદ બિન અનામત વર્ગે આંદોલન સમેટી લીધું હતું. એલઆરડી ભરતી મામલે દરેક વર્ગ માટે નીતિન પટેલે મોટી જાહેરાત કરીને ભરતીની તમામ જગ્યાઓ વધારી આપી હતી. તેમ છતાં અનામત વર્ગે જૂના પરિપત્રને રદ્દ કરવાની જીદ્દ પકડી રાખી હતી.

હાલ ગાંધીનગરથી ગુજરાત સરકાર માટે એક મોટા સમાચાર મળી રહ્યા છે. ગાંધીનગરમાં બિન અનામત વર્ગનું આંદોલન બાદ અનામત વર્ગની મહિલાઓએ પણ આંદોલન પૂર્ણ કરી દીધું છે. છેલ્લા ૭૨ દિવસથી સત્યાગ્રહ છાવણી ખાતે અનામત વર્ગની મહિલાઓનું આંદોલન ચાલી રહ્યું હતું.

ત્યારે ગૃહમંત્રી પ્રદીપસિંહ જાડેજા સાથે અનામત વર્ગની મહિલાઓએ મુલાકાત કર્યા બાદ તેમને આંદોલન સમેટવાનો નિર્ણય કર્યો હતો. તેમ છતાં હાલ સૂત્રો પાસેથી જાણવા મળી રહ્યું છે કે, કેટલાક લોકોને આંદોલન ચાલુ રાખવામાં રસ છે.

વડાપ્રધાન મોદીના હસ્તે જ મોટેરા ક્રિકેટ સ્ટેડિયમનું ઉદ્ઘાટન કરવામાં આવશે

અમદાવાદ

દુનિયાભરની નજર અમદાવાદના મોટેરામાં નિર્માણ પામેલા દુનિયાના સૌથી મોટા ક્રિકેટ ગ્રાઉન્ડ પર છે. આ સ્ટેડિયમ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને આવકારવા થનગની રહ્યું છે. સ્ટેડિયમને દુલ્હનની જેમ સજવવામાં આવી રહ્યું છે. આ સમયે જ ડોનાલ્ડ ટ્રમ્પ અને ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે આ સ્ટેડિયમનું ઉદ્ઘાટન કરવામાં આવશે. હવે સ્ટેડિયમને લઈને એક મોટો નિર્ણય લેવાયો છે.

અમેરિકાનાં રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ૨૪મી તારીખ અમદાવાદ પધારી રહ્યાં છે. ડોનાલ્ડ ટ્રમ્પ અને પીએમ મોદી મોટેરા સ્ટેડિયમનું ઉદ્ઘાટન કરવાનાં છે. આ પહેલા જ અમદાવાદ મ્યુનિશિપલ કોર્પોરેશન દ્વારા મોટેરા સ્ટેડિયમને બિલ્ડિંગ યુઝ પરમિશન આપી દેવામાં આવી છે. મ્યુનિસિપલ કમિશનર વિજય નહેરા દ્વારા પ્રેસ કોન્ફ્રન્સ યોજવામાં આવી હતી. જેમાં કમિશનરે જણાવ્યું હતું કે, મોટેરા સ્ટેડિયમને વિશ્વની અગ્રણી કંપનીએ ડિઝાઇન કર્યું છે. મોટેરા સ્ટેડિયમનું ૬૪ એકરમાં બાંધકામ કરવમાં આવ્યું છે. સાથે જ સ્ટેડિયમમાં પીવાના પાણીની લાઈન નાખવામાં આવી છે. તેમજ વરસાદી પાણીનો ઉપયોગ થઈ શકે તે માટે અલગ વ્યવસ્થા કરવામાં આવી છે. ૧૨૫ જેટલા હાઈડ્રેડ પોઈન્ટ મુકવામાં આવ્યા છે.

મેટ્રો કામગીરીને લીધે ટ્રમ્પના રૂટમાં ફેરફાર કરાયો

વિશ્વની મહાશક્તિ અમેરિકાનાં રાષ્ટ્રપ્રમુખ અમદાવાદની મુલાકાતે આવી રહ્યા છે. જેના કારણે તડામાર તૈયારીઓ ચાલી રહી છે. જો કે ટ્રમ્પના રૂટ પર આંતરરાષ્ટ્રીય મીડિયા કવરેજ પણ થવાનું હોવાનાં કારણે ક્યાંય ખરાબ ન દેખાય તે માટે ખાસ તકેદારી રાખવામાં આવી રહી છે. તેથી જ નમસ્તે ટ્રમ્પ કાર્યક્રમનાં રૂટમાં રાતોરાત ફેરફાર કરવામાં આવ્યો છે. મોટેરા સ્ટેડિયમથી મોટેરા ગામ સુધીનાં રોડ પર હાલમાં મેટ્રોની કામગીરી ચાલી રહી છે. જેથી આ ખુલ્લા પિલ્લર સહિતની વસ્તુઓ ન દેખાય કાફલાને એ માટે રૂટમાં ફેરફાર કરવામાં આવ્યો છે. હવે ગેટનંબર ૨નાં બદલે સમગ્ર કાફલો મોટેરા સ્ટેડિયમમાં જવા માટે આશારામ આશ્રમ નજીક થઈને સોસાયટીનાં અંદરના રોડમાં થઈને પસાર થશે. આ રૂટ નક્કી થતાની સાથે જે રાતો રાત સોસાયટીમાં નવો રોડ બનાવી દેવામાં આવ્યો છે. ટ્રમ્પ અને મોદીનો કાફલો ભાટ-કોટેશ્વર થઈને મોટેરા ગામમાં આવેલા ભગીરથ ટેનામેન્ટ નામની સોસાયટી ખાતેથી વલી જશે. શાંતિ એક્લેવ સોસાયટી પાસેથી આશારામ આશ્રમ ખાતેનાં શોર્ટકર્ટ પરથી સીધા જ સ્ટેડિયમનાં ક્લબ હાઉસ પાસે નવા ઉભા કરાયેલા ગેટમાંથી પ્રવેશી જશે.

કચરામાં પડેલી કાચની બરણીમાંથી સ્ત્રીભ્રુણ મળી આવતા અરેરાટી વ્યાપી

વેરાવળ

કહેવાય છે માએ મા બીજા વગડાના વા આ કહેવત હવે ઘોર કળિયુગમાં ખોટી સાબિત થઈ રહી છે. આજના જમાનાની જનેતાઓ પોતાનું પાપ છૂપાવવા માટે પોતાના નવજાત બાળકો અથવા તો ભ્રૂણને રસ્તા વચ્ચે મૂકી આવતા સહેજ પણ અચકાતી નથી. ત્યારે ગીરસોમનાથના વેરાવળની મુખ્ય બજાર સટ્ટા બજારમાં કાચની બે બરણીમાં બે સ્ત્રી ભ્રુણ મળી આવતા લોકોના ટોળા એકત્ર થઈ ગયા હતા. ઘટનાની જાણ થતા જ પોલીસ દોડી આવી હતી અને બંને ભ્રુણ કબ્જે કરી પરીક્ષણ માટે હોસ્પિટલ ખસેડ્યા હતા. આ ભ્રુણ કોણ મુકી ગયું, ક્યાંથી આવ્યા સહિત અનેક સવાલો ઉઠ્યા છે. આ અંગે પોલીસ તપાસ કરી રહી છે.

ગીર સોમનાથમાં વેરાવળ શહેરની મુખ્ય બજારમાં એક ખતરનાક ઘટના ઘટી છે. વેરાવળની મુખ્ય બજાર સટ્ટા બજારમાં કાચની બે બરણીમાં ભ્રૂણ મળી આવતા લોકોના ટોળે ટોળા ઉમટી પડ્યા હતા. કોઈએ જાહેરમાં બરણીમાં ભ્રુણ ભરીને ફેંકી દીધા હોવાની વાતો વહેતી થઈ હતી. આ બે બરણીઓને જોવા લોકોના ટોળે ટોળાઓ કૌતુકને જોવા ઉમટી પડયા હતા. આ અંગે તાબડતોડ પોલીસને જાણ કરવામાં આવી હતી. પોલીસને આ અંગેની જાણ થતાની સાથે જ પોલીસે મૃત ભ્રુણનો કબજો લઈને તેને હોસ્પિટલ મોકલી આપ્યા હતા. આ સમગ્ર મામલે પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો.

હાર્દિક પટેલની મુશ્કેલી વધી, મિર્ઝાપુર ગ્રામ્ય કોર્ટે બિન જામીનપાત્ર વોરંટ જાહેર કર્યું

અમદાવાદ

કોંગ્રેસી નેતા હાર્દિક પટેલની ફરી એકવાર મુશ્કેલી વધી ગઈ છે. હાર્દિક પટેલ વિરુદ્ધ મિરઝાપુર કોર્ટે બિન જામીનપાત્ર વોરંટ કાઢ્યું છે. હાર્દિક પટેલે વર્ષ ૨૦૧૭માં બોપલમાં જાહેરસભા અને એક રેલી કરી હતી. ત્યારબાદ તેના વિરુદ્ધ ગુનો નોંધાયો હતો. બોપલમાં ૨૦૧૭માં જાહેર સભા અને પોલીસ મંજૂરી વિના એક રેલી કાઢવાના ગુનામાં મિરઝાપુર ગ્રામ્ય કોર્ટે વોરંટ જાહેર કર્યું છે. લાંબા સમયથી હાર્દિક પટેલ કોર્ટમાં હાજર નહિ રહેતા મિરઝાપુર ગ્રામ્ય કોર્ટે નોન બેલેબલ વોરન્ટ ઈશ્યુ કર્યું હતું.

કોગ્રેસ નેતા હાર્દિક પટેલના આગોતરા જામીનની અરજી ગુજરાત હાઇકોર્ટે ફગાવી દીધી હતી. પાટીદાર અનામત આંદોલન વખતે તોડફોડ અને મારામારીના કેસમાં વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા કેસના આરોપી હાર્દિક પટેલે આગોતરા જામીન માટે ગુજરાત હાઇકોર્ટમાં અરજી કરી હતી. જેની સુનાવણી દરમિયાન હાઈકોર્ટે હાર્દિક પટેલની આગોતરા જામીનની અરજી ફગાવી હતી. બીજી તરફ સરકારે હાર્દિકની આગોતરા જામીન અરજીનો વિરોધ કર્યો હતો અને કોર્ટમાં દલીલ કરી હતી કે સેશન્સ કોર્ટને બાંહેધરી આપ્યા બાદ પણ હાર્દિક પટેલે લોકો સમક્ષ ઉશ્કેરણીજનક ભાષણો કરી પોતાની જ બાંહેધરીનો ભંગ કર્યો છે.

સુનાવણી દરમિયાન હાર્દિક પટેલે દાવો કર્યો હતો કે સરકાર ખોટા કેસ કરી તેની હેરાનગતિ કરી રહી છે. ૨૦૧૫ થી ૨૦૨૦ સુધીમાં પોતે હાજર હોવા છતાં અને પોલીસને ખબર હોવા છતાં અત્યાર સુધી ધરપકડ ન કરી અને હવે પાંચ વર્ષ બાદ પણ તપાસ ચાલુ છે તેવું સરકારનું નિવેદન અયોગ્ય હોવાની હાર્દિક પટેલ તરફથી રજૂઆત કરાઈ હતી.

ટ્રમ્પના કાર્યક્રમમાં સૌરાષ્ટ્રની ૪૦૦ એસટી બસના ડ્રેસકોડ સાથેના ડ્રાઈવર-કંડક્ટર મોકલાશે

રાજકોટ

આગામી તારીખ ૨૪મીએ અમેરિકાના પ્રેસિડેન્ટ ડોનાલ્ડ ટ્રમ્પ અમદાવાદ આવી રહ્યા છે ત્યારે મોટેરા સ્ટેડિયમ ખાતે યોજાનારા ભવ્ય કાર્યક્રમમાં મેદની ભેગી કરવા રાજયભરમાંથી ૨૨૦૦ એસટી બસ મોકલાશે. જેમાં રાજકોટની ૧૫૦ અને સૌરાષ્ટ્રની ૪૦૦ બસનો સમાવેશ થાય છે. સરકારી કાર્યક્રમોમાં અવારનવાર એસ.ટી બસ લઈ લેવાય છે, પરંતુ આ વખતે અમેરિકાના પ્રેસિડેન્ટ આવવાના હોય સરકાર ખાસ કાળજી રાખી રાખી છે. રાજ્યના દરેક એસ.ટી. ડિવિઝનને અપાયેલા આદેશમાં જણાવ્યું છે કે તમામ ડેપોની બસ સારી કંડિશનની અને નવી સિરીઝની જ મોકલવાની રહેશે. આ ઉપરાંત એકદમ વિવેકી-વિનયી હોય, ફૂલ ડ્રેસકોડમાં હોય, આઈકાર્ડ સાથે હોય એવા જ ડ્રાઈવર-કંડક્ટરને મોકલવાના રહેશે.

આ ઉપરાંત એસ.ટી નિગમ દ્વારા એવી પણ કાળજી રાખવામાં આવી રહી છે કે ડ્રાઈવરે અકસ્માત સજર્યો ન હોય અને ગુનાહિત કેસ ન થયા હોય એવા જ કર્મચારી આ કાર્યક્રમમાં મોકલવા. આ તમામ બસ અહીંથી જાય અને પરત આવે ત્યાં સુધી રાઉન્ડ ધી કલોક જીપીએસ સિસ્ટમથી મોનિટરિંગ કરવાનું રહેશે.

રાજકોટ ડેપોની ૩૫ અને ડિવિઝનની કુલ ૧૫૦ બસ અમદાવાદ કાર્યક્રમમાં મોકલવાની હોય લોકલ રૂટ રદ કરી દેવામાં આવશે. યાત્રિકોને થોડી મુશ્કેલી પડશે. એક દિવસ માટે લોકલ રૂટ સહિત કેટલાક રૂટ રદ કરવા પડશે, પરંતુ અમે ૫૦ જેટલી બસ સ્પેરમાં રાખી છે જેનો ઉપયોગ અમદાવાદ મોકલનારી બસની અવેજીમાં કરીશું. યાત્રિકોને ઓછી મુશ્કેલી પડે તેની કાળજી રાખવામાં આવી છે

કોર્પોરેશનમાં સફાઈ કામદારોના આંદોલનનો સુખદ અંત... રોજમદાર તરીકે ઓર્ડર અપાશે

વડોદરા

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનમાં સફાઈ કર્મચારીઓ દ્વારા ૨૯ કલાકથી ચાલતા આંદોલન અને સત્યાગ્રહનો મંગળવારની મધરાતે સુખદ અંત આવ્યો હતો. વર્ષ ૨૦૧૨થી હંગામી અને ૧૧ માસના કરાર આધારિત તેમજ માનવદિન સફાઈ કર્મચારીઓને કાયમી કરવાના મુદ્દે આ આંદોલન શરૂ થયું હતું.

કોર્પોરેશનમાં રેલી સ્વરૂપે આવી સોમવારની સાંજથી કોર્પોરેશનના પ્રાંગણમાં ધરણા અને સત્યાગ્રહ પર તેઓ બેસી રહ્યા હતા આખી રાત ધરણા કર્યા બાદ મંગળવારે કામદારો આખો દિવસ સત્યાગ્રહ પર ચાલુ રહ્યા હતા.

આ મુદ્દો કોર્પોરેશનની બજેટ સભામાં પણ ચગ્યો હતો જે દરમિયાન આંદોલનકારીઓને મનાવવાનો પ્રયાસ થયો હતો. આંદોલનકારીઓએ પ્રશ્ન હલ નહીં થાય તો સમગ્ર શહેરમાં સફાઈ કામગીરીનો બહિષ્કાર કરવાનું જાહેર કર્યું હતું. મંગળવારે રાત્રે મેયર કમિશનર તેમજ અન્ય હોદ્દેદારો અને મંડળના આગેવાનો વચ્ચે મીટીંગ થઈ હતી. જેમાં વચગાળાના ભાગરૂપે ૧૨૫૪ સફાઈ સેવકો કે.જે કરાર આધારિત ફરજ બજાવે છે તેમાંથી જેઓ ૭૨૦ દિવસથી વધુ દિવસ ફરજ બજાવે છે.

તેઓને રોજમદાર તરીકે ઓર્ડર આપવાનું નક્કી થયું હતું. રાત્રે સમાધાન બાદ તમામને પારણા કરાવ્યા હતા. સવારે કોર્પોરેશનમાં બજેટ અંગેની મીટીંગ મળી તેમાં પણ શાસકપક્ષ ભાજપના નેતાએ આ નિર્ણયને સફાઈ કામદારો માટે ઐતિહાસિક ગણાવ્યો હતો જ્યારે વિરોધ પક્ષ કોંગ્રેસના નેતાએ આ નિર્ણય છતાં જો ૨૦૦ કે ૩૦૦ લોકો રહી જતા હોય તો તેઓનો પણ વિચાર કરવા અનુરોધ કર્યો હતો.

જૂનાગઢ મેળામાં બીજા દિવસે ૨ લાખ ભાવિકો ઉમટ્યા, સંતોની ગિરનાર યાત્રા નીકળી

જુનાગઢ



મહાશિવરાત્રીના આડે હવે એક દિવસ જ છે ત્યારે જૂનાગઢમાં ભવનાથમાં પાંચ દિવસીય શિવરાત્રી મેળાનો બુધવારે ત્રીજો દિવસ હતો. સાધુ-સંતોના જમાવડા વચ્ચે ભાવિકો રોજ દર્શન કરવા પહોંચી રહ્યા છે. બીજા દિવસે શિવરાત્રીના મેળામાં ૨ લાખ ભાવિકોએ મુલાકાત લીધી હતી. સવારે સાધુ-સંતોની ગીરનાર યાત્રા નીકળી હતી. જેમાં મોટી સંખ્યામાં સંતો જોડાયા છે. મુચકુંદ ગુફાના મહંત મહેન્દ્રગીરી બાપુએ જણાવ્યું હતું કે, ચારેય અખાડાના મહામંડલેશ્વરો, વરિષ્ઠ સંતો, મહંતો ગીરનાર યાત્રા પર નીકળ્યા છે. ખાસ કરીને શાંતિપૂર્ણ રીતે મેળો સંપન્ન થાય તે માટે ગિરનારી મહારાજ ભગવાન દત્ત મહારાજને પ્રાર્થના કરશે.

જૂનાગઢના ભવનાથ ખાતે મહાશિવરાત્રી મેળાનો સોમવારથી પ્રારંભ થયો છે. ભવનાથ મહાદેવના પાવન સાંનિધ્યે યોજાતા મેળામાં બીજા દિવસ એટલે કે મંગળવારથી ભાવિકોની ભીડ ઉમટી રહી છે. મેળો માણવા આવતા ભાવિકોના કારણે એસટી, રિક્ષા તેમજ ખાનગી વાહનોમાં ચિક્કાર ગિરદી જોવા મળી રહી છે. આ ઉપરાંત લોકો હાથ આવ્યું વાહન પકડીને મેળો માણવા આવી રહ્યા હોય જેના કારણે જાણે શહેરના તમામ રસ્તા ભવનાથ તરફ વળ્યા હોય તેવા દ્રશ્યો જોવા મળી રહ્યા છે. ભવનાથમાં અન્નક્ષેત્રોમાં ચાલો... હરિહરના સાદ પડી રહ્યા છે અને અસંખ્ય લોકો પ્રસાદ ગ્રહણ કરી તૃપ્ત થઈ રહ્યા છે. સાથે સાધુ, સંતો, દિગંબરોએ ધૂણી ધખાવી હોય ભાવિકો પ્રેમથી દર્શન કરી આશીર્વાદ મેળવી ધન્ય બની રહ્યા છે. જ્યારે રાત્રીના સમયે યોજાતા લોક ડાયરા, સંતવાણી, સાંસ્કૃતિક કાર્યક્રમ અને હાસ્યરસના કાર્યક્રમોનો ભાવિકો ભરપુર આનંદ ઉઠાવી રહ્યા છે. જો કે હાલમાં આકરી ગરમી પડી રહી હોય બપોરના સમયે ભીડ ઓછી જોવા મળે છે પરંતુ સાંજ થતાની સાથે જ જનમેદની ઉમટી પડતી હોય ખાસ કરીને સાંજના સમય બાદ મોડી રાત્રી સુધી મેળાની જમાવટ થઈ રહી છે. જેના કારણે ભાવિકોની સંખ્યા લાખોની થઈ જશે. ખાસ કરીને મહાશિવરાત્રીની રાત્રીના નિકળનારી રવેડી લોક આકર્ષણનું મુખ્ય કેન્દ્ર હોય મેળાના અંતિમ દિવસે ભીડ વધુ જોવા મળશે.

પ્રેમલગ્નનો કરુણ અંજામ... સાસરીયાંનાં ત્રાસથી કંટાળી પરિણીતાએ આપઘાત કર્યો

નવસારી

નવસારીના ચીખલી તાલુકા પંચાયત પ્રમુખ નરેન્દ્ર પટેલની દીકરી નિધિ પટેલ (ઉંમર-૩૦)ને ચીખલીમાં જ વાણીયાવાડમાં રહેતાં વિશાલ કાપડીયા સાથે પ્રેમ સંબંધ હતો. બંનેના પ્રેમ સંબંધની જાણ થતાં જ નિધિ અને વિશાલના પરિવારે સાથે મળીને બંનેનાં લગ્ન કરાવ્યા હતા. પોતાના પ્રેમ લગ્નનું સ્વપ્ન પૂરૂ થતાં જ નિધિ ખુશખુશાલ હતી.

પણ નિધિનું સ્વપ્ન દુઃસ્વપ્નમાં ફેરવવાનું હતું. લગ્નનાં થોડા જ દિવસો બાદ સાસરીયાઓએ પોતાનો અસલી ચહેરો નિધિને દેખાડવા લાગ્યા. સાસરીયાઓ દ્વારા નિધિને મ્હેણા ટોણા મારવામાં આવ્યા, સતત તેને ત્રાસ આપવામાં આવ્યો. અને એક વર્ષમાં જ તેની માનસિક શક્તિ ખૂટી પડી. એક વર્ષ સુધી પોતાના પતિ અને સાસરીયા સાથે મનમેળાપ કરવા બધુ હસતા મોઢે સહન કરતી રહી. પણ અંતે નિધિની સહનશીલતાનો અંત આવ્યો. સાસરિયા દ્વારા મને અને મારા પતિ વિશાલને અસહ્ય ત્રાસ આપવામાં આવી રહ્યો છે. પતિ વિશાલ ટેન્શનમાં છે. ત્રણ દિવસથી નોકરી પર પણ ગયા નથી અને રડ્યા કરે છે.

સાસરીયાઓનાં ત્રાસના કારણે અતૂટ પ્રેમ કરતા પતિને પત્નીનો વિરહ કરવાનો વારો આવ્યો છે. જો કે, આપઘાતમાં પતિ હંમેશા પોતાની પત્નીની પડખે ઉભો રહ્યો હતો. પણ પોતાના જ માતા-પિતાને તે સમજાવી શક્યો નહીં. અને આજે જેની સાથે સાત ફેરા ફર્યા હતા, જીવન સાથે વીતાવવાના સપનાં જોયા હતા તે પ્રેમ એક વર્ષમાં જ દુનિયાને અલવિદા કહીને જતી રહેશે તેણે તેવું સપનેય નહીં વિચાર્યું. પણ આ મામલે યુવતીના પિતાએ પોલીસ ફરિયાદ કરી છે.

ઝારખંડની કિશોરી ત્રણવાર ઘરેથી ભાગી, અજાણ્યાએ દુષ્કર્મ આચરતા ખળભળાટ

સુરત

ઘરેથી નાસી જઈને અવળું પગલું ભરી લેતી યુવતીઓ સામે લાલબતિ ધરતો કિસ્સો સામે આવ્યો છે. ઝારખંડના બોકારો ખાતે રહેતી ૧૬ વર્ષની કિશોરી ત્રણેક વાર ઘરેથી નાસી ગઈ હતી. સિવિલ હોસ્પિટલમાં તબીબો સામે કિશોરીએ ખુલાસા કરતાં જણાવ્યું હતું કે, ઘરમાં થતાં ઝઘડાના કારણે તે કંટાળી ગઈ હતી. જેથી વર્ષ ૨૦૧૯ના ડિસેમ્બર મહિનામાં બોકારો રેલવે સ્ટેશનથી ટ્રેનમાં બેસી રાંચી જવા નીકળી હતી. જ્યાં હરી ફરીને ત્રણ ચાર દિવસ બાદ ફરી ઝારખંડ પોતાના ઘરે પહોંચી ગઈ હતી.

પહેલીવાર ભાગીને પરત આવેલી કિશોરીના ઘરમાં ફરીથી એ જ કલહનું વાતાવરણ રહેતું હતું. જેથી કંટાળેલી કિશોરી ફરીથી ઘરેથી ભાગી હતી. આ વખતે કિશોરી બંગાળ જવા માટે નીકળી હતી.જેમાં અધવચ્ચે કોઈ રેલવે સ્ટેશન ઉતરી ગઈ હતી. આ રેલવે સ્ટેશન પર બે યુવકો અજાણ્યા યુવકોએ તેઓ ભાઈ બનીને સંપર્કમાં આવ્યાં હતાં. પોતાને ભાઈ ગણાવતાં આ યુવકોએ કિશોરીને પોતાના સ્થળે લઈ જઈને દુષ્કર્મ ગુજાર્યું હતું. વળી કિશોરી આ યુવકોની ચુંગાલમાંથી છૂટીને બે દિવસે ઘરે પહોંચી હતી. ગત ૭મી ફેબ્રુઆરીના રોજ ઘરેથી ત્રીજીવાર ભાગીને નીકળેલી કિશોરી ટ્રેનમાં એક પરિવારને મળી હતી. પરિવારે કિશોરીની વાત સાંભળીને સુરતના ઉધના રેલવે સ્ટેશન પર આરપીએફને સોંપી હતી. આરપીએફ દ્વારા કિશોરીને કોઈ જ મેડિકલ ચેકઅપ કરાવ્યા વગર રાંદેરના ચિલ્ડ્રન હોમમાં મોકલી આપવામાં આવી હતી. આઠ દસ દિવસ ચિલ્ડ્રન હોમમાં રહેલી કિશોરીને તબીબી તપાસ માટે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. જ્યાં કિશોરીએ પોતાની સાથે થયેલા અત્યાચારની વાત કરી હતી.

છત્રપતિ શિવાજી મહારાજ જન્મ જયંતી નિમિત્તે ભવ્ય બાઈક રેલી

રેલીમાં મોટી સંખ્યામાં મહિલાઓ અને યુવકો જોડાયા

સુરત

શહેરના યુથ ફોર ગુજરાત પ્રેરિત જય ભગવા ગ્રુપ દ્વારા શિવાજી મહારાજની જન્મજયંતી પર સતત પાંચમાં વર્ષે બાઈક રેલીનું આયોજન કરાયું હતુ. આ પ્રસંગે ૫૦૦થી વધુ મહિલાઓ અને ૨ હજાર યુવાનો રેલીમાં જોડાયા હતાં. રેલીમાં સીએએ અને એનઆરસી ને સમર્થન આપતા બેનર પણ દર્શાવવામાં આવ્યાં હતાં.

આજ રોજ છત્રપતિ શિવાજી મહારાજની ૩૯૦મી જન્મજયંતી શહેરમાં ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે શહેરના જય ભગવા ગ્રુપ દ્વારા બાઈક રેલી અને સમારોહનું આયોજન કરાયું હતુ. સતત પાંચમાં વર્ષે શિવાજી જયંતીની ભવ્ય ઉજવણી કરવામાં આવી છે. આ માટે શોભાયાત્રાનું વિવિધ ગ્રુપ અને સંગઠનો દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું. ગ્રુપ દ્વારા શિવાજી જયંતી પર માત્ર બાઈક રેલી નહીં પણ છત્રપતિ શિવાજી મહારાજના જીવન ચરિત્રને જન જન સુધી પહોંચાડવા માટે શિવ ચરિત્ર પર આધારિત કાર્યક્રમો પણ યોજવામાં આવ્યાં.

સવારે ૧૦ કલાકે બાઈક રેલી નવસારીના સાંસદ સી.આર. પાટીલે પ્રારંભ કરાવી હતી. જે રતનચોક સાંઈબાબા મંદિરથી નીકળી અને વિવિધ વિસ્તારોમાં ફરી હતી. બાઈક રેલીમાં ૫૦૦ થી વધુ મહિલાઓ અને ૨૦૦૦ યુવાઓ જોડાયાં હતાં. શિવાજીના પહેરવેશ સાથે ઘોડા પર સવાર યુવક અને મહારાષ્ટ્રના ઢોલ વૃંદનું આકર્ષણ લોકોમાં સર્જાયું હતું. સાંજે ૭ કલાલે લિંબયાત સંજય નગર સ્થિત શિવાજી મહારાજની પ્રતિમા પાસે મહારાષ્ટ્રના વિખ્યાત શિવ શાહીર સીમાબેન પાટીલનો શિવ ચરિત્ર પર આધારિત કાર્યક્રમ રજુ કરશે.

બે બાઈક વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં ઈજાગ્રસ્ત યુવકનું ૬૦ કલાક બાદ મોત

સુરત

કડોદરા હરિપુરા નજીક બે બાઈક વચ્ચેના અકસ્માતમાં પાછળ બેસેલા યુવકનું ૬૦ કલાક બાદ મોત નિપજ્યું છે. બે બાઈકના અકસ્માતના બંને બાઈકના ચાર યુવકોને ઈજા પહોંચી હતી. જોકે, ભગીરથ ડુબે નામનો યુવક ઘરે ચાલી ગયા બાદ તબિયત લથડતા હોસ્પિટલ ખસેડાયેલા યુવકનું મોત થયું હતું. આ બાઈક અકસ્માતના સીસીટીવી પણ સામે આવ્યા છે.

મૂળ યુપીનો રહેવાસી ભગીરથ ડુબે ગત રવિવારની રાત્રે મિત્ર સાથે બાઈક પર એમ્બ્રોઈડરીના કારખાને જવા નીકળ્યો હતો. કડોદરા હરિપુરા નજીક રોંગ સાઈડ પર આવેલા બાઈક સવાર બે અજાણ્યા ઈસમોએ ભાગીરથની બાઈક સાથે અકસ્માત કરતા બન્ને બાઈકના ચારેયને ઈજા થઈ હતી. ભગીરથને મુંઢ માર વાગ્યો હતો. જેથી ઘરે ચાલી ગયો હતો. જ્યાં તબિયત લથડતા પરિવાર ભાગીરથને નજીકના દવાખાને લઈ જતા ડોક્ટરે દવા, ઈન્જેક્શન આપી ૧૨ કલાકમાં સારું થઈ જશે કહીં ઘરે રવાના કરી દીધા હતા.

ઘરે પહોંચતા જ ભાગીરથ ઓટો રિક્ષામાં જ બેભાન થઈ જતા નજીકની હોસ્પિટલ બાદ સ્મીમેર લવાયો હતો. જ્યાંથી સુરત સિવિલ રીફર કરાતા દાખલ કરી એક ઓપરેશન પણ કરાયું હતું. જેમાં ભાગીરથને માથામાં મગજના ભાગે લોહી જામી ગયું હોવાનું બહાર આવ્યું હતું. આજે સવારે ૫ વાગે ભાગીરથનું મોત થયું હતું. ભગીરથના મોતના પગલે પત્ની અને બે બાળકોએ છત્રછાયા ગુમાવી છે. જ્યારે આ અકસ્માત સીસીટીવીમાં કેદ થઈ જવા પામ્યો છે. યુવકના મોતના પગલે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

ઉધના ઝોન દ્વારા કુલ રૂા.૧૯૩.૫૩ કરોડનો વેરો વસૂલ કરવામાં આવ્યો

વેરો નહીં ભરાતા વધુ ૬૨ મિલ્કતો સીલ

સુરત

મ્યુનિ. કમિશનરના આદેશાનુસાર સુરત મહાનગરપાલિકાના સાઉથ ઝોન ઉધના આકારણી અને વસૂલાત વિભાગે વિવિધ વિસ્તારમાં સઘન વેરા વસૂલાતની ઝુંબેશ અંતર્ગત તા.૧૮-૨-૨૦૨૦ના રોજ ખટોદરા, ઉધના, પાંડેસરા, ભેસ્તાન, ઉન, બમરોલી, ગભેણી, સોનારી, ભેદવાડ વગેરે જુદા જુદા વિસ્તારોમાં કુલ ૬૨ મિલકતોને સીલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ. તેમજ પાંડેસરા શિવનગરમાં ૦૪ મિલ્કતોમાં નળ કનેકશન કાપવાની કામગીરી હાથ ધરવામાં આવેલ, જે કાર્યવાહી દરમ્યાન ૩૯ જેટલા મિલ્કતદારોએ સ્થળ પર રૂપિયા ૦૯.૯૧ લાખ તથા એડવાન્સ ચેક જમા કરાવેલ છે અને રૂપિયા ૪૪.૭૮ લાખ જેટલી વસૂલાત થયેલ ચે.

વધુમાં જમીન મિલકત વિભાગ દ્વારા ૩૯ જેટલા આવાસ સીલ કરવાની કાર્યવાહી દરમ્યાન ૩૯ જેટલા મિલકતદારોએ સ્થળ પર રૂપિયા ૩.૧૯ લાખ તથા એડવાન્સ ચેક જમા કરાવેલ છે અને રૂપિયા ૭.૨૮ લાખ જેટલી વસૂલાત થયેલ છે.

સાઉથ ઝોન ઉધનાના આકારણી અને વસૂલાત વિભાગ દ્વારા કડક કાર્યવાહી હાથ ધરતા આજદિન સુધી રૂપિયા ૧૯૨.૫૩ કરોડ વસૂલાત થયેલ છે. હજુ પણ મિલકત વેરો ભરપાઈ કરવામાં બેદરકારી દાખવનાર મિલકતદારોની મિલકતોને સીલ કરવાની તેમજ નળ કનેકશનો કાપવા જેવી કડક શિક્ષાત્મક કાર્યવાહી ચાલુ રહેલ છે. જેથી જે મિલકતોના વેરા બાકી છે તેઓને તાકીદે વેરા ભરપાઈ કરવા જણાવવામાં આવે છે.

૧.૪૧ કરોડના ગોલ્ડ પાઉડરની ચોરીમાં ભાગીદાર ૯ લોકોને પોલીસે ઝડપ્યાં



સુરત

વરાછા રોડ પર ડેઝલ જવેલર્સના કારખાનામાં ગત ૧૫મીએ ત્રાટકેલા તસ્કરો ૧.૪૧ કરોડનો સોનાના પાવડરની ચોરી કરી ફરાર થયા હતા. બન્ને ચોરો મોઢા પર રૂમાલ બાંધીને આવ્યા હતા. કારખાનાના પાછળના ભાગે બારી અને એસીના આઉટ ડોર કેબીનમાં મારેલું તાળું અને પતરૂ કોઈ સાધન વડે તોડીને કારખાનામાં પ્રવેશીને ચોરી કરી હતી. ચોરોમાં કારખાનામાં શનિવારે મળસ્કે ૧.૧૦ ઘુસ્યા અને ૨.૪૦ વાગ્યે બહાર નીકળ્યા હતા. ફિલીંગના ૭ મશીનો તેમજ પોલીશીંગના ૫ મશીનોમાંથી મળી ૪.૬૨ કિલોગ્રામ સોનાનો પાવડરની ચોરી કરી હતી. જેની કિંમત ૧,૪૧,૮૨,૪૬૭ થાય છે. આ કારખાનામાં ડાયમંડ-ગોલ્ડ બનાવવાનું કામ થાય છે. સવારે કારખાનું માલિકે ખોલ્યું ત્યારે મશીનરી વેરવિખેર હતી. જેથી તપાસ કરતા સોનાનો પાવડર ચોરી થયો હોવાથી તાત્કાલિક પોલીસને જાણ કરી હતી. જેથી વરાછા પોલીસ ત્યાં દોડી આવી હતી. વરાછા પોલીસે કારખાનામાં કામ કરતા કારીગરોની પૂછપરછ હાથ ધરી વધુ તપાસ હાથ ધરી હતા. જેમાં ક્રાઈમ બ્રાન્ચ પણ જોડાઈ હતી.

વરાછા પોલીસ સાથે તપાસમાં જોડાયેલી ક્રાઈમ બ્રાન્ચને મળેલી બાતમીના આધારે ટીમે ભાગળ ચાર રસ્તા જીવરાજ ચાની બાજુની ગલીમાં શિવમ કોમ્પ્લેક્સના બીજા માળે રહેતા અને દાગીના બનાવવાનું કામ કરતા મૂળ પશ્ચિમ બંગાળના લાલન ઈન્સાફઅલી શેખને ત્યાં દરોડો પાડી કુલ ૯ શખ્સોને ઝડપી લીધા હતા. સોનાની લંગડી ૨૭.૭૬ લાખ, રોકડ ૧.૭૪ લાખ, મોબાઈલ-૧૪ રૂ ૧.૨૭ લાખ, મોપેડ-બાઈક સહિત ૩૧.૫૨ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે.

સામાન્ય ઝઘડામાં પતિએ પત્નીનાં માથામાં લાકડાનો ફટકો મારી હત્યા કરી

સુરત

સુરત જિલ્લાના પલસાણાના તાંતીઝગડા ગામે ખેતરની બંગલીમાં રહી ખેતી કામ કરતા ખેતમજૂર દંપતી વચ્ચે સામાન્ય ઝઘડાએ વિકરાળ રૂપ ધારણ કર્યું હતું. પતિ ઉશ્કેરાઈને પત્નીને માથામાં લાકડાનો ફટકો મારી હત્યા કરી હતી. ત્યારબાદ ખેડૂતના ઘરે જઈ પત્નીનું મોત થયું છે, અંતિમક્રીયા વિધિ માટે રૂપિયાની માંગણી કરી હતી. જોકે, ખેડૂત બહાર હોવાથી બાજુમાં રહેતા યુવાનને સ્થળ પર જઈ સ્થિતિ જાણી રૂપિયા આપવાનું કહ્યું હતું. ૨ યુવાનો સ્થળ પર મહિલાના માથામાં લોહી જોતા શંકાસ્પદ લાગ્યું હતું. તાત્કાલિક પોલીસને જાણ કરી હતી.

મળતી માહિતી અનુસાર, પલસાણા તાલુકાના તાંતીઝગડા ગામે રહેતા ભીખુભાઈ મોહનભાઈ પટેલનું ગામમાં બ્લોક નંબર ૧૩૩ વાળા ખેતરની બંગલીમાં છેલ્લા ૪ વર્ષથી ખાલપભાઈ છોટુભાઈ રાઠોડ, પત્ની રેખાબેન રાઠોડ અને ત્રણ બાળકો સાથે રહી ખેતમજૂરી કામ કરે છે. ગત રોજ ખાલપભાઈ અને તેની પત્ની રેખા વચ્ચે અન્ય કોઈ કારણોસર ઝઘડો થયો હતો. જે ઝઘડામાં ખાલપભાઈએ રેખાબેનને માર માર્યો હતો. ત્યારબાદ ઉશ્કેરાઈ જઈને બાજુમાં પડેલો લાકડાના ફટકો પત્ની રેખાબેનના માથામાં મારી મોતને ઘાટ ઉતારી હતી.

પોલીસે સ્થળ પર આવી રેખાબહેનના મોત અંગે તેના ત્રણ બાળકોને પૂછતાં બાળકોએ રડતા રડતા સમગ્ર ઝઘડાની હકીકત જણાવી હતી. ખાલપભાઈએ આવેશમાં રેખાબેનને માથામાં લાકડાનો ફટકો મારી મોતના ઘાટ ઉતારી હોવાનું બહાર આવ્યું હતું. પલસાણા પોલીસે એફ.એસ.એલ.ની મદદથી ઘટના સ્થળેથી પુરાવા એકત્ર કરી અને ખાલપભાઈની ધરપકડ કરી પૂછપરછ હાથ ધરી છે.

બોર્ડ પરીક્ષા કેન્દ્રોની સુરક્ષા માટે શાંતિ-સલામતી અંગે જાહેરનામું

પરીક્ષા કેન્દ્રોની આસપાસ લાગુ કરાયેલા પ્રતિબંધક હુકમો

સુરત

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર ઘ્વારા આગામી તા.૦૫/૦૩/૨૦૨૦ થી તા.૨૦/૦૩/૨૦૨૦ દરમિયાન એસ.એસ.સી/ એચ. એસ. સી. (સા.પ્ર./ વિ.પ્ર.) ની માર્ચ-૨૦૨૦ પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. આ પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષાનું સરળ અને સુચારુ સંચાલન થાય, જાહેર પરીક્ષાની ગુણવત્તા અને વિશ્વસનીયતા જળવાઇ રહે અને પરીક્ષાર્થીઓ શાંત અને સ્વસ્થચિતે પરીક્ષા આપી શકે તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તે હેતુસર નવસારી જિલ્લા મેજીસ્ટ્રેટ આદ્રા અગ્રવાલે મળેલી સત્તાની રૂએ નવસારી જિલ્લાના પરીક્ષા કેન્દ્રોની અને બિલ્ડીગની હદથી ૨૦૦ મીટરના ઘેરાવાના વિસ્તારમાં ચાર કે તેથી વધારે વ્યકિતઓને ભેગા થવા, સભા ભરવા, સરઘસ કાઢવા, કોઇપણ વ્યકિતએ (પરીક્ષાર્થી સહિત) હથિયાર, મોબાઇલ ફોન, સ્માર્ટ વોચ, સ્માર્ટ બેન્ડ લઇ જવા ઉપર કે લાઉડ સ્પીકર વગાડવા કે અવાજ મોટો કરવાનું કોઇ યંત્ર વગાડવા ઉપર તથા પરીક્ષા કેન્દ્રોની ૨૦૦ મીટર અંદર ઝેરોક્ષ/ ફેકસ સેન્ટરો પર તા.૦૫/૦૩/ ૨૦૨૦ થી તા.૨૦/૦૩/ ૨૦૨૦ના રોજ સવારે ૭-૦૦ થી ૧૯-૦૦ કલાક દરમિયાન ચાલુ રાખવા ઉપર પ્રતિબંધ ફરમાવ્યો છે. આ હુકમનો ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર ગણાશે.

કલામહાકુંભ : લોકવાર્તા ભારત નાટ્યમ તેમજ વકતૃત્વ સ્પર્ધા

સુરત

તા.૧૫ અને ૧૬મી ફેબ્રુઆરીના રોજ પી.પી.સવાણી વિદ્યાભવન હીરાબાગ ખાતે યોજાયેલ કલામહાકુંભમાં દક્ષિણ ગુજરાતના ૯ જિલ્લાઓમાંથી અંદાજે ૮૦૦ કલાકાર ભાઈઓ તથા બહેનોએ પોતાની કલાઓનું પ્રદર્શન કર્યું હતું. જેની લોકગીત-ભજન, ચિત્રકલા, વાયોલીન, લોકનૃત્ય, એક પાત્રીય અભિનય, લોકવાર્તા, ભારતનાટ્યમ, વકતૃત્વ જેવી સ્પર્ધાઓમાં ૬ થી માંડીને ૫૯ વર્ષ સુધીના કલાકારોએ ભાગ લીધો હતો.

૬ થી ૧૪ વર્ષની શ્રેણીમાં લોકગીતમાં પ્રથમ ક્રમે સુરતની વ્યાસ આરોહી હેમાંગભાઈ, દ્વિતીય ક્રમે વલસાડની ટીશા પટેલ તથા ડાંગની ગૌરી શારદુત તૃતીય ક્રમે આવી હતી. ચિત્રકળામાં વલસાડના વિશેષ રાણા, સુરતના પ્રિન્સ પારેખ દ્વિતીય તેમજ તૃતીય ક્રમે તાપીના પ્રજાપતિ પાર્થ રહ્યા હતા. વાયોલીન વાદકમાં પ્રથમ ક્રમે નવસારીની તિથી મેહુલભાઈ પટેલે સ્થાન બનાવ્યું હતું. એકપાત્રીય અભિનયમાં પ્રથમ ક્રમે વેકરીયા તુલસી(સુરત), દ્વિતીય ક્રમે માધવી ટંડેલ(નવસારી), ધ્રુવી પટેલ(વલસાડ) તૃતીય ક્રમે આવી હતી. લોકવાર્તામાં પ્રથમ ક્રમે નવસારીના પટેલ ઓમ, દ્વિતીય ક્રમે વલસાડની પટેલ ઈશા તથા તૃતીય ક્રમે ભરૂચની અશ્વિની મોદી રહ્યા હતા. ભરતનાટ્યમમાં સુરતના બેબાળકો મૈથિલી જોશી અને માંગુકિયા રુતવી અનુક્રમે પ્રથમ અને દ્વિતીય સ્થાને રહ્યા તથા તૃતીય ક્રમે નવસારીની ભાડજા ખેવના સ્થાન પામી હતી. વકતૃત્વ સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય અનુક્રમે અમીપરા અગ્રતા(સુરત), જસનીયા નેન્સી(સુરત), અંકિતા ગાયકવાડ(વલસાડ) રહ્યા હતા.



રાંધણ ગેસ સિલિન્ડરનો ભાવ વધારો પાછો ખેંચવા નર્મદા જિલ્લા મહિલા કોંગ્રેસનું આવેદન



(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જિલ્લા મહિલા કોંગ્રેસ દ્વારા નર્મદા કલેક્ટર ને રાંધણ ગેસ સિલિન્ડર માં થયેલો ભાવ વધારો પાછો ખેંચવાની માંગ કરતું આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

નર્મદા જિલ્લા મહિલા કોંગ્રેસ સમિતિના પ્રમુખ મનીષાબેન વસાવા સાથે શહેર પ્રમુખ ફરીદાબેન શેખ,ઉપ પ્રમુખ સુમિત્રાબેન રાઉલ, દીપિકાબેન તડવી સહિતની મહિલા કોંગ્રેસની બહેનો દ્વારા આજે કલેક્ટરને અપાયેલા આ આવેદનમાં જણાવ્યા મુજબ ભાજપ સરકારે રસોઈ બનાવવા માટે મધ્યવર્ગની બહેનોને કફોડી હાલતમાં મુકી દીધા છે.અત્યાર સુધી જે સિલિન્ડરોમાં પીએમ દ્વારા સબસીડી આપવામાં આવી હતી એ સિલિન્ડરમાં સરકાર બહેનો પાસેથી હાલ ભાવ વધારા સાથે રૂા.૧,૦૦૦/- નો એક બોટલનો ભાવ ગણતા રૂા.૧૫૦/- નો ભાવ વધારો કરવામાં આવ્યો હોય ત્યારે રસોઈ બનાવતી મધ્ય-ગરીબ વર્ગની બહેનો આ વધારો ચૂકવી શકે નહી માટે ભાવ વધારો પાછો ખેંચવાની માંગ કરતું આવેદન નર્મદા જીલ્લા મહિલા કોંગ્રેસ સમિતી દ્વારા નર્મદા કલેકટરને આપવામાં આવ્યું હતું.

ફૂલપાડા તાપી નદીમાં અજાણ્યા યુવકે મોતની છલાંગ લગાવી

તાપી નદીમાંથી યુવકનો મૃતદેહ બહાર કઢાયો

સુરત

ફૂલપાડા લાલાકાકાના ઓવારા પાસે એક અજાણ્યા યુવકે તાપી નદીસમાં છલાંગ મારી આત્મહત્યા કરી લીધી હોવાનો બનાવ કતારગામ પોલીસ મથકમાં નોંધાતા પોલીસે અકસ્માત મોત નોંધી તપાસ શરૂ કરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, કતારગામ ફૂલપાડા રોડ નિર્માણ શોપિંગ સેન્ટરમાં રહેતા મહેશભાઈ કીકુભાઈ પટેલે કતારગામ પોલીસ મથકના નોંધાવેલી એક ફરિયાદમાં જણાવ્યા હતું કે, ફૂલપાડા લાલા કાકાના ઓવારે પાસેની તાપી નદીમાં ૨૫ થી ૩૦ વર્ષના અજાણ્યા યુવકે કોઈ અગમ્ય કારણોસર ભૂસ્કો મારી આત્મહત્યા કરી લીધી હતી. પોલીસે મૃતદેહ તો કબજો લઈ સિવિલ હોસ્પિટલમાં પીએમ માટે મોકલી આપ્યો હતો.

નાંદોદમાં દહેજ ભૂખ્યા સાસરિયાએ બે લાખ રૂપિયા માંગી પરિણીતાને ત્રાસ આપી કાઢી મૂકતા ૪ વિરૂદ્ધ ફરિયાદ



તારા બાપના ઘરેથી લગ્નના ખર્ચના રૂપિયા બે લાખ લઈ આવ તેમ કહી મારઝુડ કરી ત્રાસ આપી ઘરમાથી કાઢી મુકતા સાસરિયાઓ વિરૂદ્ધ મહિલા પો.સ્ટે.માં ફરિયાદ

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના ગામકુવામાં પરણાવેલી પરણીતાને દહેજ માટે ત્રાસ આપતા સાસરિયાઓ વિરૂદ્ધ મહિલા પો.સ્ટે.માં ફરિયાદ નોંધાતા પોલીસે કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગામકુવાના કાજલબેન હસમુખ ભાઈ વસાવાના લગ્ન ગામનાજ કૌશિકભાઈ અશોકભાઈ વસાવા સાથે થયા બાદ પતિ સહિતના સાસરિયાઓ વારંવાર 'તુ તારા બાપના ઘરેથી લગ્ન ખર્ચના રૂપિયા બે લાખ લઈ આવ' તેમ કહી મહેણા ટોણા મારી ગાળગાળી મારઝુડ કરી,શારિરીક, માનસીક ત્રાસ આપી તેને ઘરમાથી કાઢી મુકી મંગલસુત્ર તોડી નાખી કાજલબેન તથા સાહેદ સાવિત્રીબેન હસમુખભાઈ વસાવાને ચાર સાસરિયા માં પતિ કૌશિક અશોકભાઈ વસાવા સસરા અશોક ભાઈ ફુલસંગભાઈ વસાવા સાસુ લતાબેન અશોક ભાઈ વસાવા ત્રણેય રહે.ગામકુવા ખત્રી ફળિયુ તા.નાંદોદ જી.નર્મદા તેમજ દિવ્યાબેન(અશોકની બીજી પત્ની)રહે,જુનાકોટ, રાજપીપળા એ મળી મારામારી કરતા કાજલ બેને આ બાબતે રાજપીપળા મહિલા પો.સ્ટે.માં ચારેય વિરૂદ્ધ ફરિયાદ આપતા પોલીસે દહેજ પ્રતિ બંધક ધારા અને ત્રાસ બાબતેનો ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી કરી છે.

બ્રાન્ડેડ પેકિંગમાં નકલી તમાકુનું વેચાણ : મોટો જથ્થો જપ્ત કરાયો

ઉધના પટેલનગરના ગોડાઉનમાં દરોડા પડાયા

સુરત

ઉધના પટેલનગરમાં ડુપ્લીકેટ તમાકુના ગોડાઉન પર પોલીસે દરોડા પાડી રૂપિયા ૨,૬૨,૨૧૦ની કિંમતનો ડુપ્લીકેટ તમાકુનો જથ્થો જપ્ત કરી ડુપ્લીકેટ તમાકુનું વેચાણ કરનાર સામે ટ્રેડમાર્ક એક્ટ અન્વયે ગુનો દર્જ કર્યો હતો.

આ અંગે હિરેન મુકેશ પટેલે આરોપી કલીમ અઝીમ શેખ વિરૂદ્ધ ઉધના પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ ઉધના પટેલનગર ચંદ્રદીપ સોસાયટીમાં આરોપી ડુપ્લીકેટ તમાકુનું વેચાણ કરતો હોય, આ અંગે ફરિયાદી હિરેન પટેલે ઉધના પોલીસને જાણ કરતા પોલીસે દરોડા પાડી ડુપ્લીકેટ તમાકુના પાઉચનો જથ્થો જપ્ત કર્યો હતો. પોલીસે અંદાજીત રૂપિયા ૨,૬૨,૨૧૦ની કિંમતનો જથ્થો જપ્ત કરી ટ્રેડમાર્ક એક્ટ અન્વયે ગુનો દર્જ કરી આરોપી કલીમ અઝીમ શેખને વોન્ટેડ જાહેર કર્યા હતા.

વીર નર્મદ યુનિવર્સિટીના ગર્લ્સ વોશરૂમમાં વીડિયો ઉતારતો વિદ્યાર્થી ઝડપાયો

સુરત

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ગર્લ્સ વોશરૂમમાં ચોરી છુપીથી વિદ્યાર્થિનિનો વાંધાજનક વીડિયો ઉતારતા એક વિદ્યાર્થી ઝડપાઈ ગયો હતો. બનાવ અંગે વિદ્યાર્થિનીએ ઉમરા પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવતા પોલીસે વિદ્યાર્થીની ધરપકડ કરી છે.

ભરૂચ ખાતે રહેતી વિધી(નામ બદલ્યું છે)વીર નર્મદ યુનિવર્સિટીમાં અભ્યાસ કરે છે. લેક્ચર પુરો થતા વિધી વોશરૂમમાં ગઈ હતી. ત્યારે બાજુના બોયઝ વોશરૂમની દિવાલ પરથી કોઈ વ્યક્તિનો હાથ દેખાયો હતો. જેમાં મોબાઈલ હતો. જેથી વિધી ગભરાઈને બહાર દોડી ગઈ ફ્રેન્ડ્સ તેમજ પ્રિન્સિપાલને જાણ કરી હતી. જેથી પ્રિન્સિપાલ અને વિદ્યાર્થિનીઓ વોશરૂમ તરફ જતા હતા ત્યારે યુવક ઝડપાઈ ગયો હતો. તેની પૂછપરછ હાથ ધરતા તેણે પોતાનું નામ અનુરાગ સુશિલ શ્રીવાસ્તવ હોવાનું જણાવ્યું હતું. પ્રિન્સીપાલે તેનો મોબાઈલ કબ્જે લઈ અનુરાગને જવા દીધો હતો. જોકે, તેના મોબાઈલમાં વાંધાજનક વીડિયો હોવાની જાણ થતા વિધીએ ઉમરા પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી હતી.

ફરીયાદના આધારે પોલીસે અનુરાગને ઝડપી પાડી તેનો મોબાઈલ ફોન કબ્જે લઈ લીધો હતો. પોલીસની પૂછપરછમાં અનુરાગ સ્કેટ કોલેજમાં એન્જિનિયરીંગમાં અભ્યાસ કરતો હોવાનું અને યુનિવર્સિટીમાં મિત્રને મળવા ગયો હોવાનું જણાવ્યું હતું. પોલીસે તેના મોબાઈલની તપાસ માટે પાસવર્ડ પૂછતાં અનુરાગ સહયોગ આપતો ન હોવાથી પોલીસે એફએસએલની મદદથી ફોન અનલોક કરી તપાસ કરવાની તજવીજ હાથ ધરી હોવાનું પોલીસે જણાવ્યું હતું.

રાજપીપળાના યુવાને આડા સંબંધમાં જીવ ગુમાવ્યો : ૪ દિવસે વિકૃત હાલતમાં મૃતદેહ મળ્યો

પૂર્વ યોજિત કાવતરૂ ગોઠવી નૈનાએ સુનીલને ફોન કરી ૧૫મી એ રાત્રે શારીરિક સંબંધ બાંધવા બોલાવ્યો હતો

રાજપીપળા પો.સ્ટે.બાદ આ તપાસ LCB નર્મદાને સોપતા સી. એમ ગામીત, પો. સ. ઈ. એલ. સી. બી. તથા એલ. સી. બી. પોલીસ સ્ટાફ મારફતે સર્વેલન્સ તેમજ ટેક્નીકલ આધારે બંને શકદારોની પુછપરછ કરતાં ખુનની કબુલાત કરી ખુનનો ભેદ ઉકેલાયો હતો



(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

રાજપીપળા હીરા ફળીયાનો પરિણીત યુવાન સુનિલ ઉમંગ વસાવા ૧૫મી ફેબ્રુઆરીએ મિત્રને મળી થોડી વારમાં આવું છું એમ કહી પોતાની એક્ટિવા પર નીકળ્યો હતો.બીજે દિવસ સવાર સુધી એ ન આવતા પરિવારે રાજપીપળા પોલીસ મથકમાં ગુમ થયાની ફરિયાદ નોંધાવી હતી.જોકે ૧૯મી એ સવારે એ યુવાનનો નાંદોદ તાલુકાના વાઘેથા ગામના એક ખેતર માંથી મૃતદેહ મળી આવતા ચકચાર મચી છે.આમલેથા પોલીસે આ મામલે હત્યાનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

તપાસ દરમિયાન ૧૬ મી એ સવારે સુનિલની એક્ટિવા રાજપીપળા એસટી ડેપો પરથી મળી આવી હતી. રાજપીપળા પોલીસે શહેરના સીસીટિવી ફૂટેજ ચેક કરતા ૧૫મી ની મોડી રાત્રે અજાણ્યા યુવાન અને યુવતી રાજપીપળા એસટી ડેપો પર એક્ટિવા મુકતા જણાઈ આવ્યા હતા.પોલીસે શકના આધારે સીસીટીવી ફુટેજમાં દેખાતા વડોદરા જિલ્લાના શિનોર તાલુકાના દામાપુરા ગામના અને હાલ નાંદોદ તાલુકાના વાઘેથા ગામમાં રહેતા જયદીપસિંહ બળવંતસિંહ માંગરોલા અને ૩ મહિનાથી એની રખાત તરીકે રહેતી વાઘેથા ગામની નૈના ગોવિંદ વસાવાને ઝડપી પાડી ઉલટ તપાસ હાથ ધરી હતી.

દરમિયાન જયદીપસિંહ બળવંતસિંહ માંગરોલાએ સુનિલને જાનથી મારી નાખ્યો હોવાનું નૈનાએ પૂછપરછમાં કબુલ્યું હતું.વધુ તપાસમાં એ પણ બહાર આવ્યું હતું કે નૈના અને સુનિલ વચ્ચે આડા સબંધ હતા.પૈસા પડાવવાનો કારશો રચી જયદીપ સાથે પૂર્વ યોજિત કાવતરૂ ગોઠવી નૈનાએ સુનીલને ફોન કરી ૧૫ મી એ રાત્રે શારીરિક સંબંધ બાંધવા બોલાવ્યો હતો.અને ૧૦:૩૦ વાગ્યાની આસપાસ સુનીલ-નૈના ખેતરમા એકાંતમાં શરીર સબંધ બાંધાતા હતા એ દરમિયાન નૈનાનો રખાત જયદીપસિંહ બળવંતસિંહ માંગરોલાએ પાછળથી સુનીલને માથામાં પથ્થર મારી બેભાન કરી દોરી વડે ગળે ટૂંપો આપી મારી નાખ્યો હતો. અને એના ખિસ્સા માંથી ૬૦૦ રુપિયા કાઢી લઈ ઝાડી ઝાંખરા વાળા કોતરમાં ઊંડો ખાડો ખોડી એના મૃતદેહને દાટી દીધો હતી.એ બાદ સુનિલની એક્ટિવા બન્નેવ જણા રાજપીપળા એસટી ડેપોએ મૂકી આવ્યા હતા.સુનિલનો મોબાઈલ નદીમાં ફેંકી દીધો હતો.





પકડાયેલ આરોપીઓ

લાલદરવાજા ડોક્ટર હાઉસમાં ફર્ટીલીટી હોસ્પિટલમાં ચોરી

ડૉ. આષિત જૈનના ડોઅરમાંથી રોકડા રૂા.૧.૯૦ લાખ ચોરાયા

સુરત

લાલદરવાજા ડોક્ટર પરમ હાઉસમાં આવેલ બાવીશી ફર્ટીલીટી હોસ્પિટલમાં ચોરે ધાપ મારી રોકડા રૂપિા ૧.૯૦ લાખની ચોરી કરી નાસી ગયો હતો. ચોરીની આ ઘટના અંગે પોલીસ ફરિયાદ નોંધાતા પોલીસે તપાસ હાથ ધરી છે.

સુરત શહેરના મહિધરપુરા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ પરમ ડોક્ટર હાઉસ નવમાં માળે આવેલ બાવીશી ફર્ટીલીટી ઈન્સ્ટીટ્યુટ હોસ્પિટલમાં અજાણ્યા ચોરે ટેરેસ મારફતે પ્રવેશ કરી દરવાજાનું તાળુ તોડી સીસીટીવી કેમેરા કાઢી ફેરવી ડૉ. આષિત જૈનના કેબીનના ડ્રોઅરમાંથી રોકડા રૂપિયા ૧.૯૦ લાખ ચોરી કરી ગયો હતો. આ બનાવ અંગે કેતન અરવિંદ પટેલે મહિધરપુરા પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવી હતી. પોલીસે સીસીટીવી ફુટેજ મેળવી તપાસ હાથ ધરી છે.

સલાબતપુરા રાજા એમ્બ્રોયડરી સહિત ત્રણ વેપારીઓનું લાખોમાં ઉઠમણું

રૂા.૨૨.૮૧ લાખનો માલ ખરીદી પેમેન્ટ નહીં ચૂકવાતા પોલીસ ફરિયાદ

સુરત

સલાબતપુરા માળીની વાડીમાં આવેલ રાજા એમ્બ્રોડરી સહિતના ત્રણ વેપારી સામે રૂપિયા ૨૨.૮૧ લાખની ઠગાઈ કર્યાની ફરિયાદ સલાબતપુરા પોલીસ સ્ટેશને નોંધાઈ હતી. કાપડનો માલ વેચનાર વેપારીએ ઉઘરાણી માટે કર્મચારીને મોકલતા આરોપીઓએ જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી.

સલાબતપુરા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ ડુંભાલ સાંઈ આશિષ સોસાયટીમાં રહેતા અને અંકિત ટેક્ષટાઈલ્સ નામની રોહિત એસી માર્કેટમાં દુકાન ધરાવતા જીવનકુમાર શ્યામલ અગ્રવાલે આરોપી નાસીર રઝાક ગગન, રસીદ રઝાક ગગન (રાજા એમ્બ્રોડરી, માલીની વાડી, સલાબતપુરા) તથા ઉસ્માનગની ઉર્ફે ગની હાજીકર અગાડી વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. આરોપીઓએ ફરિયાદીનો વિશ્વાસ કેળવી રૂપિયા ૨૨,૮૧,૮૮૦ની કિંમતનો કાપડનો જત્થો ફરિયાદી વેપારી પાસેથી ખરીદ્યો હતો. આરોપીઓ પેમેન્ટ નહીં ચૂકવતા ફરિયાદીએ પોતાના કર્મચારી પવન શર્માને ઉઘરાણી માટે મોકલતાં આરોપી ઉસ્માનગનીએ હવે પછી પેમેન્ટની ઉઘરાણી કરવા આવશે તો જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. આરોપીઓએ દુકાન પણ બંધ કરી દઈ ઉઠમણું કર્યું હતું. સલાબતપુરા પોલીસે વેપારી જીવનકુમાર શ્યામલાલ અગ્રવાલની ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

ભાટીયા ટોલનાકા પરનો કોન્ટ્રાક્ટ આવતા માર્ચ મહિનામાં પૂરો થશે

ટોલનાકા સંઘર્ષ સમિતિ નિષ્ણાંતો પાસેથી માર્ગદર્શન મેળવશે

સુરત

ભાટીયા ટોલનાકા ઉપર સંપૂર્ણ ટોલ મુક્તિની માંગ સાથે આંદોલન શરૂ કરનાર ભાટીયા ટોલનાકા સંઘર્ષ સમિતિ દ્વારા આજે વડાપ્રધાન, પરિવહન મંત્રી સાંસદ સભ્યો, ટોલનાકાના અધિકારીઓને ઈ-મેઈલ દ્વારા પત્ર પાઠવી ટોલ મુક્તિ માટેની માંગણી કરવામાં આવશે.

સુરત જિલ્લા પંચાયતના સભ્ય અને સંઘર્ષ સમિતિના આગેવાન દર્શન નાયકના જણાવ્યા મુજબ ટોલનાકાની અન્યાયી નીતિની સામે શરૂ કરવામાં આવેલી લડતને પ્રચંડ લોક સમર્થન પ્રાપ્ત થઈ રહ્યું છે. આજે કેન્દ્ર સરકારને ઈ-મેઈલ કરી ભાટીયા ટોલનાકા ઉપર સ્થાનિક વાહનોને ટોલ મુક્તિ માટેની રજૂઆત કરવામાં આવશે.

વધુમાં દર્શન નાયકે જણાવ્યું હતું કે, આજેના ૫૦થી વધુ સંસ્થા, ગ્રામ પંચાયતોએ સંઘર્ષ સમિતિને સમર્થન પત્રકો આપ્યા હતા. તેમજ આવતીકાલે ભેસ્તાન કૃષ્ણ મંદિર હોલ ખાતે સંઘર્ષ સમિતિની વધુ એક બેઠક મળશે. જેમાં જન સમર્થન મેળવાશે.

દરમિયાન આગામી તા.૨૫મી માર્ચે ભાટીયા ટોલનાકાનો કોન્ટ્રાક્ટ પૂર્ણ થઈ રહ્યો છે. ત્યારે આ કોન્ટ્રાક્ટ મારફતે અત્યાર સુધી ખર્ચ કરતા અનેકગણા રૂપિયા વસૂલી લેવામાં આવ્યા છે. જે અંગે આ કોન્ટ્રાક્ટ ફરીથી રિન્યુ થાય કે કેમ ? એ અંગે નિષ્ણાંતો પાસેથી અભિપ્રાય મેળવી સંઘર્ષ સમિતિ આ મુદ્દે પણ રજૂઆત માટેનો તખ્તો ગોઠવી રહી છે.

રેલવે ફાટક પર સાકાર થનારા ઓવર બ્રીજનો ૫૦ ટકા ખર્ચ સરકાર ઉઠાવશે

રેલવે ઓવર બ્રીજમાં રેલવે વિભાગનું ૨૫ ટકા યોગદાન

સુરત

સુરત મહાનગરપાલિકા હદ વિસ્તારમાં કુલ ૨ રેલવે ઓવર બ્રીજ પૈકી એક મુંબઈ-સુરત રેલવે લાઈન પર સચીન-ભેસ્તાન વચ્ચે આવેલ લેવલ ક્રોસિંગ નં.૧૪૨ ભાણોદ્રા ફાટક પર રેલવે ઓવર બ્રીજ તથા અમરોલી-સાયણને જોડતા રસ્તા પર કોસાડ-ક્રિભકો લાઈન પર એલ.સી.નં.૦૫ પર રેલવે ઓવર બ્રીજનો સમાવેશ થાય છે. જે પૈકી એલસી નં.૫ કોસાડ-ક્રિભકો લાઈન પરના ઓવર બ્રીજની કામગીરી રાજ્ય સરકાર અને ડીએફસીસી વિભાગની કર્ચની ભાગીદારીમાં મહાનગરપાલિકાએ બાંધવાનો રહે છે અને અમદાવાદ-મુંબઈ રેલવે લાઈન ઉપર રેલવે લેવલ ક્રોસિંગ નં.૧૪૨ની કામગીરી ડીએફસીસી વિભાગ દ્વારા હાથ ધરવામાં આવેલ છે. સદર કામગીરીનાં ખર્ચનો ૫૦ ટકા ભાગ રાજ્ય સરકાર તથા બાકીના ૫૦ ટકા પૈકી ૨૫ ટકા ભાગ ડીએફસીસી અને ૨૫ ટકા ભાગ રેલવે વિભાગ દ્વારા ભોગવવામાં આવનાર છે.

સદર કામ કુલ રૂા.૩૮.૭૦ કરોડના ખર્ચે હાથ ધરવામાં આવેલ છે તથા આ કામગીરી હાલમાં સ્થળ પર ડીએફસીસી વિભાગ દ્વારા પ્રગતિ હેઠળ છે. જેમાં અંદાજે ૨૧ ટકા જેટલી કામગીરી સ્થળ પર પૂર્ણ કરવામાં આવેલ છે. હાલમાં સ્થળ પર કામગીરી પૂર ઝડપે ચાલી રહેલ છે અને આગામી વર્ષમાં શહેરને ઉધના ઝોન વિસ્તાર માટે વધુ એક રેલવે ઓવર બ્રીજ વપરાશમાં આશે.